

# બાળકોના બાપાશ્રી

અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૪૦


સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||
|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||
|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||
|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||
|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

## અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું
સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના
ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# બાળકોના બાપાશ્રી

❈ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ❈

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૪૦

: સંસ્થાપક :

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ઝેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***

પ્રત : ૧૫૦૦
૨૦૧૫, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૭૧, મહા વદ બારસ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩: ✆ 079-27682120
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# પ્રકાશકીય

પરમ આદરણીય વાત્સલ્યમૂર્તિ સદ્‌ગુરુવર્ય અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈના શુભ સંકલ્પ ને શુભાશીર્વાદથી 'બાળકોના બાપાશ્રી' શીર્ષક હેઠળ આ લઘુપુસ્તિકા તૈયાર કરી બાલવાચકો સમક્ષ મૂકતાં અમે વિશેષ આનંદની લાગણી અનુભવીએ છીએ. બાળકનું ચિત્ત સહજ સ્વાભાવિકપણે જ દર્પણ તુલ્ય નિર્મળ હોય છે. તેની સમક્ષ જેવું રજૂ કરવામાં આવે તેવું જ અંકિત થઈ જાય છે. એટલા માટે જ બાળકોનું શ્રેષ્ઠ રીતે જીવનઘડતર થાય તેવું આદર્શ સાહિત્ય તેની સામે મૂકવું જોઈએ.

મુક્તરાજ શ્રી નારાયણભાઈને બાળકો અતિ વહાલા હતા, કારણ કે તેમાં રહેલી આધ્યાત્મિક ચેતના જાગૃત થાય ને એક ઉદાહરણરૂપ અનુકરણીય ભાવિપેઢીનું નિર્માણ થાય તેવી તેમની ઝંખના હતી. તેઓશ્રી હંમેશ કહેતા, 'ઉત્કૃષ્ટ પ્રકારનું સાહિત્ય, સભાઓ, બ્રહ્મયજ્ઞો વગેરે દ્વારા બાળકોના ચિત્તમાં ઉદ્દાત ભાવનાઓ ને આદર્શ સંસ્કારોનું નિરંતર સિંચન કર્યા કરવું જોઈએ, જેથી તેઓ ઉત્તમ રીતે ચારિત્ર્ય ઘડતર કરી, પ્રભુપરાયણ નિર્મળ જીવન જીવી પ્રભુપ્રાપ્તિના શ્રેયસ્કર માર્ગે પોતાની જીવનયાત્રા સરળ રીતે કરી શકે. નાના છોડને તેની કોમળતાને કારણે જેમ વાળીએ તેમ વળી શકે, પરંતુ વૃક્ષ તેની સખ્તાઈ છોડી નરમ ન થઈ શકે ! જેમ પાકે ઘડે કાંઠા ન ચડે, તેમ યૌવન વટાવ્યા પછી પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં સુધારો લાવવો તે અતિ કઠીન બની જાય છે. માટે બાળકોનું બાલ્યાવસ્થામાં ઘડતર શરૂ કરવું જોઈએ.'

અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના અલૌકિક જીવનનો તાગ મેળવવો સરળ નથી. બાળકો માટે સીધી, સાદી ને સુગમ ભાષામાં તેમના જીવનપ્રસંગો મૂકવાનો અમારો હાર્દિક પ્રયત્ન છે જે આવકારપાત્ર નીવડે તેવી આશા છે. બાપાશ્રીના પાવનકારી જીવનપ્રસંગોરૂપ આ પુષ્પગુચ્છમાંનું દરેક પુષ્પ પોતાની સૌરભ પ્રસારી બાલવાચકને સાચા અર્થમાં પ્રેરણાદાયી બને તેવો અમારો શુભ આશય છે.

અંતમાં પરમ કૃપાળુ પરમાત્મા શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા મુક્તરાજ શ્રી નારાયણભાઈની અસીમ કૃપા આ કાર્યમાં સહભાગી થનાર દરેક ઉપર તેમ જ પ્રભુકૃપાના હકદાર એવા વહાલા વાચક બાલવૃંદ ઉપર સદાય વરસતી રહો એવી અંતરની પ્રાર્થના.

સં. ૨૦૭૧, મહા વદ બારસ
ઈ. સ. ૨૦૧૫, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

# વિષયાનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રીજીનું વરદાન | ૧ |
| ૨. | અનાદિ મુક્તરાજનું પ્રાગટ્ય | ૬ |
| ૩. | માતા સાથે વાર્તાલાપ | ૯ |
| ૪. | કુશાગ્ર બુદ્ધિ | ૧૨ |
| ૫. | અનેક સ્વરૂપે દર્શન | ૧૬ |
| ૬. | ઐશ્વર્યભર્યું આશ્ચર્ય | ૨૦ |
| ૭. | નવીન રમત | ૨૩ |
| ૮. | શીંકાની ઐશ્વર્ય લીલા | ૨૮ |
| ૯. | અનાદિમુક્તની વ્યાખ્યા અને મિત્રોને દર્શન | ૩૩ |
| ૧૦. | કંઠીનો મહિમા | ૩૮ |
| ૧૧. | નાનપણમાં મોટી સમજણ | ૪૧ |
| ૧૨. | ભવિષ્ય કથન | ૪૪ |
| ૧૩. | કાળી તલાવડીની લીલા | ૪૮ |
| ૧૪. | સાંસારિક વ્યવહાર પ્રત્યે અરુચિ | ૫૫ |
| ૧૫. | પાનબીડાની પ્રસાદી | ૫૯ |
| ૧૬. | આજ્ઞાપાલન | ૬૨ |
| ૧૭. | સેવાનું અંગ | ૬૭ |
| ૧૮. | કાર્યમાં પ્રામાણિકતા | ૭૩ |
| ૧૯. | નાની વાતમાં મોટી શીખ | ૭૮ |
| ૨૦. | અલૌકિક દર્શન | ૮૨ |
| ૨૧. | મહિમા વચન | ૮૫ |
| ૨૨. | બાળકો માટે દેહની અવગણના | ૯૦ |
| ૨૩. | સદાય બાળકોની રક્ષામાં | ૯૪ |
| ૨૪. | નાની વાતમાં ભગવાનનું ધામ | ૯૭ |

| | | |
|---|---|---|
| ૨૫. | અંકુર ફૂટતા સિંચન | ૧૦૧ |
| ૨૬. | અનાદિમુક્તને સુગમ એવી સમાધિ | ૧૦૫ |
| ૨૭. | પાણીના છાંટામાં મૂર્તિ મળી | ૧૦૯ |
| ૨૮. | મુસીબતમાં સહાય | ૧૧૩ |
| ૨૯. | માયિક વસ્તુના દૃષ્ટાંતે મૂર્તિ | ૧૧૮ |
| ૩૦. | મનોરથ પૂર્ણ કર્યો | ૧૨૨ |
| ૩૧. | ઓરતામાં ધામ | ૧૨૭ |
| ૩૨. | સર્વોત્તમ મંત્ર | ૧૩૨ |
| ૩૩. | દયાળુ સ્વભાવ | ૧૩૬ |
| ૩૪. | આગબોટ બચાવી | ૧૩૯ |
| ૩૫. | બાળપ્રેમી પર પ્રસન્નતા | ૧૪૪ |
| ૩૬. | યજ્ઞમાં ચમત્કાર | ૧૫૦ |
| ૩૭. | શાક ઔષધ બન્યું | ૧૫૫ |
| ૩૮. | તેજોમય દર્શન | ૧૬૧ |
| ૩૯. | વરસાદ અટકાવ્યો | ૧૬૬ |
| ૪૦. | ખારું પાણી મીઠું કર્યું | ૧૭૨ |
| ૪૧. | મુક્ત દ્વારા મુક્તની ઓળખ | ૧૭૫ |
| ૪૨. | અષાઢી અમાસનો જમણવાર | ૧૭૮ |
| ૪૩. | રોગને મૂર્તિમાન કાઢ્યો | ૧૮૪ |
| ૪૪. | ભક્તોની સહાયમાં | ૧૮૯ |
| ૪૫. | બાપાશ્રીની સાદગી | ૧૯૪ |
| ૪૬. | સર્વોત્તમ ઔષધ | ૧૯૮ |
| ૪૭. | ધામમાં જવાનું ઓળખપત્ર | ૨૦૨ |
| ૪૮. | ઉપદેશ વચન | ૨૦૫ |
| ૪૯. | જ્ઞાન સરળ કર્યું | ૨૧૦ |
| ૫૦. | દરેકને કલ્યાણના આશીર્વાદ | ૨૧૩ |
| ૫૧. | લીલા સમાપ્તિ | ૨૧૬ |
| ૫૨. | જીવતરનું ઘડતર | ૨૨૦ |

# ૧ શ્રીજીનું વરદાન

કચ્છમાં બળદિયા નામનું એક સુંદર ગામ.

આ ગામમાં પાંચાભાઈ અને દેવબા રહે.

તેઓ ગરીબ, પણ તેનું દુઃખ મનમાં લાવે નહિ.

મહેનત કરે, જે મળે તેમાં ભગવાનની મરજી જાણી ગુજરાન ચલાવે.

દેવબા ભગવાનના અનન્ય ભક્ત.

ભગવાનમાં અડગ શ્રદ્ધા ને દૃઢ વિશ્વાસ.

તેમને ચાર પુત્રીઓ, પણ એકેય પુત્ર નહિ.

દેવબા ભગવાનની દરરોજ પૂજા કરે ને પ્રાર્થના કરે.

'ભગવાન! તમારી દયાથી મારે ચાર પુત્રીઓ છે, પણ એકે ય પુત્ર નથી, દયા કરી પુત્રનું વરદાન આપો.'

પ્રાર્થના કરતા વર્ષો વીત્યા.

દેવબા જરા ય થાક્યાં નહિ.

ભગવાનમાંથી વિશ્વાસ પણ ડગ્યો નહિ.

રોજ નવી શ્રદ્ધા રાખી ભગવાનને પ્રાર્થના કર્યા કરે.

દેવબાને વિશ્વાસ કે, ભગવાન મારી પ્રાર્થના એક દિવસ જરૂર સાંભળશે.

દેવબા કાળી તલાવડીમાં દરરોજ નહાવા જાય.

આ તલાવડી મહારાજની પ્રસાદીની.

આજુ-બાજુ નાની-નાની ટેકરીઓ.

લીલાં છમ વૃક્ષો, વૃક્ષોમાં અનેક પક્ષીઓ રહે.

સવાર પડે ને પક્ષીઓના મીઠા કલરવથી વાતાવરણ ગુંજી ઊઠે.
દેવબા નાહીને ત્યાં જ ભગવાનનું ધ્યાન કરે.
હંમેશની જેમ દેવબા તલાવડીએ નહાવા આવ્યાં.
આજે તેમના મનમાં જુદો જ આનંદ હતો.
વાતાવરણ પણ તેમને પ્રફુલ્લિત લાગતું હતું.
દેવબાને અનેરા આનંદનું કારણ સમજાતું ન હતું.
નાહીને ધ્યાન કરવા બેઠાં.
ભગવાનનું સુંદર રૂપ અંતરમાં દેખાયું.
ત્યાં તો કાને અવાજ પડ્યો, 'બાઈ, આંખો ખોલો.'
આ અવાજ કોનો?
આંખો ખોલી જોયું તો શ્રીજીમહારાજ મંદ-મંદ હાસ્ય રેલાવતા સામે જ ઊભા હતા.
દેવબા બોલ્યાં, 'મહારાજ! તમે!'
મહારાજ કહે, 'બાઈ, અમે તમારી ભક્તિથી પ્રસન્ન થયા છીએ વરદાન માગો.'
દેવબા કહે, 'ભગવાન મને વિશ્વાસ હતો કે, તમે જરૂર દર્શન આપશો.'
મહારાજ મરક-મરક હસતા બોલ્યા, 'અમારામાં વિશ્વાસ ને દૃઢ શ્રદ્ધા રાખે તેના પર અમે પ્રસન્ન થઈએ છીએ.'
દેવબા ભગવાનનું સુંદર રૂપ જોવામાં વરદાન માગવાનું ભૂલી જ ગયાં.
મહારાજે ફરી કહ્યું, 'દેવબા, વરદાન માગો.'
દેવબા આનંદમાં આવી ગયાં.
વિચારવા લાગ્યાં, ભગવાન જેવો રૂપાળો પુત્ર મને થાય તો

કેવું સારું.
ભગવાન કહે, 'દેવબા, શું વિચારો છો? કયું વરદાન જોઈએ છે.'
દેવબા કહે, 'મહારાજ! તમારા જેવો પુત્ર ખપે.'
મહારાજ હસવા લાગ્યાં બોલ્યા, 'દેવબા! ભગવાન જેવું બીજું કોઈ હોય નહિ. અમારા જેવા અમે એક જ છીએ.'
દેવબા દિલગીર થઈ બોલ્યાં, 'પ્રભુ! તો શું મને તમારા જેવા સુંદર પુત્રનું વરદાન નહિ મળે? મારો મનોરથ પૂર્ણ નહિ થાય?'
મહારાજ હસતા-હસતા કહે, 'દેવબા મુંઝાઓ નહિ. અમારા અનાદિમુક્ત અમારા જેવા જ કહેવાય. તે તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થશે. કેટલાયને અમારા ધામમાં લઈ આવશે.'
ભગવાન અદૃશ્ય થઈ ગયા.
દેવબા આનંદિત થઈ ગયાં.
આજુ-બાજુ મહારાજને ગોતવા લાગ્યાં.
મહારાજ જડ્યા નહિ.
વિચારવા લાગ્યાં, સાચે જ ભગવાને મને વરદાન આપ્યું?
વિચારતા-વિચારતા ઝડપથી ઘરે જવા લાગ્યાં.
દેવબાને વિશ્વાસ આવે તે માટે ભગવાને રસ્તાની બંને બાજુ સંતોની પંક્તિ દેખાડી.
જેઓ આખા રસ્તે બોલ્યા કરે, 'બાઈ તમારે પુત્ર થશે, પુત્ર થશે, પુત્ર થશે.'
હવે દેવબાને વિશ્વાસ આવ્યો.
પાંચાભાઈને તેમણે વાત કરી.
પાંચાભાઈ પણ ખૂબ ખુશ થયા.

પતિ-પત્ની બંનેએ ભગવાનની ખૂબ પ્રાર્થના કરી.

---

**શબ્દનો અર્થ**

અનન્ય = અજોડ

અડગ = ડગે નહિ તેવું, અચળ

ખપે = જોઈએ

મનોરથ = ઉદ્દેશ

અનાદિમુક્ત = ભગવાનની મૂર્તિમાં રહી પુરુષોત્તમરૂપ થયેલા હોય તેઓ.

→ દેવબાએ વર્ષો સુધી ભગવાનમાં દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી ભક્તિ કરી તો ભગવાન પ્રસન્ન થયા.

→ તેવી રીતે આપણે પણ ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ તો ભગવાન જરૂરથી મનોરથ પૂર્ણ કરે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દેવબાને મનમાં કઈ ઈચ્છા રહેતી?

૨. દેવબા ભગવાનને દરરોજ શું પ્રાર્થના કરતાં?

૩. ભગવાને દેવબાને કયું વરદાન આપ્યું?

૪. દેવબાને વરદાનની પ્રતીતિ કેવી રીતે થઈ?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. દેવબા અને પાંચાભાઈ ———— ગામમાં રહેતાં હતાં.

૨. દેવબા દરરોજ ——— એ નાહવાં જતાં.

૩. દેવબા ——— રાખી પ્રાર્થના કરતાં.

**વાક્ય પૂર્ણ કરો.**

૧. અમારા અનાદિમુક્ત .................. ધામમાં લઈ આવશે.

**શબ્દો વાક્યમાં વાપરો.**

અનન્ય, અડગ, મનોરથ, શ્રદ્ધા.

●

# ૨ અનાદિ મુક્તરાજનું પ્રાગટ્ય

કારતક મહિનાની કડકડતી ઠંડી.
રાત પડે બધા પોતાના ઘરમાં ગોદડાં ઓઢી સૂઈ જાય.
પણ બળદિયા ગામ આજે જાગતું હતું.
દરેક જણ આનંદ ઉલ્લાસમાં હતા.
ચોમેર આનંદ-આનંદ હતો.
વાતાવરણ પણ આજે આનંદિત હતું.
પાંચાભાઈનું ઘર સુંદર રીતે શણગાર્યું હતું.
શું હતું? શા માટે આનંદ હતો?
આજે શ્રીજીમહારાજના વરદાન પ્રમાણે અનાદિમુક્ત પ્રગટ થવાના હતા.
સૌ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા.
રાત્રિના નવને દસ મિનિટે દેવબાને ત્યાં અનાદિ મુક્તરાજ પુત્રરૂપે પ્રગટ થયા. [સંવત ૧૯૦૧ કારતક સુદ અગિયારસ અને સોમવાર. તા. ૨૦-૧૧-૧૮૪૪]
ધન્ય આજનો દિવસ અને ધન્ય આજની ઘડી.
ચારેબાજુ આનંદ છવાઈ ગયો.
ગામના લોકોએ પાંચાભાઈને વધામણી આપી.
બાઈઓ મંગળ ગાવા લાગી.
દેવબાની ચારેય પુત્રીઓ નાના ભાઈને રમાડવા ઉત્સુક થઈ ગઈ.
અને દેવબા? દેવબાની તો વર્ષોની તપશ્ચર્યા આજે ફળી.
ભગવાનના વરદાન પ્રમાણે સુંદર, હૃષ્ટ-પુષ્ટ મુક્ત બાળકરૂપે

જન્મ્યા હતા.

દેવબાના આનંદનો પાર ન હતો.

ભગવાને દેવબાને ફરીવાર દર્શન આપ્યાં.

દેવબા ધ્યાન અવસ્થામાં જ પ્રાર્થના કરવા લાગ્યાં, 'હે મહારાજ! તમે બહુ દયાળુ છો. મારો મનોરથ પૂર્ણ કર્યો, બહુ દયા કરી.'

ભગવાન અદૃશ્ય થઈ ગયા.

દેવબાએ જાગીને પુત્ર સામું જોયું.

અરે! આ શું! પુત્રના કંઠમાં ફૂલનો હાર અને કપાળમાં ચાંદલો. દેવબાએ પાંચાભાઈને બોલાવ્યા. કહે, 'ભગવાને મને દર્શન આપ્યાં અને પુત્રને પ્રસાદીનો હાર પહેરાવી ગયા.'

પાંચાભાઈ કહે, 'આપણાં મોટા ભાગ્ય કે, ભગવાનના અનાદિમુક્ત આપણે ત્યાં પ્રગટ થયાં.'

દેવબા કહે, 'આ મુક્ત વિષે ક્યારેય મનુષ્યભાવ નહિ લાવીએ. તેઓ ભગવાનના મોકલેલા અનાદિમુક્ત છે તે વાત આપણે ક્યારેય નહિ ભૂલીએ.'

---

**શબ્દનો અર્થ**

ચોમેર = ચારે બાજુ

→ અનેક જીવોના કલ્યાણને અર્થે શ્રીજીમહારાજ પોતાના અનાદિમુક્તને પૃથ્વી પર મોકલે છે.

→ અનાદિમુક્તના આગમનની અસર લોકોની સાથે-સાથે વાતાવરણ પર પણ થાય છે.

→ અનાદિમુક્ત પ્રગટ થયા તે દિવસ મહાન કહેવાય. દર વર્ષે થતી એ દિવસની ઉજવણીમાં આપણે સૌએ આનંદ-ઉત્સાહથી સહભાગી થવું.

→ અનાદિમુક્તને વિષે ક્યારેય મનુષ્યભાવ પરઠવો નહિ.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બળદિયા ગામમાં આનંદ શા માટે હતો?

૨. અનાદિ મુક્તરાજનો જન્મ ક્યારે અને કેટલા વાગે થયો?

૩. કારતક સુદિ અગિયારસનો દિવસ કેમ ધન્ય બન્યો?

૪. મુક્તરાજનો જન્મ કઈ તારીખે અને કઈ સાલમાં થયો?

૫. દેવબાએ પાંચાભાઈને કઈ વાત ન ભૂલવાનું કહ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બળદિયા ગામ આજે———— હતું.

૨. દેવબાની વર્ષોની ———— આજે ફળી.

૩. આપણા મોટા ———— કે ભગવાનના———— આપણે ત્યાં પ્રગટ થયા.

૪. રાત્રિના ——— ને ——— મિનિટે મુક્તરાજ પ્રગટ થયા.

**વાક્ય પૂર્ણ કરો.**

૧. આ મુક્ત વિષે .............નહિ ભૂલીએ.

●

# ③ માતા સાથે વાર્તાલાપ

એક દિવસની વાત છે.
દેવબાએ પુત્રને પારણામાં પોઢાડ્યાં.
પોતે દરવાજા પાસે કામ કરતાં બેઠાં.
કામ કરતાં જાય ને પારણા સામું જોતાં જાય.
તેવામાં ઓરડામાંથી ચાર તેજસ્વી પુરુષો બહાર આવ્યા.
થોડે દૂર જઈ અદૃશ્ય થઈ ગયા.
દેવબાને મનમાં ધ્રાસકો પડ્યો.
'હું દરવાજા પાસે જ બેઠી છું, છતાં ય આ લોકો અંદર કેવી રીતે આવી ગયા? મારા પુત્રને કાંઈ થયું તો નહિ હોય ને?'
જલદી-જલદી દેવબા ઓરડામાં ગયાં.
પારણામાં જોયું તો પુત્ર સૂતા-સૂતા હસતા હતા.
દેવબા તેડીને રમાડવા લાગ્યાં.
વિચારતા રહ્યા આ કોણ હશે? ક્યાંથી આવ્યા હશે? ક્યાં અદૃશ્ય થઈ ગયા?
ત્યાં તો ! એક માસના પુત્ર બોલવા લાગ્યા, 'માતા, તમે કેમ ભૂલી જાઓ છો? હું બીજા નાના બાળક જેવો નથી. હું તો અનાદિમુક્ત છું. શ્રીજીમહારાજે મને મોકલ્યો છે. જે દેવો દર્શન કરવા આવે છે. તેને હું મહારાજના ધામમાં લઈ જઈશ. ભગવાનનો એવો સંકલ્પ છે.'
આટલું બોલી પાછા નાના બાળકની જેમ ચૂપ થઈ ગયા.
દેવબા તો પોતાના એક માસના પુત્રના મોઢેથી વાત સાંભળી દંગ

રહી ગયાં.
એમ ને એમ પુત્ર સામે જોઈ રહ્યાં.
પુત્ર પાછા ખિલખિલાટ હસવા લાગ્યા.
દેવબાને ભગવાનનું વરદાન યાદ આવી ગયું.
પુત્રને કહેવા લાગ્યાં, 'હું પણ સાવ ભુલકણી છું. ભગવાને મને કહ્યું હતું, તમારે ત્યાં મુક્ત પ્રગટ થશે, પણ તમને આવા સુંદર જોઈ રમાડવામાં બધું ભૂલી જાવ છું. હવે નહિ ભૂલું.'
પુત્રએ સામે જવાબ ન આપ્યો.
દેવબા બોલ્યાં, 'કંઈક કહો તો ખરા?'
પણ મુક્તરાજ તો બાળકની જેમ હસતા રહ્યા.
દેવબા રાજી થતાં પુત્રને રમાડવા લાગ્યાં.
રમાડતાં-રમાડતાં દેવબા પાંચાભાઈને કહે, 'આપણા પુત્રનું હવે નામ પાડીએ.'
પાંચાભાઈ કહે, 'તમે કહો તે નામ પાડીએ.'
દેવબા બોલ્યા, 'ભગવાને વરદાન આપ્યું ત્યારે કહ્યું હતું કે, 'મુક્ત અબ પ્રગટ થશે માટે 'અબજીભાઈ' નામ પાડજો.' માટે આપણે પુત્રનું અબજીભાઈ નામ પાડીએ.'
પાંચાભાઈ કહે, 'મહારાજનું આપેલું આ નામ અત્યંત સુંદર છે.'
બહેનો અબજીભાઈ-અબજીભાઈ કહી રમાડવા લાગી.
દેવબા બહેનોનો આવો પ્રેમ જોઈ રાજી-રાજી થઈ ગયાં.

---

**શબ્દનો અર્થ**

ધ્રાસકો = હૈયામાં પડતી ફાળ

અબ = હમણાં

→ મહારાજના મોકલેલ અનાદિમુક્તને આ લોકની વયમર્યાદા બંધનકારી હોતી નથી.

→ બ્રહ્માનંદ સ્વામી જ્યારે તેમની માતાના ગર્ભમાં હતા ત્યારે ગર્ભમાં રહી મહારાજના આગમનની જાણ કરી હતી.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દેવબાને શા માટે ધ્રાસકો પડ્યો?

૨. એક માસના બાળકે માતાને શું કહ્યું?

૩. મહારાજે બાળકનું શું નામ પાડ્યું હતું?

૪. અબજીભાઈના માતા-પિતાનું નામ આપો?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. હું બીજા ———— જેવો નથી. હું તો ——— છું.

૨. મુક્ત ——— પ્રગટ થશે એટલે ——— નામ પાડજો.

●

# ૪ કુશાગ્ર બુદ્ધિ

દિવસો વીત્યા.

વર્ષો પણ વીત્યાં.

ધીરે-ધીરે અબજીભાઈ મોટા થવા લાગ્યા.

દેવબા પાંચાભાઈને કહે, 'અબજીભાઈ હવે મોટા થયા છે, તેમને શાળામાં ભણવા બેસાડવાના છે.'

પાંચાભાઈ કહે, 'સારો દિવસ જોઈ હું અબજીભાઈને શાળામાં દાખલ કરી આવીશ.'

એક સારા દિવસે પાંચાભાઈ અબજીભાઈને લઈ શાળાએ ગયા.

શિક્ષક અબજીભાઈને જોઈ ઘણા ખુશ થયા.

શિક્ષક બોલ્યા, 'અબજીભાઈ, મન દઈને ભણશો તો સારા ગુણ આવશે.'

અબજીભાઈ શિક્ષકને પગે લાગ્યા, ને બોલ્યા, 'હું મન દઈને ભણીશ. તમે જેમ કહેશો તેમ કરીશ.'

શિક્ષક ઘણા જ પ્રભાવિત થયા.

શિક્ષકે જે શીખવ્યું તે અબજીભાઈ ધ્યાન દઈને ભણ્યા.

દરરોજ ભણવા જાય. શાળા છૂટે ને અબજીભાઈ સીધા ઘરે પહોંચી જાય.

પાંચાભાઈને શાળામાં ભણ્યા હોય તેની વાતો કરે, 'આજે શિક્ષકે મને કક્કો શીખવાડ્યો.'

કોઈવાર આવીને કહે, 'આજે બારખડી શીખવાડી. મને તો બધું આવડી ગયું.'

પરીક્ષામાં અબજીભાઈ પહેલે નંબરે પાસ થયા.

પાંચાભાઈ ખૂબ ખુશ થયા, પણ તેમને મનમાં દુઃખ હતું.

દેવબાને પાંચાભાઈ કહે, ‘આપણે ગરીબ છીએ. અબજીભાઈ ભણવામાં હોંશિયાર છે, પણ ફી ક્યાંથી ભરીએ! પૈસા નથી.’

અબજીભાઈએ બહાર ઊભા વાત સાંભળી.

પાંચાભાઈને કહે, ‘પિતાજી હું હવે તમને ખેતરમાં મદદ કરીશ. મને ભણતા આવડી ગયું છે. હું મારી મેળે ઘરે જ વાંચીશ ને ભણીશ.’

પોતાના ડાહ્યા અને સમજુ પુત્રના વચન સાંભળી પાંચાભાઈની આંખમાં હર્ષનાં આંસુ આવ્યા.

અબજીભાઈએ નક્કી કર્યું કે, હું મારી મેળે જ વાંચતાં લખતાં શીખી જઈશ.

મંદિરમાં જઈ વચનામૃત લઈ ધ્યાન રાખી ધીરે-ધીરે વાંચે એટલે વાંચતાં આવડી ગયું.

પછી તો મંદિરની સભામાં પોતે જ વચનામૃત વાંચે ને બધા સાંભળે. એવું સરસ વાંચતા શીખી ગયા.

ઘણીવાર અબજીભાઈ મિત્ર કરસન તથા જાદવજીને કહે, ‘ચાલો આપણે કીર્તન ગાઈએ.

કરસન કહે, ‘મને હજી બરાબર ગાતાં નથી આવડતું.

અબજીભાઈ કહે, ‘એમાં શું! ચોપડીમાં જોઈ ભગવાનને સંભારી ગાઈએ એટલે આવડી જાય.’

જાદવજી કહે, ‘તમારા જેવું અમને નથી આવડતું.’

અબજીભાઈ કહે, ‘હું તો રોજ થોડું-થોડું યાદ કરું છું, એમ કરતાં ઘણું બધું મોઢે થઈ જાય.’

જાદવજી કહે, ‘અમને એક કીર્તન સંભળાવો ને.’
અબજીભાઈ ભગવાનની મૂર્તિ સંભારી ગાવા લાગ્યા.
મીઠો અવાજ સાંભળી બધા હરિભક્તો કીર્તન સાંભળવા બેસી ગયા.
કીર્તન પૂરું થયું.
બધા કહેવા લાગ્યા, ‘અબજીભાઈ આવું સરસ ગાતા કોણે શીખવ્યું?
રોજ નવું કીર્તન ગાઓ છો. તમને કોણ શીખવાડે છે? આટલાં બધાં કીર્તન કેવી રીતે યાદ કર્યા?’
અબજીભાઈ કહે, ‘કોઈ શીખવાડતું નથી. ભગવાનને સંભારી દરરોજ મન દઈ યાદ કરું એટલે આવડી જાય. એક વાર ચોપડીમાં જોઈ ગાઉં એટલે મોઢે થઈ જાય છે. બીજી વખત જોવું પડતું નથી.’
કેવું અદ્‌ભૂત!

---

→ અબજીભાઈ અનાદિમુક્ત છે તે અહીં જણાઈ આવે છે. શાળામાં ફક્ત કક્કો બારખડી જ શીખ્યા, પણ પોતે સારામાં સારું વાંચતા લખતા જાતે શીખ્યા. કીર્તન એક વખત વાંચે એટલે આવડી જાય. આવું અનાદિમુક્તથી જ થઈ શકે.
→ અબજીભાઈએ અગિયારસો ચોસર (ચાર પદવાળા કીર્તન) મોઢે કર્યા હતા.
→ આમાં શીખવાનું એ કે શિક્ષક જે ભણાવે તે મન દઈ ભણવું. ઘરે આવી તેનું પુનરાવર્તન કરવું. ભગવાનને

સાથે રાખી પ્રયત્નો કરીએ તો શું ન થાય?

→ પિતાજીની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ રાખવો.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. અબજીભાઈએ શિક્ષકને શું કહ્યું?

૨. અબજીભાઈએ શા માટે ઘરે રહી અભ્યાસ કર્યો?

૩. શાળામાં અબજીભાઈ કેટલું શીખ્યા?

૪. અબજીભાઈએ પિતાજીને શું કહ્યું?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. હું ———— દઈને ભણીશ.

૨. શાળા છૂટે અને અબજીભાઈ સીધા ——— પહોંચી જાય.

૩. અબજીભાઈ ભણવામાં ——— છે, પણ ——— નથી.

૪. મને હજી બરાબર ——— આવડતું નથી.

૫. ——— માં જોઈ ——— ને સંભારી ગાઈએ એટલે આવડી જાય.

●

# ૫ અનેક સ્વરૂપે દર્શન

એક વખતની વાત છે.

અબજીભાઈ પિતાને કામમાં મદદ કરતા હતા.

કામ પૂરું થવા આવ્યું હતું.

આ બાજુ મિત્રો વાતો કરતા હતા.

નાથો કહે, 'આ અબજીભાઈ પકડદાવમાં કોઈનાથી ક્યારેય પકડાતા નથી.'

કુંવરજી કહે, 'તેઓ બહુ ઝડપથી દોડે છે, તેથી જ તે આપણા નેતા છે.' ધનજી કહે, 'આજે આપણે બધા ભેગા મળીને તેમને પકડી પાડીએ.'

કેસરો બોલ્યો, 'પણ અબજીભાઈ હજી સુધી આવ્યા કેમ નહિ?

ત્યાં તો અબજીભાઈ આવી પહોંચ્યા. બધા ખુશ થઈ ગયા.

ગાંગજીએ વાત શરૂ કરી, 'અબજીભાઈ તમે પકડદાવમાં ક્યારેય પકડાતા નથી તે.....'

અબજીભાઈ વચ્ચે જ બોલ્યા, 'કારણ કે હું ભગવાનને સાથે રાખીને દોડું છું અને તમે બધા એકલા દોડો છો માટે મને પકડી શકતા નથી.'

કેસરો કહે, 'આજે અમે બધાએ એવું નક્કી કર્યું છે કે, તમે એકલા દોડો અને અમે બધા તમને પકડીએ.'

અબજીભાઈ હસતા-હસતા બોલ્યા, 'સારું. ચાલો આજે એવું કરીએ.' કાનજી કહે, 'આજે જોઈએ હવે, અબજીભાઈ કેવી રીતે નથી પકડાતા.' ધનજી કહે, 'બધા ચારેબાજુ ગોળાકારમાં ફેલાઈ જાવ, એટલે અબજીભાઈ છટકી

શકશે નહિ.'

બરાબર વ્યૂહ ગોઠવાઈ ગયો.

અબજીભાઈએ 'જય સ્વામિનારાયણ' કહીને દોડવાનું શરૂ કર્યું. બધા પાછળ દોડ્યા.

ગાંગજી કહે, 'કેસરા ત્યાં ક્યાં દોડે છે? અબજીભાઈ તો મારી આગળ દોડે છે. અહીં આવ.'

કેસરો કહે, 'ના. અબજીભાઈ મારી આગળ દોડે છે. તું અહીં આવ.'

ધનજી કહે, 'તમે બધા અહીં આવો અબજીભાઈ આ રહ્યા.'

ત્યાં તો કુંવરજી બોલ્યો, 'જલદી આવો, બધા ભેગા મળી અબજીભાઈને પકડી લઈએ.'

અબજીભાઈએ જેટલા મિત્ર તેટલા પોતાના સ્વરૂપ કર્યાં હતા. દરેક જણ પોતાની આગળ દોડતા અબજીભાઈને પકડે.

કુંવરજીએ ધનજી સામે જોયું.

અબજીભાઈ ધનજીની આગળ દોડતા હતા.

જાદવજી સામે જોયું તો અબજીભાઈ તેની આગળ પણ દોડતા દેખાયા.

આવું નવીન આશ્ચર્ય જોઈ તે તો બેસી ગયો.

બધાને કહે, 'બધા બેસી જાવ. અબજીભાઈ કોઈનાથી નહિ પકડાય. હું તો ખૂબ થાકી ગયો છું.'

બધા હાંફતા-હાંફતા ઝાડ નીચે આવીને બેઠા.

બધા એક-બીજાને કહેવા લાગ્યા કે, 'અબજીભાઈ મારી આગળ દોડતા હતા. તમે આવ્યા નહિ. નહિ તો આજે પકડાઈ જાત.'

કુંવરજી કહે, 'અબજીભાઈએ તો જેટલા આપણે છીએ તેટલા સ્વરૂપો કર્યા હતા. મેં જોયું છે. અબજીભાઈ બધાના આગળ દોડતા હતા.'

બધા આશ્ચર્ય પામ્યા.

બધા કહે, 'ચાલો અબજીભાઈને જ પૂછીએ કે, તેમણે આજે આ શું નવીન આશ્ચર્ય કર્યું?'

અબજીભાઈએ બધા સ્વરૂપો પોતામાં સમાવી દીધા.

એક સ્વરૂપે થઈ મિત્રો પાસે હસતા-હસતા આવ્યા.

બધા એક સાથે પૂછવા લાગ્યા, 'અબજીભાઈ આજે આ શું નવીન આશ્ચર્ય કર્યું? અમે તો પકડી-પકડીને થાકી ગયા. તમે તો બધાની આગળ દોડતા હતા!'

અબજીભાઈ કાંઈ જાણતા ન હોય તે રીતે બોલ્યા, 'મને કાંઈ ખબર નથી. ભગવાને તમને જે દેખાડ્યું હોય તે ખરું.'

અબજીભાઈની વાત કોઈને ગળે ન ઉતરી.

બધા સમજી ગયા કે, આ આપણા જેવા સામાન્ય બાળક નથી.

---

→ અનાદિમુક્ત માટે કોઈ કાર્ય અશક્ય ન હોય.

→ અનાદિમુક્તની રમત પણ લીલા જ ગણાય.

→ અનાદિમુક્ત પોતાના દરેક ગુણનો શ્રેય ભગવાનને જ આપે છે.

→ પોતાથી થઈ શકે એવા કાર્યો કરી માતા-પિતાને તેમના કાર્યમાં મદદરૂપ થવું. દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખવા.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. અબજીભાઈ વાડીમાં શું કરતા હતા?

૨. મિત્રોએ શું નક્કી કર્યું?

૩. અબજીભાઈ શા માટે પકડાતા નહિ?

૪. અબજીભાઈએ ગાંગજીને ન પકડાવા માટે ક્યું કારણ આપ્યું?

૫. અબજીભાઈને પકડવા મિત્રોએ કઈ યુક્તિ અજમાવી?

૬. અબજીભાઈના મિત્રોના નામ આપો?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. હું ——— ને સાથે રાખીને દોડું છું.

૨. તમે ——— દોડો અને ——— તમને પકડીએ.

૩. અબજીભાઈએ ——— કહીને દોડવાનું શરૂ કર્યું.

૪. અબજીભાઈએ જેટલા આપણે છીએ તેટલા —— કર્યા હતા.

### વાક્ય પૂર્ણ કરો.

૧. મને કાંઈ............ તે ખરું.

# ૬ ઐશ્વર્યભર્યું આશ્ચર્ય

હંમેશની જેમ કુંવરજી, ગાંગજી, ધનજી વાડીએ આવ્યા.
અબજીભાઈ વાડીમાં કામ કરતા હતા.
ગાંગજી કહે, 'અબજીભાઈ ચાલો રમવા.'
અબજીભાઈ કહે, 'પિતાજીને પૂછી આવું.'
કુંવરજી કહે, 'ચાલોને એમાં શું પૂછવાનું.'
અબજીભાઈ કહે, 'બહાર જઈએ કે, રમવા જઈએ ત્યારે માતા કે પિતાની અનુમતિ લેવી જ જોઈએ. હું હમણાં જ પૂછીને આવું છું.'
બધા રાહ જોતા ઊભા રહ્યાં.
અબજીભાઈ પૂછીને આવ્યા.
કહે, 'ચાલો હવે.'
ગાંગજી કહે, 'આજે ગરમી બહુ છે, ચાલો કૂવામાં કૂદકા મારવાનું રમીએ.'
બધાએ હા પાડી.
અબજીભાઈ કહે, 'રમીએ, પણ અમથા કૂદકા નહિ મારવાના.'
બધાએ પૂછ્યું, 'તો?'
અબજીભાઈ કહે, 'એક શરત રાખવાની. દરેક જણ સ્વામિનારાયણ બોલી, તાળી પાડીને કૂદકો મારે, પણ કૂવામાં આખું શરીર ડૂબી ન જવું જોઈએ.
કમરની નીચેનો ભાગ પાણીની અંદર અને કમરથી ઉપરનો ભાગ પાણીની બહાર રહેવો જોઈએ. બોલો મંજૂર છે?'

બધાએ કહ્યું, 'તમે અમારા નેતા છો. તમે જેમ કહો તેમ. ચાલો મંજૂર છે.'

કુંવરજી સ્વામિનારાયણ બોલી તાળી પાડીને કૂધ્યો. બીચારો આખો ડૂબી ગયો.

ગાંગજી પણ ડૂબકી મારી ગયો.

ધનજીનું ખાલી માથું જ બહાર રહ્યું.

ગાંગજી કહે, 'અબજીભાઈ હવે તમારો વારો.'

ધનજી બોલ્યો, 'શરત તો મૂકી હવે કરી બતાવો.'

અબજીભાઈ પણ તાળી પાડી, જય સ્વામિનારાયણ બોલી કૂધ્યા.

બધા આશ્ચર્ય ચકિત થઈ ગયા.

કુંવરજી કહે, 'જુઓ અબજીભાઈનું શરીર!

બરાબર શરત પ્રમાણે જ છે.'

ગાંગજી બોલ્યો, 'હા! કમરથી ઉપરનો ભાગ તો ભીનો પણ નથી થયો.

બરાબર અર્ધું શરીર જ ડૂબ્યું છે.'

બધા અબજીભાઈને પૂછવા લાગ્યા, 'અબજીભાઈ તમે આવું કેવી રીતે કરી શક્યા? અમને પણ શીખવાડો ને?'

અબજીભાઈ કહે, 'મેં ભગવાનની મૂર્તિ બરાબર મનમાં ધારી, ભગવાનનું નામ લીધું ને કૂદકો માર્યો. મને લાગ્યું કે ભગવાન પણ મારી સાથે કૂદકો મારે છે, એટલે મારાથી આમ બની શક્યું.'

કુંવરજી, ધનજી ને ગાંગજી તો સાંભળી જ રહ્યા.

---

→ ભગવાન બરાબર સાથે રાખીએ તો વાત જુદી થઈ જાય છે.

→ ભગવાનને બરાબર સંભારી કાર્ય કરીએ તો અશક્ય જણાતું કાર્ય પણ શક્ય બની જાય છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. મિત્રોએ કઈ રમત રમવાનું નક્કી કર્યું?

૨. અબજીભાઈએ કઈ શરત મૂકી?

૩. શરત પ્રમાણે કોણ કરી શક્યું? શા માટે?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. અમથા ——— નહિ મારવાના.

૨. દરેક જણ ——— બોલી——— પાડી કૂદકો મારે.

૩. કુંવરજી આખો ——— ગયો.

૪. બરાબર ——— જ ડૂબ્યું છે.

●

# ૭ નવીન રમત

મંદિરમાં મંગળા આરતીની તૈયારી થઈ ગઈ.

કુંવરજી, નાથો, ધનજી વગેરે બધા વહેલા ઊઠી આવી ગયા હતા.

બધા અબજીભાઈની રાહ જુએ.

રોજ વહેલા આવે છે. આજે કેમ મોડું થયું હશે?

કુંવરજી વારંવાર દરવાજા સામે જુએ.

ત્યાં અબજીભાઈ એક વૃદ્ધનો હાથ પકડીને આવ્યા.

નાથાએ પૂછ્યું, 'આજે કેમ મોડું થયું?'

અબજીભાઈ કહે, 'આ વૃદ્ધ બાપા રસ્તામાં બરાબર ચાલી શકતા ન હતા. તેથી તેમને હાથ પકડી લઈ આવ્યો એટલે મોડું થયું.'

આરતી થઈ એટલે બધાએ આરતી કરી.

ધનજી કહે, 'અબજીભાઈ ચાલો રમવા.'

અબજીભાઈ કહે, 'આજે એક નવીન રમત રમીએ.'

બધા આનંદમાં આવી ગયા.

કહે, 'હા. ચાલો - ચાલો નવીન રમત રમીએ.'

અબજીભાઈ કહે, 'બધા નાના મોટા પથ્થર ગોતી લાવો.'

બધા દોડ્યા પથ્થર ગોતવા.

ગોતીને અબજીભાઈને આપ્યા.

પથ્થરને ઉપરા-ઉપરી ગોઠવી અબજીભાઈ બોલ્યા, 'આ મંદિર છે, તેમાં મહારાજ બિરાજે છે. કુંવરજી, તું બે પથ્થરને ભટકાડી

ઘંટની જેમ વગાડ. હું આરતી ઉતારું.'

નાથો તથા ધનજી પણ આરતી બોલ્યા.

અબજીભાઈએ બધાને પાંદડાની પ્રસાદી આપી.

અબજીભાઈએ કહ્યું, 'હવે બધા આંખ બંધ કરો.'

બધાએ તેમ કર્યું.

અબજીભાઈ કહે, 'હવે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારી ધ્યાન કરો.'

બધા તેમ કરવા લાગ્યા.

થોડીવારે નાથાએ આંખ ઉઘાડી.

ત્યાં તો કુંવરજીએ પણ ઉઘાડી.

બંનેએ ધનજીને જગાડ્યો.

નાથો કહે, 'આ વળી કઈ નવીન રમત?'

કુંવરજી કહે, 'અબજીભાઈ તો હજી પણ ઉઠ્યા નહિ.'

ધનજી કહે, 'ચાલો આપણે ઉઠાડીએ.'

કેસરો કહે, 'અબજીભાઈ ચાલો રમવા.'

હલાવ્યા તો પણ ઉઠ્યા નહિ.

બધા થોડે દૂર જઈ રમવા લાગ્યા.

કુંવરજી કહે, 'અબજીભાઈ વગર રમવાની મજા નથી આવતી, પણ તેઓ ઊંઘી ગયા લાગે છે.'

નાથો કહે, 'હા, આટલી બધી વાર કોઈ બેસી શકે ખરું? ચોક્કસ ઊંઘી ગયા લાગે છે.'

ઘણીવારે અબજીભાઈ ધ્યાનમાંથી જાગી રમવા આવ્યા.

નાથો ને કેસરો અબજીભાઈને ચીડવતા બોલ્યા, 'જો ઊંઘીને આવ્યા. કહેતા હતા નવીન રમત રમીએ. પોતે તો ઊંઘી ગયા.'

અબજીભાઈ બોલ્યા, 'હું તો ધ્યાન કરતો હતો. ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય એટલે બહુ સુખ આવે.'

જાદવજી કહે, 'તમે જુઠ્ઠું બોલો છો. તમે ઊંઘી ગયા હતા.'

અબજીભાઈ કહે, 'ઊંઘે તે મરે. હું સાચું કહું છું. સમ ખાઉં છું.'

નાથો કહે, 'ત્યારે તમે શું કરતા હતા?'

અબજીભાઈ બોલ્યા, 'તમે બધા અહીં ધૂળમાં રમો છો, પણ હું તો ભગવાન અને સંતો સાથે રમતો હતો. મહારાજને જોતો હતો.'

ધનજી કહે, 'એમ આંખ બંધ કરવાથી મહારાજ દેખાય?'

અબજીભાઈ કહે, 'હા દેખાય. મૂર્તિ સામું જોઈ અંતરમાં જોવાનો પ્રયત્ન કરીએ એટલે દેખાય. હું તો આંખ બંધ કરું છું ને તરત ભગવાન દેખાય છે.'

કેસરો કહે, 'અમે અહીં કેવું સરસ રમતા હતા.'

અબજીભાઈ કહે, 'આ બધી રમતો કરતા મને ધ્યાન કરવામાં સૌથી વધુ આનંદ આવે છે.'

કાનજી કહે, 'અબજીભાઈ તો હંમેશાં ભગવાનની જ વાતો કરે છે. તેમને ભગવાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી.'

અબજીભાઈ કહે, 'હા. મને ભગવાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી. હું તમને પણ કહું છું, ભગવાનના સુખ જેવું બીજે ક્યાંય નથી.

તેમાં સૌથી વધારે આનંદ છે.'

અબજીભાઈએ દૃઢતાપૂર્વક આવું કહ્યું તેથી પછી કોઈ તેમને ચીડવી શક્યું નહિ.

---

→ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે, વૃદ્ધ તથા રોગીની સેવા કરવી.

અબજીભાઈનો દરેકને મદદરૂપ થવાનો ગુણ અહીં જણાય છે.

→ શ્રીજીમહારાજના સુખ જેવું બીજું એકે ય નથી.

અબજીભાઈ શીખવે છે કે શ્રીહરિનું સુખ ધ્યાન કરવાથી મળે છે. તેના માટે અત્યારથી જ ધ્યાન કરવાનો અભ્યાસ પાડવો જોઈએ.

→ અનાદિમુક્ત ગમે તે રમત રમે બીજાથી તેઓ જુદા તરી આવે છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. મંદિરમાં કઈ આરતી થવાની હતી?

૨. અબજીભાઈ મંદિરમાં શા માટે મોડા આવ્યા?

૩. અબજીભાઈએ કઈ નવીન રમત રમાડી?

૪. મિત્રો અબજીભાઈને શું ચીડવતા હતા?

૫. અબજીભાઈએ તેનો શો ઉત્તર આપ્યો?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. અબજીભાઈ ——— ને લઈ મંદિરમાં આવ્યા.

૨. આજે ——— રમત રમીએ.

૩. કુંવરજી તું ——— ને ભટકાડી ——— ની જેમ વગાડ.

૪. અબજીભાઈ તો હંમેશાં ——— ની જ વાતો કરે છે.

**વાક્ય પૂર્ણ કરો.**

૧. હવે ભગવાનની............... ધ્યાન કરો.

**કોણ બોલે છે તે કહો.**

૧. અમે અહીં કેવું સરસ રમતા હતા.

૨. એમ આંખ બંધ કરવાથી મહારાજ દેખાય?

૩. ભગવાનના સુખ જેવું બીજું એકે ય નથી.

●

# ૮ શીંકાની ઐશ્વર્ય લીલા

ઉનાળાના દિવસો હતા.

અબજીભાઈ અને મિત્રો આંબલી - પીપળી રમતા હતા.

અબજીભાઈ કોઈનાથી પકડાયા નહિ.

જાદવજી કહે, ‘હવે હું નથી પકડવાનો. હું તો ખૂબ થાકી ગયો છું.’

ગાંગજી કહે, ‘હું પણ, મને તો ભૂખ પણ બહુ લાગી છે.’

કુંવરજી અને કેસરો કહે, ‘ભૂખ તો અમને પણ લાગી છે.’

ધનજી કહે, ‘શું કરીશું? ક્યાંકથી ખાવાનું લાવીએ.’

અબજીભાઈ કહે, ‘ચાલો મારા ઘરે ત્યાં જે હશે તે જમીશું.’

બધા ખુશ થઈ ગયા બોલ્યા, ‘ચાલો-ચાલો.’

કરસન કહે ‘અબજીભાઈ, ઘરે તમારા મા હશે. તેઓ કાંઈ આટલા બધાને ખાવા નહિ આપે અને વઢશે.’

અબજીભાઈ કહે, ‘મા તો બહાર ગયા છે. ઘરમાં કોઈ નથી. ચાલો બધા.’

બધા ખુશ થતા અબજીભાઈના ઘરે પહોંચ્યા.’

અબજીભાઈએ રસોડામાં જોયું, રોટલા હતા નહિ. મિત્રોને ખાવા શું આપવું?

કેસરો કહે, ‘અબજીભાઈ, શું થયું? ખાવાનું નથી?’

અબજીભાઈ કહે, ‘રોટલા તો નથી, પણ ઉપર શીંકામાં ગોળ છે તે ઉતારીએ તો બધાને ખાવા મળે.’

કુંવરજી કહે, ‘શીંકું તો ઘણું ઉપર છે. ઉતારવું કેવી રીતે?’

અબજીભાઈ કહે, 'એક ઉપાય છે.'

નાથો કહે, 'જલદી કહો મને બહુ ભૂખ લાગી છે.'

અબજીભાઈ કહે, 'બધા વાંકા વળી ગોળાકારમાં ઊભા રહી જાઓ. તેની ઉપર બીજા ઊભા રહે, તેમની ઉપર ચડીને હું શીંકું નીચે ઉતારીશ.'

બધાએ તેમ કર્યું. અબજીભાઈએ શીંકું નીચે ઉતાર્યું.

ગોળ હાથમા રાખી આંખો બંધ કરી.

કાનજી કહે, 'આ શું કરો છો? જલદી ગોળ આપોને?'

અબજીભાઈ કહે, 'ભગવાનને ગોળ ધરાવતો હતો. ભગવાનની પ્રસાદી કર્યા વગર કોઈ પણ વસ્તુ જમાય નહિ.'

અબજીભાઈએ બધાને પ્રસાદીનો ગોળ આપ્યો.

જાદવજી વારંવાર દરવાજા સામે જુએ.

કાનજી કહે, 'જાદવજી, બરાબર ધ્યાન રાખજે. કોઈ આવી ન જાય.'

ગાંગજી કહે, 'અબજીભાઈ, ખાલી ગોળ કરતા સાથે કાંઈક હોય તો મજા આવે.'

અબજીભાઈ કહે, 'બાજરો દળી કુલેર બનાવીએ.'

બધા ખુશ થઈ ગયા.

અબજીભાઈએ ઘંટીમાં બાજરો નાંખ્યો.

ધનજીએ પણ ઘંટી ફેરવવામાં મદદ કરી.

અબજીભાઈએ કુલેર બનાવી.

કરસન કહે, 'મને વધારે આપજો.'

અબજીભાઈ કહે, 'બધાને સરખે ભાગે મળશે. ઓછું વધારે આપીએ તે ભગવાનને ન ગમે.'

બધાની સાથે અબજીભાઈ પણ ભગવાનને સંભારી કુલેર જમાડવા લાગ્યા.

જાદવજી જોરથી બોલ્યો, 'બધા સંતાઈ જાવ, દેવબા આવતાં લાગે છે.'

બધા ગભરાઈ ગયા.

ક્યાં જવું કોઈને ખબર ન પડી.

આમ-તેમ દોડવા લાગ્યા.

એટલામાં દેવબા ઘરમાં પહોંચી ગયાં.

શીંકું નીચે ઉતરેલું અને બધાનાં હાથમાં ગોળ જોઈ ખૂબ ગુસ્સે થયાં.

દેવબા જેવાં છાશનું વાસણ નીચે મૂકવા ગયાં

ત્યાં ગાંગજી કહે, 'અબજીભાઈ, હું તો આ ચાલ્યો.' એમ કહી ભાગી ગયો.

તેની પાછળ બધા ભાગવા લાગ્યા.

કુંવરજી તો પડતાં-પડતાં રહી ગયો.

તેમાં નાથો જાદવજી સાથે ભટકાઈ ગયો.

બધા ભાગ્યા. કોઈ પાછળ જુએ જ નહિ.

અબજીભાઈ હસવા લાગ્યા.

અબજીભાઈને હસતા જોઈ દેવબા વધારે ગુસ્સે થયાં.

અબજીભાઈને વઢવા લાગ્યાં 'કેમ બધા મિત્રોને ઘેર લાવ્યા હતા?'

અબજીભાઈ કહે, 'અમે બધા ભૂખ્યા થયા હતા. મહારાજને પણ ભૂખ લાગી હતી.'

દેવબા કહે, 'બધો ગોળ પૂરો કરી નાંખ્યો લાગે છે. લાવ

જોવા દે.

શીંકામાં જોયું તો બધો ગોળ એમનો એમ જ હતો.

ઘંટીમાં જોવા ગયાં તો તે લોટવાળી થઈ જ ન હતી.

દેવબાને બહુ આશ્ચર્ય થયું.

તેમનો બધો ગુસ્સો ઓગળી ગયો.

અબજીભાઈ કહે, 'અમે કાંઈ બીજા બાળકો જેવા નથી કે, મસ્તી કરીએ. અમે તો ભગવાનને કુલેર જમાડતા હતા. તેમાં આટલું શું વઢવાનું?'

અબજીભાઈએ કરેલો ચમત્કાર જોઈ દેવબા સમજી ગયાં કે, મારા પુત્ર અનાદિમુક્ત છે.

---

**શબ્દનો અર્થ**

શીંકું = ખાદ્ય વસ્તુ અધ્ધર લટકાવાય તેવું ઝોળી ઘાટનું સાધન.

આમલી-પીપળી = એક રમત

કુલેર = બાજરીનો લોટ અને ગોળ ભેગા કરી બનાવાતી ખાવાની વાનગી

→ ભગવાનની પ્રસાદી કર્યા સિવાય કોઈ પણ વસ્તુ વાપરવાના ઉપયોગમાં લેવાય નહિ. પહેરવાની વસ્તુ હોય કે ખાવાની.

→ અબજીભાઈ આપણને શીખવાડે છે કે, ભગવાનને જમાડીને જમવું. દરેકનો સરખો ભાગ પાડવો. પંક્તિ ભેદ કરવો નહિ. એમ કરીએ તો જ ભગવાન રાજી થાય.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. મિત્રો કઈ રમત રમતા હતા?

૨. મિત્રો શા માટે અબજીભાઈને ઘેર ગયા?

૩. બધાએ શીંકું કેવી રીતે નીચે ઉતાર્યું?

૪. અબજીભાઈએ બધાને શું ખાવા આપ્યું?

૫. દેવબાનો ગુસ્સો શા માટે ઓગળી ગયો?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ગાંગજી કહે મને તો ——— પણ બહુ લાગી છે.

૨. અબજીભાઈ ઘરે તમારા ——— હશે. તેઓ બધાને ——— નહિ આપે.

૩. અબજીભાઈ કહે ——— તો નથી, પણ ઉપર ——— માં ગોળ છે.

૪. ભગવાનને ——— જમાડતો હતો.

### કોણ બોલે છે તે કહો.

૧. ભગવાનની પ્રસાદી કર્યા સિવાય કોઈ પણ વસ્તુ જમાય નહિ.

૨. બધો ગોળ પૂરો કરી નાંખ્યો લાગે છે.

### યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. કરીએ નથી બાળક જેવા કાંઈ મસ્તી કે અમે બીજા.

# ⑨ અનાદિમુક્તની વ્યાખ્યા અને મિત્રોને દર્શન

એક વખતની વાત છે.

અબજીભાઈએ ખેતરનું કામ પતાવી દીધું હતું.

હાથ મોઢું ધોઈ ઝાડ નીચે ધ્યાન કરવા બેઠા હતા.

બધા મિત્રો આવ્યા.

અબજીભાઈ ધ્યાનમાંથી જાગ્યા નહિ.

કુંવરજી કહે, 'અબજીભાઈ જ્યારે જોઈએ ત્યારે આંખો બંધ કરીને જ બેઠા હોય છે.'

જાદવજી કહે, 'તેઓ કહે છે કે તેઓ ધ્યાન કરે છે.'

ધનજી કહે, 'મારા બાપુજી કહે છે કે, અબજીભાઈ અનાદિમુક્ત છે. ભગવાનના વરદાનથી તેઓ પ્રગટ થયા છે.'

ગાંગજી કહે, 'હા બરાબર છે. એટલે જ તેઓ ચમત્કાર કરી શકે છે.'

નાથો કહે, 'આપણને પણ અબજીભાઈ વારંવાર ભગવાન ભજવાનું કહે છે.'

વાતો ચાલતી હતી ત્યાં અબજીભાઈ ધ્યાનમાંથી જાગ્યા.

ધનજીએ પૂછ્યું, 'અબજીભાઈ તમે ધ્યાન કરતા હતા?'

અબજીભાઈ કહે, 'હા. હું આંખો બંધ કરું ને મહારાજની મૂર્તિ તરત દેખાય છે. મને તેમાં બહુ આનંદ આવે છે.'

ગાંગજી કહે, 'આપણે બધા રમીએ તેના કરતાં પણ વધારે આનંદ આવે છે ?'

અબજીભાઈ કહે, 'જીવનમાં ધ્યાન કરવા જેવું બીજું કાંઈ સુખ આપે તેવું નથી.'

કાનજી કહે, 'આ ધનજી કહે છે, તમે અનાદિમુક્ત છો. તમને આખો દિવસ ભગવાન દેખાય છે.'

કુંવરજી કહે, 'અબજીભાઈ, અનાદિમુક્ત એટલે શું?'

અબજીભાઈ કહે, 'સદાય મૂર્તિના સુખમાં ગુલતાન રહેતા હોય તેમને અનાદિમુક્ત કહેવાય. જેમ પાણીમાં માછલી રહે છે તેમ અનાદિમુક્ત મહારાજમાં રહે છે. અનાદિમુક્ત ચમત્કાર કરતા નથી, શ્રીજીમહારાજ તેમના દ્વારા ચમત્કાર કરે છે. અનાદિમુક્ત તો મહારાજના સુખમાં જ રહે છે.

ગાંગજી કહે, 'અબજીભાઈ, સમજણ ન પડી.'

અબજીભાઈ કહે, 'જુઓ સાંભળો. પકડદાવ રમતી વખતે જેને પકડવાનો હોય તેની સામે જ નજર હોય છે, તેમ અનાદિમુક્તની નજર હંમેશાં મહારાજમાં જ હોય છે. જેમ દૂધમાં સાકર ભળી જાય છે તેમ અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે. મહારાજ તેમનાં કાર્ય કરતા હોવાથી અનાદિમુક્ત માટે કોઈ કાર્ય અશક્ય ન હોય.'

ગાંગજી કહે, 'તમે, આવા જ અનાદિમુક્ત છો ને?'

અબજીભાઈ હસવા લાગ્યા.

ધનજી કહે, 'અબજીભાઈ, તમે આવા મોટા મુક્ત છો તો, અમને ભગવાનના દર્શન નહિ કરાવો?'

અબજીભાઈ પ્રસન્ન થઈ કહે 'કરાવું. શા માટે ન કરાવું? ભગવાનની કૃપાથી તમને બધાંને દર્શન થશે. તમે બધા આંખો બંધ કરી ભગવાનની મૂર્તિ જોવાનો પ્રયત્ન કરો.'

બધા તેમ કરવા લાગ્યા.
અબજીભાઈએ ભગવાનના અંગે અંગનું સુંદર રીતે વર્ણન કરવા માંડ્યું.
દરેકને ભગવાનનાં દર્શન થવા લાગ્યાં.
બધા આનંદિત થતા દર્શન કરવા લાગ્યા.
થોડીવારે અબજીભાઈ કહે, 'સહજાનંદ સ્વામી મહારાજની જય. બધા ઊઠો.'
બધા જાગ્યા.
કાનજી કહે, 'વાહ! અબજીભાઈ તમે તો ભગવાનનાં ખૂબ જ સરસ દર્શન કરાવ્યા. મને કેમ જગાડ્યો? મને બહુ આનંદ આવતો હતો.'
ધનજી કહે, 'મને શ્રીજીમહારાજ સાથે ધર્મપિતા અને ભક્તિમાતાનાં સરસ દર્શન થયાં.'
કુંવરજી કહે, 'મને તો હરિકૃષ્ણ મહારાજના દર્શન થયાં.'
જાદવજી કહે, 'મને ઘનશ્યામ મહારાજના દર્શન થયાં.'
દરેક પોતાને જે દર્શન થયા હતા તે કહેવા લાગ્યા.
અબજીભાઈ કહે, 'મહારાજ આજે તમારા પર બહુ રાજી હતા તેથી તમને બધાને આવા સરસ દર્શન થયાં. આ વાત બધાને કરવાની નહિ. આ વાત તો ધ્યાનની કહેવાય.'
બધા મિત્રો આનંદ પામતા ઘરે ગયા.

---

**શબ્દનો અર્થ**

ગુલતાન = મશગૂલ
ધ્યાન = મહારાજની મૂર્તિ હૃદયમાં ધારવી.

લીન = પરોવાઈ જવું.

→ અબજીભાઈએ પોતે જ અહીં અનાદિમુક્તની સ્થિતિ સમજાવી છે.

→ અનાદિમુક્તનું સામર્થ્ય અનેકગણું હોય છે. શ્રીજીમહારાજ તેમનું બધું કાર્ય કરે છે.

→ અનાદિમુક્તની વાણીમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાં.

→ અનાદિમુક્ત દયા કરે તો દુર્લભ એવા ભગવાનનાં દર્શન સુલભ થઈ જાય છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. અબજીભાઈ ઝાડ નીચે શું કરતા હતા?

૨. જીવનમાં શું સૌથી વધુ સુખદાયી છે?

૩. અબજીભાઈએ વર્ણવેલી અનાદિમુક્તની વિશેષતા લખો?

૪. ધનજીએ અબજીભાઈને કઈ વિનંતી કરી?

૫. મિત્રોને ધ્યાનમાં શું દેખાયું?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. અબજીભાઈ જ્યારે જોઈએ ત્યારે ——— બંધ કરીને જ બેઠા હોય છે.

૨. અબજીભાઈ ——— છે ભગવાનના ——— થી પ્રગટ થયા છે.

૩. સદાય ——— ના સુખમાં ગુલતાન રહેતા હોય તેને ——— - કહેવાય.

### કોણ બોલે છે તે કહો.

૧. તમે આવા જ અનાદિમુક્ત છો ને?

૨. અબજીભાઈ તમે આવા મોટા મુક્ત છો તો અમને ભગવાનનાં દર્શન નહિ કરાવો?

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. કહેવાય ગુલતાન રહેતા અનાદિમુક્ત તેને હોય સુખમાં સદાય મૂર્તિના.

# ૧૦ કંઠીનો મહિમા

દેવબાને પોતાના પુત્ર અબજીભાઈ બહુ વહાલા.
તેમને જાત-જાતના લાડ લડાવે.
એક વખત પુત્રને ગળામાં હાંસડી પહેરાવવાનું મન દેવબાને થયું.
અબજીભાઈને ઘરમાં બોલાવી ગળામાં હાંસડી પહેરાવી.
અબજીભાઈ કહે, ‘મા, આ શું છે?’
દેવબા કહે, ‘હાંસડી છે તે ગળામાં પહેરાય. બધા પહેરે છે તમે પણ પહેરો.’
અબજીભાઈને ગમ્યું નહિ. તેમને ગમે-તેમ હાંસડી કાઢી નાંખવી હતી.
દેવબાને કહે, ‘આ કેમ ડોકમાં ઘાલી છે?’
દેવબા કહે, ‘તે ઘરેણું છે. તમને સરસ લાગે છે. પહેરી રાખો.’
અબજીભાઈ કહે, ‘મા! આ પહેરીએ તો શું થાય?’
દેવબા કશો ઉત્તર આપી શક્યાં નહિ.
અબજીભાઈ કહે, ‘મને આનો ભાર લાગે છે. આ તો ગળા-બંધણું છે.’
દેવબા કહે બધા તો પહેરે છે.’
અબજીભાઈ કહે, ‘ભલે પહેરે. ડોકમાં તો કંઠી ખપે. હાંસડી તો ગળે ફાંસડી જેવી છે. કંઠી ન પહેરી હોય તો કોઈને કેમ ખબર પડે કે, આ સત્સંગી છે?’
દેવબા સાંભળતા રહ્યાં.

અબજીભાઈ કહેતા રહ્યા, ‘કંઠી પહેરી હોય તો સત્સંગી કહેવાઈએ. ભગવાન રાજી થાય. અને હાંસડીથી શું થાય? તે તો બધાને સારું લગાડવા માટે છે, પણ ભગવાન તો ગળામાં ફક્ત કંઠી પહેરી હોય તેમાં જ રાજી થાય.’

દેવબા કહે, ‘બેટા! તમારી વાત સાચી છે. બધા પહેરતા હતા તેથી મેં તમને પહેરાવી.’

અબજીભાઈ કહે, ‘સત્સંગીને કંઠી તે જ સાચું ઘરેણું છે.’

દેવબા પુત્રની વાતો સાંભળી ખૂબ ખુશ થયાં.

તેમને પુત્ર પર ગૌરવ થયું કે, પુત્ર આવી સાચી સમજણ ધરાવે છે.

---

**શબ્દનો અર્થ**

હાંસડી = ગળામાં પહેરવાનું સોના ચાંદીનું ઘરેણું

ઘાલી = નાંખી

ઘરેણું = આભૂષણ

ડોક = ગળું

ખપે = જોઈએ

→ કંઠમાં તુલસીની બેવડી માળા એ સત્સંગીની નિશાની છે.

→ સત્સંગીનું સાચું ઘરેણું કંઠી છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દેવબાએ પુત્રને ગળામાં શું પહેરાવ્યું?

૨. અબજીભાઈને તે કેવું લાગતું હતું?

૩. અબજીભાઈ કંઠીને શું કહે છે?
૪. કંઠી પહેરી હોય તે કેવો કહેવાય?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. માતાએ અબજીભાઈને ગળામાં —— પહેરાવી.
૨. હાંસડી ગળે ——— જેવી છે.
૩. ગળામાં તો ——— ખપે.
૪. ——— હોય તો ——— રાજી થાય.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. સત્સંગીને ઘરેણું છે સાચું એ જ કંઠી.
૨. ફાંસડી હાંસડી ગળે તો છે જેવી.

●

# (૧૧) નાનપણમાં મોટી સમજણ

દિવાળીનું પર્વ આવ્યું.
બધા નવાં કપડાં પહેરી ફરવા નીકળ્યા.
દેવબા ઉદાસ થઈ ઘરમાં બેઠાં હતાં.
અબજીભાઈ રમતા-રમતા ત્યાં આવ્યા.
દેવબાને પૂછ્યું, 'મા, કેમ ઉદાસ દેખાઓ છો?'
દેવબા કહે, 'આજે બધા નવાં કપડાં પહેરી મંદિરે જાય છે, પણ તમારી પાસે નવાં કપડાં નથી.'
અબજીભાઈ કહે, 'મારા કપડાં ધોયેલાં અને સ્વચ્છ છે. મારે નવાં કપડાં નથી જોઈતાં.'
પાંચાભાઈ કહે, 'બેટા! તમે સમજુ અને ડાહ્યા છો તેથી માંગતા નથી. મારી પાસે પૈસા હોત તો, હું તમને જરૂરથી નવાં કપડાં ને મીઠાઈ લાવી આપત.'
અબજીભાઈ માતા-પિતાને કહેવા લાગ્યા, 'પૈસાથી જ સુખ નથી મળતું. મોટા રાજાને ત્યાં કેટલા બધા પૈસા હોય છે, છતાં બધા રાજા ક્યાં સુખી હોય છે? સાદગીમાં જ સુખ છે.'
અબજીભાઈ દેવબાને કહેવા લાગ્યા, 'માતા, તમે ચિંતા ન કરો ઉપરના કપડાંથી માણસ સુંદર નથી બની જતો. તે અંદરથી સ્વચ્છ હોવો જોઈએ. તો જ ભગવાન રાજી થાય. ઉપરની ટાપ-ટીપથી કોઈ સારું નથી બની જતું.'
દેવબાને હર્ષના આંસુ આવી ગયાં.
અબજીભાઈએ માતાના આંસુ લૂછ્યા અને કહેવા લાગ્યા, 'મા,

ઘરમાં કાંઈ ન હોય એટલે ભગવાન ભજવામાં કાંઈ આડું આવે નહિ. આથી ભજન-ભક્તિમાં બહુ સુખ આવે.'

પાંચાભાઈ અને દેવબાને અબજીભાઈના વચનોથી શાંતિ થઈ. અબજીભાઈ રોજના સ્વચ્છ અને ધોયેલાં કપડાં પહેરી મિત્રો સાથે મંદિરે ચાલ્યા ગયા.

માતા-પિતા પણ આવા સમજુ અને સંસ્કારી પુત્ર પ્રાપ્ત થવાથી ગર્વ અનુભવવા લાગ્યાં.

---

→ જીવનમાં ખરું સુખ પૈસાથી નથી પ્રાપ્ત થતું.

→ અબજીભાઈ શીખવે છે કે માતા-પિતા પાસે સગવડ ન હોય તો જીદ કરી વસ્તુ માંગવી નહિ.

→ જો મન સ્વચ્છ ન હોય તો ઉપરની ટાપ-ટીપથી માણસ સારો બની જતો નથી. જીવનમાં જેટલી વસ્તુ ઓછી હોય તેટલી ભગવાન ભજવામાં સુગમતા રહે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. દેવબા શા માટે ઉદાસ હતાં?

૨. અબજીભાઈએ દેવબાને શું કહ્યું?

૩. સાચું સુખ શેમાં છે?

૪. દેવબા અને પાંચાભાઈને શાંતિ કેવી રીતે થઈ?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. કેમ ——— દેખાવો છો?

૨. બેટા તમે —— અને ——— છો તેથી માંગતા નથી.

૩. ઉપરની ——— થી માણસ ——— નથી લાગતો.
૪. અંદરથી ——— હોય તો ——— રાજી થાય.

●

# ⑫ ભવિષ્યકથન

પ્રભાતનો સમય હતો.

અબજીભાઈ પિતા પાંચાભાઈ સાથે પૂજામાં બેઠા હતા.

કેસરો દોડતો-દોડતો આવ્યો.

પૂજા પતાવી અબજીભાઈએ પૂછ્યું, 'કેમ દોડતો-દોડતો આવ્યો?'

કેસરો કહે, 'મંદિરમાં મોટા સંત ભૂજથી આવ્યા છે. તેમનું નામ અચ્યુતદાસજી સ્વામી છે.'

પાંચાભાઈ નામ સાંભળી ખુશ થઈ ગયા.

અબજીભાઈને કહે, 'બેટા! આપણે બંને સાથે તેમની પાસે જઈશું.  તેઓ બહુ મોટા સંત છે.'

અબજીભાઈ કેસરાને કહે, 'તુ જા હું પિતાજી સાથે આવું છું.'

પાંચાભાઈ કહે, 'અબજીભાઈ, તમારા વર્તમાન તેમની પાસે ધરાવી લઈએ.'

અબજીભાઈ દેવબાને પૂછવા લાગ્યા, 'મા, વર્તમાન ધરાવવા એટલે શું?'

દેવબા કહે, 'મોટા મુક્ત પાસે કંઠી પહેરવી તે, કંઠી પહેરાવી તેઓ નિયમ આપે તેનું જિંદગીભર પાલન કરવાનું. તેને વર્તમાન ધરાવવા કહેવાય.' અબજીભાઈ રાજી થયા.

દેવબા પાંચાભાઈને કહે, 'સાકરનો પડો હું આપું છું. તમે બજારમાંથી શ્રીફળ લેતા જજો.'

પાંચાભાઈ કહે, 'ભલે.'

અબજીભાઈને ધોયેલા વસ્ત્રો પહેરાવી પાંચાભાઈ તેમને મંદિરે લઈ ગયા.

અબજીભાઈએ સાકરનો પડો અને શ્રીફળ સ્વામી અચ્યુતદાસજીના ચરણોમાં મૂક્યા અને પગે લાગ્યા.

પાંચાભાઈ કહે, 'સ્વામી! આ મારા પુત્ર છે. તેમને વર્તમાન ધરાવો.'

અચ્યુતદાસજી સ્વામી તો મહાન સંત.

તેઓ તો બધું જાણે.

અબજીભાઈને જોતા જ તેઓને ખબર પડી ગઈ કે, આ તો ભગવાનના અનાદિમુક્ત છે. અને ભગવાનના મોકલ્યા અહીં આવ્યા છે.

અબજીભાઈ સ્વામીની બાજુમાં બેસી ગયા.

સ્વામી અબજીભાઈને જોઈ ખૂબ રાજી થયા.

પાંચાભાઈને કહેવા લાગ્યા, 'પાંચાભાઈ, તમે બહુ ભાગ્યશાળી છો. તમારા પુત્ર બહુ મહાન છે. ભગવાનના મોટા મુક્ત છે.'

પાંચાભાઈ કહે, 'હા સ્વામી, તેઓ આખો દિવસ ભગવાનનું ભજન કરે છે. ભગવાન તેમને દર્શન આપે છે.'

સ્વામી કહે, 'પાંચાભાઈ, તમને અત્યારે આમની ખબર નહિ પડે. હું તમને એક ખાનગી વાત કહું છું. તેઓ મોટા થશે ત્યારે તેમનું સામર્થ્ય પ્રગટ થશે. કેટલાય લોકો દૂર-દૂરથી તેમના દર્શન કરવા આવશે.'

પાંચાભાઈ કહે, 'સ્વામી, ખરેખર એવું થશે?'

સ્વામી કહે, 'હા. અબજીભાઈ અનેકના કલ્યાણ કરશે અને કેટલાય જીવને અક્ષરધામમાં લઈ જશે. અત્યારે તેઓ પોતાનું

સામર્થ્ય ઢાંકીને વર્તે છે એટલે ખબર પડતી નથી. તેમની તો આગળ જતાં ખબર પડશે.'

પાંચાભાઈ રાજી થઈ સ્વામીને પગે લાગ્યા.

સ્વામી કહે, 'પાંચાભાઈ, તમારા ધન્યભાગ્ય કે, આવા મુક્ત તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થયા. તેમને તમારા પુત્ર ક્યારેય ન માનશો. તેઓ તો અનાદિમુક્ત છે.'

પાંચાભાઈ કહે, 'સ્વામી, હું યાદ રાખીશ. અમને પણ ક્યારેક તેઓ પોતાનું સામર્થ્ય બતાવે છે ખરા.'

અબજીભાઈ ચૂપચાપ આંખો બંધ કરી બેઠા હતા.

સ્વામીએ તેમને કંઠી પહેરાવી અને ભગવાનની પ્રસાદીનો ફૂલનો હાર પણ અબજીભાઈને પહેરાવ્યો.

અબજીભાઈ સ્વામીને પગે લાગ્યા.

સ્વામીએ આશીર્વાદ આપ્યા અને કહ્યું, 'ભગવાને તમને જે કામ માટે મોકલ્યા છે તે કામ બરાબર કરજો.'

અબજીભાઈ હસવા લાગ્યા.

પાંચાભાઈ સ્વામીની વાતો સાંભળી રાજી-રાજી થઈ ગયા. સ્વામીને પગે લાગ્યા.

સ્વામીએ આશીર્વાદ આપ્યા.

પાંચાભાઈ હરખાતા - હરખાતા ઘરે ગયા.

દેવબાને વાત કરી.

દેવબા પણ ખૂબ રાજી થયા.

---

**શબ્દનો અર્થ.**

સામર્થ્ય = શક્તિ

હરખાવું = આનંદ પામવું

→ મુક્તનો મહિમા મુક્ત જ જાણે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. સંત ક્યાંથી આવ્યા હતા? તેમનું નામ શું હતું?

૨. વર્તમાન ધરાવવા એટલે શું?

૩. અબજીભાઈને જોતા જ સ્વામીને શું ખબર પડી?

૪. સ્વામીએ અબજીભાઈને શું કહ્યું?

**નીચેની ખાલી જગા પૂરો.**

૧. અબજીભાઈ પિતા સાથે ——— માં બેઠા હતા.

૨. હું તમને એક ——— વાત કહું છું.

૩. અબજીભાઈ તો અનેકનો ——— કરશે. કેટલાય જીવને ——— માં લઈ જશે.

૪. તેમને તમારા ——— ક્યારેય ન માનશો. તેઓ તો ——— છે.

**નીચેના શબ્દો વાક્યમાં વાપરો.**

ભાગ્યશાળી, સામર્થ્ય, ધન્યભાગ્ય.

●

# ૧૩ કાળી તલાવડીની લીલા

બધા મિત્રો ઝાડ નીચે બેઠા હતા.
કુંવરજી કહે, 'ગરમીમાં રમવાની મજા નથી આવતી.'
ગાંગજી કહે, 'છાયડામાં રમીએ.'
કેસરો કહે, 'બેઠા-બેઠા શું રમાય?'
ધનજી કહે, 'બેઠા-બેઠા તો અબજીભાઈ રમે. ધ્યાન કરે.
વશરામ કહે, 'ચાલો  તલાવડીએ જઈએ.'
અબજીભાઈ કહે, 'તલાવડીમાં તરવાનું રમીએ એટલે કોઈને ગરમી ન લાગે.'
જાદવજી કહે, 'હા, ચાલો. મજા આવશે.'
બધા તલાવડીએ પહોંચ્યા.
થોડીવાર બધા તલાવડીમાં નાહ્યા.
કેસરો કહે, 'ચાલો ડૂબકી મારવાનું રમીએ.'
અબજીભાઈ કહે, 'કોણ સૌથી વધારે સમય પાણીમાં રહી શકે છે તે જોઈએ.'
વશરામ કહે, 'અરે વાહ! બહુ મજા આવશે.'
ધનજી કહે, 'અબજીભાઈ! આ રમતમાં તો હું જીતી જઈશ. મને ડૂબકી મારતાં સરસ આવડે છે.'
કેસરો બોલ્યો, 'હું તારા કરતા વધારે વખત પાણીની અંદર રહી બતાવીશ.'
ગાંગજી કહે, 'પાણીમાં તો મારું રાજ છે. સૌથી હોંશિયાર હું છું. આ રમત તો હું જીતી જઈશ.'
કુંવરજી કહે, 'મારાથી તો પાણીમાં બહુ વાર શ્વાસ રોકી શકાતો

નથી. હું જોઈશ કોણ પહેલા પાણીની બહાર આવે છે.'

જાદવજી કહે, 'અબજીભાઈ, કેમ કાંઈ કહેતા નથી?'

અબજીભાઈ કહે, 'તમે બધા કહો છો કે તમે સૌ હોંશિયાર છો. પછી હું શું કહું? જોઈએ શું થાય છે?'

બધાએ ડૂબકી મારી.

અબજીભાઈએ પણ સ્વામિનારાયણ ભગવાનની જય બોલી ડૂબકી મારી.

જરાક વારમાં કુંવરજી બહાર આવ્યો. કોણ પહેલા બહાર નીકળે છે તે જોવા લાગ્યો.

થોડીવારે વશરામ બહાર આવ્યો.

કુંવરજી કહે, 'અરે! આટલીવારમાં બહાર આવી ગયો?'

વશરામ કહે, 'મને તો અંદર ગૂંગળામણ થતી હતી. એટલે હું બહાર આવતો રહ્યો.'

કુંવરજી કહે, 'જોઈએ હવે કોણ બહાર આવે છે.'

ત્યાં કેસરો ઓ! ઓ! કરતો બહાર આવ્યો.

ઉપર આવીને કહે, 'હા.... શ! જો વધારે પાણીમાં રહ્યો હોત તો બેભાન થઈ જાત.'

વશરામ અને કુંવરજી હસવા લાગ્યા કહે, 'કેમ? તું તો ધનજીથી પણ વધારે પાણીની અંદર રહેવાનો હતો ને?'

કેસરો કહે, 'તમે બંને વાતો કરતા હતા એટલે મને એમ કે બધા બહાર આવી ગયા તેથી હું પણ બહાર આવી ગયો.'

વશરામ કહે, 'બડાઈ મારવાનું રહેવા દે. બહાર ન આવ્યો હોત તો બેભાન થઈ જાત.'

ત્યાં ગાંગજી બહાર આવ્યો.

બધા હસવા લાગ્યા કહે, 'કે.... મ! પાણીના રાજા, હજી ધનજી અને અબજીભાઈ પાણીની અંદર જ છે. તમે કેમ બહાર આવી ગયા?'

ગાંગજી કાંઈ બોલ્યો નહિ. મોઢું નીચું કરી ખૂણામાં બેસી ગયો. હવે ધનજી બહાર આવ્યો.

બધાને વાતો કરતા જોઈ કહેવા લાગ્યો, 'જોયું, મેં કહ્યું હતું ને, હું સૌથી વધારે સમય પાણીની અંદર રહી બતાવીશ. બધા બહાર છે હું સૌથી છેલ્લો આવ્યો છું.'

બધા એકી અવાજે બોલ્યા, 'ના. તું છેલ્લો નથી. હજી અબજીભાઈ બાકી છે. તેઓ હજી પાણીની અંદર જ છે.'

ધનજી શરમાઈ ગયો. કાંઈ બોલ્યો નહિ.

બધા અબજીભાઈની રાહ જોવા લાગ્યા.

કુંવરજી કહે, 'તમે બધા પોત-પોતાના વખાણ કરતા હતા. અબજીભાઈ કાંઈ બોલ્યા નહિ, તો પણ તેઓ હજી સુધી બહાર આવ્યા નથી.

ગાંગજી કહે, 'જાદવજી તે તો કપડાં પણ પહેરી લીધાં?'

જાદવજી કહે, 'ના. હું તો પાણીમાં કૂદ્યો જ ન હતો. મને ડૂબકી મારતાં નથી આવડતું.'

બધા હસવા લાગ્યા.

થોડો વધારે સમય થયો. અબજીભાઈ બહાર ન આવ્યા.

ગાંગજી કહે, 'ઘણીવાર થઈ અબજીભાઈ હજી બહાર ન આવ્યા?'

ધનજીએ બૂમ મારી, 'અબજીભાઈ બહાર આવો. તમે જીતી ગયા છો. બધા પાણીની બહાર આવી ગયા છે.'

કાંઈ જવાબ ન મળ્યો.

પાછા બધા રાહ જોવા લાગ્યા.

કુંવરજી કહે, 'હવે તો ઘણીવાર થઈ. અબજીભાઈ હજી કેમ બહાર ન આવ્યા?'

ગાંગજી કહે, 'મને ચિંતા થાય છે.'

ધનજી કહે, 'ચાલો બધા એક સાથે બૂમ મારીએ.'

બધાએ એક સાથે બૂમ મારી, પણ અબજીભાઈ બહાર ન આવ્યા.

જાદવજી કહે, 'મને તો બીક લાગે છે. ડૂબી નહિ ગયા હોય ને?'

બધા ગભરાયા.

કેસરો કહે, 'હું ડૂબકી મારી જોઈ આવું છું.'

કેસરો જોઈ આવ્યો.

બધાએ તેની સામે જોયું.

કેસરો કહે, 'અબજીભાઈ મને દેખાયા નહિ.'

વશરામ કહે, 'બહાર નીકળી ક્યાંક સંતાઈને બેસી નથી ગયા ને?'

બધા શોધવા લાગ્યા.

અબજીભાઈ મળ્યા નહિ.

ધનજી કહે, 'બધા એક વખત ડૂબકી મારી જોઈ આવીએ.'

બધા ડૂબકી મારી જોઈ આવ્યા, પણ અબજીભાઈ મળ્યા નહિ.

હવે બધા ખૂબ ગભરાયા.

ગાંગજી કહે, 'હવે શું કરીશું? ઘરે જઈને તેમના માતા-પિતાને શું કહીશું?'

બધા ચિંતા કરવા લાગ્યા.
જાદવજી અને વશરામ રડવા જેવા થઈ ગયા.
કેસરો કહે, 'બધા ભગવાનને પ્રાર્થના કરીએ.'
બધા પ્રાર્થના કરવા લાગ્યા, 'હે મહારાજ! હે દયાળુ! અબજીભાઈને પાણીમાંથી બહાર લાવો.'
બધા ખૂબ પ્રાર્થના કરવા લાગ્યા.
પ્રાર્થના કરતા બધા રડવા જેવા થઈ ગયા.
એટલામાં.....
અબજીભાઈ હે મહારાજ! હે દયાળુ કહેતા પાણીની બહાર આવ્યા.
બધા એક સાથે બોલી ઉઠ્યા, 'હેં....! અબજીભાઈ બહાર આવી ગયા.'
કેસરો અબજીભાઈને વળગી પડ્યો. તેની આંખમાં આંસુ આવી ગયા.
ધનજી કહે, 'અબજીભાઈ ક્યાં હતા? અમે તમને કેટલું શોધ્યા?'
ગાંગજી કહે, 'તમે તો દેખાયા જ નહિ. અમે બધા ગભરાઈ ગયા હતા.
જાદવજી કહે, 'અમને તો એમ થયું કે તમે ડૂબી ગયા.'
અબજીભાઈ કહે, 'તમે બધાએ પોતાના વખાણ કરતા ડૂબકી મારી અને મેં મહારાજને સંભારી ડૂબકી મારી. મને મહારાજનાં દર્શન થયાં. હું મહારાજ સાથે ગઢડા, છપૈયા, વડતાલ વગેરે ધામોમાં જઈ દર્શન કરી આવ્યો.'
કુંવરજી કહે, 'એ કેવી રીતે બને? તમે તો પાણીમાં હતા.'

અબજીભાઈ કહે, 'ભગવાન કરે એટલે બધું થાય. તમે ન માનો, પણ હું તો દર્શન કરીને આવ્યો.'
ધીરે ધીરે બધાને ખબર પડી ગઈ હતી કે અબજીભાઈ ભગવાનના મોટા મુક્ત છે. આથી બધાએ તેમની વાત સાચી માની.

---

→ શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું છે કે, પોતાના મુખે કરીને પોતાના વખાણ ન કરવાં.
→ અબજીભાઈએ પોતાના વખાણ કર્યા સિવાય પોતે કાર્ય કરીને ગુણ દર્શાવ્યો.
→ ભગવાનના મુક્ત ભગવાનની કૃપાથી ધારે તો એક જગ્યાએ રહ્યા થકા અનેક જગ્યાએ જઈ શકે છે.
→ આપણે પણ પોતાના વખાણ કર્યા સિવાય, કરીને બતાવવું.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. ગરમી હોવાથી બધાએ ક્યાં જવાનું નક્કી કર્યું?
૨. તલાવડીમાં કઈ રમત રમવાનું નક્કી થયું?
૩. ગાંગજી શું બડાઈ મારતો હતો?
૪. જાદવજીના કપડાં શા માટે કોરાં હતા?
૫. બધા શા માટે ગભરાઈ ગયા?
૬. અબજીભાઈએ બહાર નીકળી શું કહ્યું?
૭. પાણીમાંથી સૌથી છેલ્લે બહાર કોણ આવ્યું? શા માટે?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બેઠા-બેઠા તો —— રમે —— કરે.

૨. ચાલો —— મારવાનું રમીએ.

**કોણ બોલે છે તે કહો.**

૧. અબજીભાઈ આ રમત તો હું જીતી જઈશ.

૨. પાણીમાં તો મારું રાજ છે.

૩. તમે બધા કહો છો કે, તમે હોંશિયાર છો પછી હું શું કહું?

●

# ૧૪ સાંસારિક વ્યવહાર પ્રત્યે અરુચિ

સાંજનો સમય હતો.

માતા-પિતા, બહેનો અને અબજીભાઈ આંગણામાં બેઠા હતા.

અબજીભાઈ વચનામૃત વાંચતા હતા.

ગામ લોકો ત્યાં આવીને બેઠા.

વચનામૃત પૂરું થયું.

ગામના મુખી પાંચાભાઈને કહે, 'અબજીભાઈ નવ વર્ષના થઈ ગયા. હવે તેમના લગ્ન કરો.'

પાંચાભાઈ કહે, 'અમે ગરીબ. અમારા દીકરાને દીકરી કોણ આપે?'

પાંચાભાઈના પાડોશી કહે, 'તમે ગરીબ છો, પણ તમારા પુત્ર અબજીભાઈ ભગવાનના મહાન મુક્ત છે. અતિ ચમત્કારી છે. તે બધા જાણે છે.'

નાથાભાઈ કહે, 'હા. તમારા ઘરમાં દીકરી આપવી એ બધા પોતાનું સૌભાગ્ય સમજે છે.'

અબજીભાઈ કહે, 'પણ, મારે તો લગ્ન કરવાં જ નથી. મારે તો ભગવાન ભજવા છે.'

મુખી કહે, 'દીકરા, હજી તું નાનો છે તને વ્યવહારમાં ખબર ન પડે.'

અબજીભાઈ કહે, 'નાનો છું એટલે તો કહું છું મારે આટલી નાની ઉંમરમાં લગ્ન નથી કરવાં.'

નાથાભાઈ કહે, 'દીકરા, આપણા ગામમાં તો નાની ઉંમરમાં જ લગ્ન કરવાનો રિવાજ છે.

એ વખતે માનકૂવાના ગાંગજી ભક્ત ત્યાં બેઠા હતા.

તેઓ કહે, 'મારી પુત્રીના લગ્ન અબજીભાઈ સાથે કરવા હું રાજી છું.'

પાંચાભાઈ પ્રસન્ન થઈ ગયા.

અબજીભાઈ કહે, 'મારે હમણાં લગ્ન નથી કરવાં.'

ગામવાળા કહે, 'લગ્ન તો કરવાં જ પડે.'

અબજીભાઈ કાંઈ બોલ્યા નહિ. ઘરમાં ચાલ્યા ગયા.

અબજીભાઈના લગ્ન દેવુબાઈ સાથે નક્કી થઈ ગયાં.

દેવુબાઈના માતાનું નામ ગાંગબાઈ. તેમને ખબર પડી, ત્યારે તેઓ પણ પ્રસન્ન થયાં.

અબજીભાઈ કીર્તન ગાવા લાગ્યા, 'રે સગપણ હરિવરનું સાચું બીજું સર્વે ક્ષણભંગુર કાચું.'

દેવબાએ આ સાંભળ્યું તેમણે પાંચાભાઈને કહ્યું, 'અબજીભાઈની જરા પણ ઈચ્છા નથી.'

પાંચાભાઈ કહે, 'બરાબર, પણ પછી આવું સરસ ઘર નહિ મળે.'

અબજીભાઈની જરા પણ ઈચ્છા ન હતી, છતાં પાંચાભાઈએ લગ્ન ગોઠવ્યાં.

લગ્ન નક્કી થયા ત્યારથી અબજીભાઈ ભગવાનની મૂર્તિ સંભારી ધ્યાનમાં રહેવા લાગ્યા.

દેવબા કહે, 'બેટા! ગામના રિવાજ પ્રમાણે આપણે રહેવું પડે. તમે ઉદાસ ન થાવ. લગ્નને દિવસે આમ ધ્યાનમાં ન જતા

રહેતા લગ્ન પછી તમે ભગવાન ભજજો કોઈ તમને ના નહિ પાડે.'

માતાના આવા શબ્દોથી અબજીભાઈને શાંતિ થઈ.

માતાને કહે, 'તમે ચિંતા ન કરો. હું ધ્યાનમાં તે દિવસે નહિ જાઉં બસ.'

અબજીભાઈના લગ્ન દેવુબાઈ સાથે ધામ-ધૂમથી થઈ ગયા.

---

**શબ્દનો અર્થ**

સગપણ = સંબંધ (સગાઈ)

ક્ષણભંગુર = નાશવંત

→ અનાદિમુક્તને સંસાર વ્યવહારમાં જરા ય રુચિ હોતી નથી. તેમને ભગવાન સિવાય બીજા કશામાં રસ ન પડે, પરંતુ લોક-રિવાજ પ્રમાણે વર્તન કરે.

→ અનાદિમુક્તની મનુષ્યલીલા જોઈ તેમના પ્રત્યે મનુષ્યભાવ લાવવો નહિ.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. આંગણામાં કોણ-કોણ બેઠા હતા? અને શું કરતા હતા?

૨. ગામના લોકો શું સલાહ આપવા આવ્યા હતા?

૩. કોણે પોતાની પુત્રી આપવાનું કહ્યું?

૪. અબજીભાઈને શા માટે લગ્ન કરવા ન હતાં?

૫. અબજીભાઈના લગ્ન ક્યાં અને કોની સાથે થયાં?

## નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. અબજીભાઈ ——— વાંચતા હતા.

૨. અબજીભાઈના લગ્ન —— વર્ષે થયા.

૩. અબજીભાઈના પત્નીનું નામ —— હતું.

## કોણ બોલે છે તે કહો.

૧. દીકરા, હજી તું નાનો છે તને વ્યવહારમાં ખબર ન પડે.

૨. અબજીભાઈની લગ્ન કરવાની જરા પણ ઈચ્છા નથી.

## શબ્દો વાક્યમાં વાપરો

સગપણ, ક્ષણભંગુર

●

# ૧૫ પાનબીડાની પ્રસાદી

દરરોજની જેમ અબજીભાઈ મંદિર આવ્યા.
મંદિરમાં આરતી થઈ.
બધા આરતી કરી ઘરે ગયા.
અબજીભાઈ મહારાજની મૂર્તિ સામે ઊભા રહ્યા.
એક નજરે ભગવાનના દર્શન કરવા લાગ્યા.
ભગવાન તેમના અનાદિમુક્તને જોતા હતા.
અબજીભાઈ દર્શન કરતા હતા.
આજે તેમને મહારાજની મૂર્તિ દિવ્ય લાગતી હતી.
મહારાજ અબજીભાઈ સામે જોઈ હસતા હતા.
અબજીભાઈને લાગ્યું મહારાજ આજે મને સરસ દર્શન આપે છે.
મહારાજ અબજીભાઈ સાથે વાત કરવા લાગ્યા, 'અબજીભાઈ કેમ છો?'
અબજીભાઈને થયું આવો મીઠો સ્વર ક્યાંથી સંભળાય છે?
તેઓ આજુ-બાજુ જોવા લાગ્યા.
મહારાજ ફરીથી બોલ્યા, 'કેમ છો અબજીભાઈ?'
અબજીભાઈને હવે થયું, આવો મીઠો સ્વર તો મહારાજનો જ હોય.
તેઓ મૂર્તિ સામે જોવા લાગ્યા.
મહારાજને પૂછ્યું, 'મહારાજ! તમે બોલાવો છો?'
મહારાજ કહે, 'હા. અમે જ તમને બોલાવ્યા. કેમ છો?'

અબજીભાઈ રાજી-રાજી થઈ ગયા.
આનંદિત થઈ કહે, 'મજામાં છું મહારાજ.'
મહારાજ કહે, 'અબજીભાઈ! હવે અમે તમને જે કામ માટે મોકલ્યા છે તે કાર્ય કરો.'
અબજીભાઈ કહે, 'સારું મહારાજ. જેવી આપની આજ્ઞા.'
અબજીભાઈ મહારાજને પગે લાગ્યા.
મહારાજે હાથ લાંબો કર્યો.
અબજીભાઈ જોવા લાગ્યા.
મહારાજ કહે : 'લ્યો, અબજીભાઈ આ પાનબીડાની પ્રસાદી.'
અબજીભાઈને મનાયું નહિ. તેઓ એમ જ ઊભા રહ્યા.
મહારાજ કહે, 'લઈ લ્યો આ તમારા માટે જ છે.'
અબજીબાઈ ખુશ-ખુશ થઈ ગયા.
પોતાને ધન્ય માનવા લાગ્યા, ભગવાને પોતાના હાથે પાનબીડાની પ્રસાદી આપી.
મહારાજ કહે, 'અબજીભાઈ તમે અમારા અનાદિમુક્ત છો, તેથી તમને આ પ્રસાદી મળી છે. બીજાને તો આવા દર્શન પણ દુર્લભ છે.'
અબજીભાઈ મહારાજના આશીર્વાદ લઈ ઘરે પધાર્યા.

---

**શબ્દનો અર્થ**

પાનબીડું - ભગવાનને થાળ ધર્યા પછી મુખવાસરૂપે અર્પણ થતું શુદ્ધ સાત્વિક પદાર્થોથી બનતું પાન.

→ પોતાના અનાદિમુક્ત પૃથ્વી પર પધારે ત્યારે મહારાજ તેમને અનેકવાર પ્રસાદી આપી રાજી કરે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. અબજીભાઈને મહારાજના દર્શન કેવાં લાગતાં હતા?

૨. મહારાજે અબજીભાઈને શું કહ્યું?

૩. મહારાજે અબજીભાઈને શેની પ્રસાદી આપી?

●

# ૧૬ આજ્ઞાપાલન

વસંતઋતુનો સમય હતો.

અબજીભાઈ અને મિત્રો વાડીમાં રમતા હતા.

કરસન કહે, ‘આજનું વાતાવરણ કેટલું સરસ છે.’

વશરામ કહે, ‘હા ફરવા જવાનું મન થાય છે.’

અબજીભાઈ કહે, ‘ચાલો કેરા. મારા મામાની ત્યાં વાડી છે.’

કેસરો કહે, ‘ત્યાં કાચી કેરીઓ ખાવાની પણ મજા આવશે ચાલો.’

અબજીભાઈ કહે, ‘બધા પહેલા પોતાના માતા કે પિતાની રજા લઈને આવે. દસ મિનિટ પછી બધાએ આ જગ્યાએ ભેગા થવાનું.’

બધા પૂછીને આવી ગયા.

બધા ચાલતા જાય ને વાતો કરતા જાય.

અબજીભાઈ બધાને ભગવાનની વાતો કરે.

ગાંગજી અને કરસન થોડા આગળ ચાલતા હતા.

કરસન ચાલતા-ચાલતા ઊભો રહી ગયો.

ગાંગજીને કહે, ‘આ જો શું છે?

અબજીભાઈ અને બીજા મિત્રો પણ પહોંચી ગયા.

કેસરો ને વશરામ પૂછવા લાગ્યા, ‘શું છે?’

અબજીભાઈ કહે, ‘કોઈનો સોનાનો હાર પડી ગયો લાગે છે.’

ગાંગજી કહે, ‘ચાલો લઈને તમારા મામાને આપી દઈએ.’

અબજીભાઈ કહે, ‘ના પારકી વસ્તુને આપણાથી અડાય નહિ.’

વશરામ કહે, 'ચાલોને હવે પડી રહેવા દો. આપણે શું?
અબજીભાઈ કહે, 'પછી કોઈ બીજો આવીને લઈ જશે. બિચારા માલિકનો સોનાનો હાર જશે. હવે શું કરવું?'
અબજીભાઈએ પૂછ્યું, 'આને દાટી દઈએ તો?'
કેસરો કહે, 'હા ચાલો એમ કરીએ એટલે જલદી મામાને ત્યાં પહોંચી જવાય.'
અબજીભાઈ કાંઈ કહે તેની પહેલા બધાએ હાર દાટી દીધો.
અબજીભાઈ કહે, 'કોઈની પડેલી વસ્તુને આપણે અડવું જોઈએ નહિ, પણ હવે શું થાય?'
વશરામ કહે : 'ચાલોને અબજીભાઈ જે થવાનું હશે તે થશે.'
અબજીભાઈ કહે, 'પણ હારના માલિકને કેવી રીતે ખબર પડશે કે, આપણે હાર અહીં દાટ્યો છે.'
કેસરો કહે, 'તો હવે શું કરીશું ?'
અબજીભાઈ કહે, 'હું તો હારનો માલિક નહિ આવે ત્યાં સુધી અહીં જ બેસીશ. તમારે બધાને જવું હોય તો જાવ.
ગાંગજી કહે, 'હું તો અબજીભાઈ સાથે જ બેસીશ.
કેસરો કહે, 'તો પછી હું પણ નથી જતો.'
બીજા મિત્રો પણ પછી ત્યાં જ રહ્યાં.
વશરામ કહે, 'મામાને ત્યાં ગયા હોત તો રમવાની કેવી મજા આવત!'
જાદવજી કંટાળા સાથે બોલ્યો, 'હારનો માલિક તો કોણ જાણે ક્યારે આવશે?'
અબજીભાઈ કહે, 'ચાલો આપણે કીર્તનની અંતાક્ષરી રમીએ.'
બધાને તેમાં આનંદ આવ્યો.

થોડીવારે એક માણસ કંઈક શોધતો હોય તેમ ધીમે-ધીમે ચાલતો આવતો હતો.

કરસન કહે, 'જુઓ, પેલા ભાઈ કાંઈક શોધતા લાગે છે.'

અબજીભાઈ કહે, 'આપણને શું ખબર કે તેઓ જ હારના માલિક છે? તેઓ આપણને પૂછશે તો કહીશું. નહિ તો કોઈ કાંઈ નહિ બોલે.?

શોધતા-શોધતા ભાઈ ત્યાં પહોંચ્યા.

છોકરાઓને પૂછ્યું, 'અહીંથી તમને કાંઈ જડ્યું છે?'

ગાંગજી હાર જડ્યો છે એમ બોલવા જતો હતો.

ત્યાં અબજીભાઈએ પૂછ્યું, 'તમે શું શોધો છો?'

ભાઈ કહે, 'મારો સોનાનો હાર પડી ગયો છે. તમને કોઈને જડ્યો છે?'

અબજીભાઈને હવે ખાત્રી થઈ કે, આજ હારના ખરા માલિક છે.

તેથી કહ્યું, 'હા. અમે હાર જોયો છે. અમારા ભગવાને કોઈની પડેલી વસ્તુને લેવાની તથા તેને અડવાની ના પાડી છે. પરંતુ કોઈ જોઈ ન જાય માટે અમે ત્યાં દાટ્યો છે. તમે લઈ લો. દાટી દીધા પછી તમને કેવી રીતે ખબર પડે? એટલે અમે બધા તમારી રાહ જોતા હતા.'

હારનો માલિક ખૂબ ખુશ થયો.

અબજીભાઈને શાબાશી આપી બોલ્યો, 'તું ખૂબ સમજું છોકરો છે. ભગવાનની આજ્ઞા પણ બરાબર પાળે છે. હું ખૂબ ખુશ થયો છું. લે આ પૈસા, બધા મળી વાપરજો.'

અબજીભાઈ કહે, 'એમાં કાંઈ નહિ. અમે તો અમારા ભગવાને

કહેલી આજ્ઞાનું પાલન કર્યું છે. અમારાથી આ પૈસા ન લેવાય.'

મિત્રોને કહે, 'ચાલો આપણું કામ હવે પૂરું થયું.'

બધા મિત્રો કેરા મામાની વાડીએ પહોંચ્યા.

મામાને હાર વિષે બધી વાત કરી.

મામા પણ અબજીભાઈ પર ખુશ થયા.

બધા મિત્રોને કહ્યું, 'આજે તમારે ઝાડ પરથી જેટલી કાચી કેરી ખાવી હોય તેટલી ખાઓ. હું તેની સાથે મીઠું, મરચું પણ આપું છું.'

બધા ખુશ થઈ ગયા.

સાંજ સુધી બધા ત્યાં જ રહ્યા અને ખૂબ રમ્યા.

---

**શબ્દનો અર્થ**

કેરા = ગામનું નામ

પારકી = બીજાની

જડ્યો = મળ્યો

→ શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે કે, કોઈની ધણિયાતી વસ્તુને અડવું નહિ. બીજાની વસ્તુ લઈએ તો તે ચોરી કરી કહેવાય.

→ મિત્રોએ હાર બાબત જુદું - જુદું કહ્યું પણ અબજીભાઈએ શ્રીજીમહારાજે કરેલી આજ્ઞા બરાબર યાદ રાખી તેનું પાલન કર્યું.

→ આપણે પણ શ્રીજીમહારાજની દરેક આજ્ઞાનું હંમેશાં પાલન કરવું તો જ ઘરના અને મહારાજ રાજી થાય.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કઈ ઋતુ ચાલતી હતી?

૨. બધા કયા ગામમાં અને કોને ત્યાં રમવા જતા હતા?

૩. રસ્તામાં ગાંગજીને શું દેખાયું?

૪. મિત્રોએ અબજીભાઈને કઈ-કઈ સલાહ આપી?

૫. અબજીભાઈએ હાર બાબત કયો નિર્ણય લીધો?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ચાલો બધા મારા —— ની —— એ જઈએ.

૨. અબજીભાઈ બધાને —— ની  વાતો કરે.

૩. કોઈનો ——— પડી ગયો લાગે છે.

૪. અબજીભાઈને ——— આપવા લાગ્યો.

૫. અમે તો અમારા ——— ની કરેલી —— નું પાલન કર્યું છે.

### કોણ બોલે છે

૧. ચાલોને પડી રહેવા દો, આપણે શું?

૨. કોઈની પડેલી વસ્તુને અડવું જોઈએ નહિ.

●

# ⑰ સેવાનું અંગ

આજે કેટલાય દિવસ થઈ ગયા.
અબજીભાઈ મિત્રો સાથે રમવા જતા નથી.
કુંવરજી કહે, ‘અબજીભાઈ રમવા કેમ નથી આવતા?’
કેસરો કહે, ‘તેમના માતાજી બહુ જ બીમાર છે.’
ધનજી કહે, ‘અબજીભાઈ આખો દિવસ તેમની સેવા કરે છે.’
કરસન કહે, ‘તેમના વગર ભગવાનની સરસ વાતો પણ કોઈ નથી કરતું.’
વશરામ કહે, ‘અબજીભાઈ વગર રમવાની પણ મજા નથી આવતી.
જાદવજી કહે, ‘તેમનાં બાને તો હવે સારું છે. હું કાલે જ અબજીભાઈને ઘેર ગયો હતો, પણ અબજીભાઈ ઘરે ન હતા.’
ગાંગજી કહે, ‘એ રહ્યા અબજીભાઈ ચાલો રમવા બોલાવીએ.’
બધા દોડ્યા અબજીભાઈ પાસે.
કાનજી કહે, ‘અબજીભાઈ, ચાલોને રમવા.’
વશરામ કહે, ‘તમે કેટલાય દિવસથી રમવા આવતા જ નથી. હવે તો તમારાં બાને પણ સારું થઈ ગયું છે.’
અબજીભાઈ કહે, ‘મંદિર પાસે પેલા દાદા રહે છે ને? તેઓ બહુ માંદા છે. તેમની સેવા કરનાર કોઈ નથી. હું આખો દિવસ તેમની પાસે જ રહું છું.’
કુંવરજી કહે, ‘તેઓ તો આખો દિવસ સૂતા રહે છે.’
અબજીભાઈ કહે, ‘તેમને ખાવાનું આપું, તેમના કપડાં ધોઈ

આપું, તેમના પગ દબાવી આપું, તેમને માથું પણ બહુ દુ:ખે છે, તે પણ દબાવી આપું છું. બિચારા સાવ એકલા છે. હું થોડા દિવસ રમવા નહિ આવું.' કેસરો કહે, 'અબજીભાઈ તમારા વગર અમને ક્યાંય મજા નથી આવતી.'

અબજીભાઈ કહે, 'તેમને સારું થઈ જશે પછી હું જરૂરથી આવીશ.' ધનજી કહે, 'અબજીભાઈ, હું પણ તમારી સાથે આવું છું મને પણ સેવા કરતાં શિખવાડો.'

અબજીભાઈ કહે, 'ચાલ. સેવા કરવાનું તો એકદમ સહેલું છે. કેસરો કહે, 'હું પણ આવું છું.'

કરસન અને જાદવજી કહે, 'અમે નથી આવતા. અમે રમવા જઈએ છીએ.'

જાદવજી કહે, 'રમવાની કેવી મજા આવે છે.'

વશરામ કહે, 'એ દાદા ક્યાં તમારા સગા છે ચાલોને રમવા.'

અબજીભાઈ કહે, 'માંદાની સેવા કરીએ તો આશીર્વાદ મળે. ભગવાન બહુ રાજી થાય.'

કુંવરજી કહે, 'અબજીભાઈ, એક વાત કહીશ તો તમે દાદા પાસે નહિ જાવ.'

અબજીભાઈ કહે, 'એવું બને જ નહિ. કઈ વાત છે?'

કુંવરજી કહે, 'ચાર દિવસ પછી મંદિરમાં સંતો આવવાના છે.'

અબજીભાઈ કહે, 'તને કોણે કહ્યું?'

કુંવરજી કહે, 'તમે ક્યાં હમણાં મંદિરમાં રહો છો? આરતી કરી સેવા કરવા ચાલ્યા જાઓ છો. બધા વાતો કરતા હતા.'

અબજીભાઈ કહે, 'સંતો આવશે ત્યારે તેમની સેવામાં આવીશ, પણ અત્યારે તો અમે દાદા પાસે જઈએ છીએ.'

કેસરો કહે, 'હા હવે અમે પણ અબજીભાઈ સાથે સેવા કરીશું. સંતો આવશે ત્યારે દર્શન કરવા આવીશું.'

અબજીભાઈ, કેસરો અને ધનજી બીમાર દાદાના ઘરે ગયા.

અબજીભાઈએ તેમને પગ દબાવતા, માથું દબાવતા વગેરે બધી સેવા શીખવી.

ધનજી અને કેસરાને ખૂબ આનંદ આવ્યો.

અબજીભાઈને કહેવા લાગ્યા, 'આજે અમને ખબર પડી કે, કોઈ માટે કામ કરવાથી કેટલો બધો આનંદ પ્રાપ્ત થાય છે.'

ચાર દિવસ જોત-જોતામાં નીકળી ગયા.

દાદાની તબિયત ધીરે-ધીરે સારી થવા લાગી.

ચોથે દિવસે અબજીભાઈનો હાથ પકડી દાદા મંદિરે આવ્યા.

અબજીભાઈ ધનજીને કહે, 'ધનજી, જો તો સંતો આવ્યા છે?'

ધનજી જોઈ આવ્યો.

આવીને કહે, 'અબજીભાઈ, સંતો આવ્યા છે.'

અબજીભાઈ રાજી થઈ ગયા.

સંતો પાસે જઈ સંતોને દંડવત્ પ્રણામ કર્યા.

પોતાના ઘરે ગયા.

દેવબાને કહે, 'મા મંદિરમાં સંતો આવ્યા છે. દાળ, ચોખા, લોટ વગેરે રસોઈનો સામાન આપો.'

દેવબા કાંઈ બોલ્યા નહિ.

શું કહે, ઘરમાં કાંઈ હતું જ નહિ બધા ડબ્બા ખાલી હતા.

અબજીભાઈ કહે, 'માતા, સામાન આપો.'

દેવબા દુઃખી થઈ ગયા.

કહે, 'બેટા! હું ક્યાંથી આપું? ઘરમાં કાંઈ છે જ નહિ. બધા

ડબ્બા ખાલી છે.'

અબજીભાઈ રસોડામાં ગયા થેલીમાં સામાન ભરી ચાલવા લાગ્યા.

દેવબાએ પૂછ્યું, 'બેટા! શું લઈ જાઓ છો?'

અબજીભાઈ કહે, 'રસોઈનો સામાન.'

દેવબાએ રસોડામાં જઈ જોયું, બધું ખાલી જ હતું.

બહાર આવી પૂછવા લાગ્યા, 'દીકરા! બધું ય ખાલી છે, તમે સામાન ક્યાંથી કાઢ્યો?'

અબજીભાઈ કહે, 'એ તો મહારાજે સંતો માટે આપ્યો.'

આમ કહી હસતા-હસતા ચાલ્યા ગયા.

વાલબા પૂછવા લાગ્યા, 'મા, ભાઈએ સામાન ક્યાંથી કાઢ્યો?'

દેવબા કહે, 'એ તો ભગવાનના અનાદિમુક્ત છે. તેમને સેવાનું તાન બહુ છે. એટલે ચમત્કારિક રીતે બધું લઈ જાય છે. હમણાં પેલા દાદાની પણ સેવા કરી તેમને સાજા કર્યા. આજે આ ચમત્કાર કર્યો.'

પાંચાભાઈ કહે, 'તેમને સેવા કરવી બહુ ગમે છે. સેવા કરવામાં રમવાનું પણ ભૂલી જાય છે.'

અબજીભાઈ મંદિરમાં ગયા સંતોને કહે, 'લો, આ રસોઈનો સામાન મહારાજને થાળ કરી જમાડો.'

સંતો બહુ રાજી થયા.

અબજીભાઈને કહે, 'તમે અમારી સેવા કરી છે. ભગવાન તમારા ઉપર ખૂબ પ્રસન્ન થશે. અમે પણ તમને આશીર્વાદ આપીએ છીએ.'

અબજીભાઈ રાજી થઈ ઘરે ગયા.

---

→ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, પોતાના માતા-પિતા અને જે કોઈ રોગાતુર મનુષ્ય હોય તેમની સેવા કરવી.

→ અબજીભાઈનો સેવા કરવાનો ગુણ અહીં જણાઈ આવે છે. બીજા મિત્રો રમવા ગયા છતાં પોતે રમવા ન ગયા અને સેવા કરી. સંતોને પણ રસોઈનો સામાન આપી તેમની પણ સેવા કરી.

→ શ્રીજીમહારાજે પણ સેવકરામની જંગલમાં કેટલી બધી સેવા કરી હતી?

→ ભગવાન અને તેમના અનાદિમુક્તો આપણને શીખવવા દરેક કાર્ય કરતા હોય છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. અબજીભાઈ શા માટે રમવા નહોતા આવતા?

૨. અબજીભાઈ દાદાની કઈ-કઈ સેવા કરતા હતા?

૩. વશરામે દાદાની સેવા ન કરવા કયું કારણ આપ્યું? અબજીભાઈએ તેનો શો ઉત્તર આપ્યો?

૪. અબજીભાઈ સાથે દાદાની સેવા કરવા કોણ-કોણ ગયું?

૫. અબજીભાઈના વર્તનથી આપણને શું શીખવા મળે છે?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. અબજીભાઈ વગર —— ની પણ મજા આવતી નથી.

૨. ——— ની સેવા કરીએ ——— મળે અને ——— બહુ રાજી થાય.

૩. અબજીભાઈને ——— નું તાન બહુ છે.

૪. સેવા કરવામાં ——— પણ ભૂલી જાય છે.

**કોણ બોલે છે તે કહો**

૧. એ દાદા તમારા ક્યાં સગા છે? ચાલોને રમવા.

૨. આજે ખબર પડી કે, કોઈ માટે કામ કરવાથી કેટલો આનંદ પ્રાપ્ત થાય છે.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. આશીર્વાદ થાય કરીએ બહુ રાજી  ભગવાન સેવા તો મળે માંદાની.

# ૧૮ કાર્યમાં પ્રામાણિકતા

એક વખતની વાત છે.

દેવબા કહે, 'અબજીભાઈ, બેટા! હવે તમે મોટા થયા. પિતાજીને કામમાં વધારે મદદ કરો.'

અબજીભાઈ કહે, 'સારું મા હવેથી હું વાડીમાં વધારે કામ કરીશ.'

પાંચાભાઈ કહે, 'ભાઈ વાડીનું કામ તો હું સંભાળીશ. જો તમે બીજાની વાડીમાં થોડું કામ કરી આવો તો થોડા પૈસા મળે.'

અબજીભાઈ કહે, 'સારું પિતાજી આવતીકાલથી જઈશ.'

બીજે દિવસે અબજીભાઈ સવારે વહેલા ઊઠીને બીજાના ખેતરમાં કામ કરવા ગયા.

બીજા માણસો પણ ત્યાં કામ કરતા હતા.

એક કહે, 'અબજીભાઈ કેમ આજે અહીં આવ્યા?'

અબજીભાઈ કહે, 'કોરડ વાઢવા.'

બીજો કહે, 'ભગત, કોરડ વાઢશો કે ધ્યાનમાં બેસી જશો?'

આવી મશ્કરીથી બધા હસવા લાગ્યા.

અબજીભાઈ કાંઈ બોલ્યા નહિ, ઝડપથી કામ કરવા લાગ્યા.

આ જોઈ એક માણસ કહે, 'આ તો ઝડપથી કામ કરવા લાગ્યા. ચાલો આપણે તેમનાથી વધારે કામ કરીએ.'

અબજીભાઈની ઝડપ આગળ કોઈ પહોંચી શક્યું નહિ.

અબજીભાઈ ચાર-પાંચ માણસો કામ કરે તેટલું કામ એકલા કરવા લાગ્યા.

એક કામદારે આ જોયું કે, અબજીભાઈ ક્યારના કામ કરે છે. વચમાં થાક પણ ખાતા નથી.

અબજીભાઈ પાસે આવી કહે, 'ભગત, થોડીવાર થાક ખાઓ, તેમા માલિક નહિ વઢે.

અબજીભાઈ કહે, 'માલિક આપણને કામના પૈસા આપે છે એટલે કામ કરવામાં આળસ ન કરાય. પ્રમાણિકતાથી કામ કરવું જોઈએ. સાંજે ઘરે જઈ આરામ કરીશ.'

બીજા બધા થોડીવાર વાઢી થાકી ગયા.

એક કહે, 'માલિક જોતા નથી. હું થોડીવાર બેસી જાઉં છું. હું તો ખૂબ થાકી ગયો.'

બીજો પણ બેસી ગયો.

ત્રીજો તે બંનેની વચમાં બેઠો. બંનેના કાનમાં કાંઈક કહેવા લાગ્યો.

અબજીભાઈ પોતાનું કામ કર્યા કરતા હતા.

એક જણ દોડતો માલિક પાસે ગયો.

માલિકને કહે, 'માલિક, પેલા ભગત કોરડનો બગાડ કરે છે, સરખી વાઢતા નથી.'

માલિક કહે, 'એમ! ચાલો જોઈએ.'

ઈર્ષાળુ લોકો ખુશ થઈ ગયા.

વિચારવા લાગ્યા, માલિક હવે અબજીભાઈને વઢશે.

માલિકે આવીને જોયું.

અબજીભાઈ પોતાનું કામ બરાબર કરતા હતા.

પેલા ઈર્ષાળુ બંને બેઠા હતા.

માલિકે આ જોયું.

અબજીભાઈને કહે, 'વાહ! તમે એકલાએ આ બધા જેટલું કામ કરી નાખ્યું છે.'

ફરિયાદ લઈને આવેલા પર માલિક ગુસ્સે થયા. કહેવા લાગ્યા, 'કેમ ખોટી ફરિયાદ લઈને આવો છો? ભગતે તમારા બધા કરતા વધારે કામ કર્યું છે.'

જે લોકો બેઠા હતા તેમના પર પણ માલિક ગુસ્સે થયા.

કહે, 'કેમ બેઠા છો? કામ કરો.'

તેઓએ પોતાનો ખોટો બચાવ કર્યો. કહે, 'અમે હમણાં જ બેઠા. આખો દિવસ કામ કરતા હતા.'

માલિક કહે, 'મને ખબર છે. હું નથી હોતો ત્યારે તમે બધા બેસીને વાતો કર્યા કરો છો. અબજીભાઈ જ આખો દિવસ કામ કરે છે.'

હવે બધા ચૂપ થઈ ગયા.

સાંજે માલિકે અબજીભાઈને વધારે પૈસા આપ્યા.

અબજીભાઈને કહે, 'ભગત, તમે ખૂબ પ્રમાણિકતાથી કામ કરો છો. બીજા તો કામમાં આળસ કરે છે. તમે આજે બહુ કામ કર્યું. હું ખૂબ ખુશ થયો છું. ગાડામાં થોડું અનાજ રાખ્યું છે, તે પણ લેતા જજો. આજે તમે મારું ઘણું કામ પાર પાડ્યું.'

જે લોકો અબજીભાઈને ચીડવતા હતા અને કામ કરવામાં આળસ કરતા હતા તેમને ઓછા પૈસા મળ્યા અને અનાજ પણ ન મળ્યું.

બધા પસ્તાવો કરવા લાગ્યા, આપણે આવું નહોતું કરવું જોઈતું. બધા અબજીભાઈની માફી માંગવા લાગ્યા.

અબજીભાઈને કહે, 'ભગત, અમને માફ કરી દો. હવે અમે

તમને ક્યારેય નહિ ચીડવીએ.'

અબજીભાઈ કહે, 'એમાં કાંઈ નહિ, પરંતુ જ્યાં કામ કરવા જઈએ ત્યાં ખંતપૂર્વક આળસ રાખ્યા વગર કામ કરીએ તો માલિક ખુશ થાય.'

બધા કહે, 'તે તો અમને આજે ખબર પડી ગઈ.'

---

**શબ્દનો અર્થ**

કોરડ = મઠ

વાઢવું = કાપવું

→ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે, આળસ અને પ્રમાદ ક્યારેય કરવા નહિ.

→ અબજીભાઈ આપણને શીખવે છે કે, કોઈ પણ કાર્યમાં આળસ ન કરવી. ખંતપૂર્વક કાર્ય કરીએ તો તેનું ફળ સારું જ મળે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. દેવુબાએ અબજીભાઈને શું કહ્યું?

૨. અબજીભાઈ ખેતરમાં શું કરવા ગયા?

૩. ખેતરમાં લોકોએ અબજીભાઈને શું ચીડવ્યા?

૪. કામદારને અબજીભાઈએ શું કહ્યું?

૫. અબજીભાઈએ કેટલા માણસનું કામ કર્યું?

૬. ઈર્ષાળુ લોકોને શું ફળ મળ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. —— ની વાડીમાં કામ કરી આવે તો થોડા —— મળે.
૨. ભગત —— વાઢશો કે —— માં બેસી જશો?
૩. માલિક આપણને કામના —— આપે છે માટે —— ન કરાય.
૪. ભગત, તમે ખૂબ —— થી કામ કરો છો.

# (૧૯) નાની વાતમાં મોટી શીખ

માતા-પિતા સ્વધામ પધાર્યાં.
ઘરનો બધો વ્યવહાર અબજીબાઈ પર આવ્યો.
અબજીભાઈ બધું કામ બરાબર સંભાળે.
વાડીનું કામ કરે અને ઘરમાં પણ ધ્યાન આપે.
વર્ષો વીત્યાં.
અબજીભાઈને ચાર સંતાનો થયા.
સૌથી મોટી પુત્રી. તેમનું નામ વાલબા.
ત્યાર પછી કાનજીભાઈ, પછી રાધાબા, સૌથી નાના પુત્ર મનજીભાઈ.
આ ચારેય ભાઈ-બહેનો ડાહ્યા અને સમજું.
હંમેશાં સંપીને રહે.
એક વખત વાલબા અબજીભાઈને કહે, 'બાપા, આજે હું તમારી સાથે વાડીએ આવું?'
અબજીભાઈ કહે, 'ત્યાં શું કરીશ?'
વાલબા કહે, 'બાપા હું તમને જરા ય હેરાન નહિ કરું. હું રમીશ.'
અબજીભાઈ કહે, 'સારું ચાલ.'
વાડીમાં વાલબા રમવા લાગ્યાં.
રમતાં-રમતાં વાડીથી થોડે દૂર નીકળી ગયા.
અચાનક અબજીભાઈને વાલબાની ચીસ સંભળાઈ.
અબજીભાઈએ વાડીમાં કામ કરતા જાદવજીને કહ્યું, 'જાદવજી,

જા જલદી દોડ જો વાલબાએ કેમ રાડ પાડી?'
જાદવજી દોડતો ત્યાં ગયો.
વાલબા રડતાં હતાં.
જાદવજી કહે, 'શું થયું વાલબા? કેમ રડો છો? ચાલો અબજીભાઈ પાસે.'
અબજીભાઈએ વાલબાને ખોળામાં બેસાડ્યા.
પ્રેમપૂર્વ માથા પર હાથ ફેરવ્યો. ધીમેથી પૂછ્યું, 'ગગી! શું થયું હતું? કેમ રાડ પાડી?'
વાલબા રડતાં રહ્યાં.
અબજીભાઈ કહે, 'બસ ગગી. હવે ચૂપ થઈ જા અને મને કહે શું થયું હતું?'
અબજીભાઈએ પ્રેમથી વાલબાના આંસુ લૂછ્યાં.
વાલબા શાંત થયાં.
પછી કહે, 'બાપા, મેં એક મોટું, કાળું, લાંબા પૂછડાવાળું, કાળ જેવું પ્રાણી જોયું.'
અબજીભાઈ કહે, 'ક્યાં?'
વાલબા ક્હે, 'ત્યાં. વાડીથી થોડે દૂર. એવું મોટું પ્રાણી જોઈ મને બીક લાગી અને મારાથી રાડ પડાઈ ગઈ.'
અબજીભાઈ કહે, 'ગગી, આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. એટલે કોઈ આપણને ડરાવી ન શકે.'
વાલબા કહે, 'બાપા ભગવાનને સાથે રાખીએ તો કોઈનાથી બીક ન લાગે?'
અબજીભાઈ કહે, 'ના. હિંમત રાખી દરેક ક્રિયામાં ભગવાનને સંભારવા એટલે ભગવાન સહાય કરે.'

વાલબાએ પૂછ્યું, 'ભગવાન જરૂર સહાય કરે બાપા?'
અબજીભાઈ કહે, 'હા, ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવા. હાલતા-ચાલતા, સૂતા-બેસતા, ખાતા-પીતા સર્વ ક્રિયામાં ભગવાનને સાથે રાખવા, તો ક્યારેય બીક ન લાગે.'
વાલબા કહે, 'હવે હું એમ જ કરીશ.'
અબજીભાઈ કહે, 'જ્યાં સૂરજ હોય ત્યાં અંધારું રહે છે?'
વાલબા કહે, 'ના. ત્યાં તો અજવાળું જ હોય.'
અબજીભાઈ કહે, 'બસ. તેવી જ રીતે જ્યાં સ્વામિનારાયણ ભગવાન હોય ત્યાં બીક ન હોય. માટે હંમેશાં ભગવાનને સંભારજે હોં.'
વાલબા કહે, 'હા, હવે મને બીક નહિ લાગે. જ્યારે એવું લાગશે ત્યારે હું ભગવાનનું નામ લઈશ.'
અબજીભાઈ કહે, 'બરાબર હવે તને બીક નહિ લાગે.'
વાલબા ખુશ થઈ પાછાં ત્યાં રમવા ચાલ્યા ગયાં. હવે તેમને બીક લાગતી ન હતી.

---

**શબ્દનો અર્થ**

સંભારવા = યાદ કરવા

→ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા પછી કોઈનાથી ડરાય નહિ.

→ સ્વામિનારાયણ ભગવાનમાં શ્રદ્ધા રાખીએ તો તેઓ જરૂર સહાય કરે.

→ અબજીભાઈ આપણને શીખવે છે કે, હિંમત રાખવી.

ક્યારેય ગભરાવું નહિ. ભગવાનનું નામ લઈએ એટલે ભગવાન હિંમત આપે અને બીક ભાગી જાય.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. અબજીભાઈને કેટલા સંતાનો હતા? ક્રમવાર તેમના નામ આપો?

૨. વાલબાએ શા માટે ચીસ પાડી?

૩. બીક ક્યારે ન લાગે?

### નીચેની ખાલી જગ્યા પૂરો

૧. અબજીભાઈને—— પુત્રો અને —— પુત્રી હતાં.

૨. આપણને —— ભગવાન મળ્યા છે એટલે કોઈ આપણને —— ન શકે.

### યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. બીક લાગે ન તો રાખે સાથે ભગવાનને.

૨. ભગવાન ન હોય જ્યાં ત્યાં બીક સ્વામિનારાયણ હોય.

●

# (૨૦) અલૌકિક દર્શન

વૃષપુરમાં એક વાળંદ રહે.
અબજીભાઈનો મહિમા બરાબર જાણે.
ઘણા વખતથી અબજીભાઈની હજામત તે જ કરે.
મનમાં વિચારે, આવા મોટા પુરુષની સેવા મળે છે. મારાં મોટાં ભાગ્ય.
એક દિવસ તે અબજીભાઈની હજામત કરવા આવ્યો.
અબજીભાઈ કહે, 'આવ હું તારી જ રાહ જોતો હતો,
વાળંદ હજામત કરવા લાગ્યો.
હજામત કરતા-કરતા અબજીભાઈ સાથે વાતો કરતો જાય.
અર્ધી હજામત કરીને ઊભો રહી ગયો.
અબજીભાઈ કહે, 'કેમ ઊભો રહી ગયો?'
વાળંદ કહે, 'બાવા તમારા માથામાંથી તેજ નીકળે છે.'
અબજીભાઈ કહે, 'તેજ ! તેજ અહીં ક્યાંથી હોય ?'
વાળંદ કહે, 'તમારા માથામાંથી તેજ નીકળે છે. તેના પ્રકાશમાં કાંઈ દેખાતું નથી.'
અબજીભાઈ કહે, 'એ તો ઝાડમાથી તડકો આવતો હશે. ચાલ ઉતાવળ કર મારે વાડીમાં કામ છે.'
વાળંદ કહે, 'બાવા હું ચરિયો નથી થઈ ગયો. બાવા મને ખબર છે તમે મહાન મુક્ત છો.'
અબજીભાઈએ તેજ સમાવી લીધું.
વાળંદ કહે, 'જુઓ તડકો ક્યાં છે? તમારા માથામાંથી જ તેજ

નીકળતું હતું.'
અબજીભાઈ કહે, 'તું ભાગ્યશાળી છે તેથી તને આવા દર્શન થયા.'
વાળંદ કહે, 'બાવાજી, મને આશીર્વાદ આપો.'
અબજીભાઈ કહે, 'આશીર્વાદ છે.'
વાળંદ કહે, 'બાવાજી, તમારા જેવા મોટા સંતની સેવા કરું છું, તો આશીર્વાદ આપો કે, આ લોક અને પરલોકનું સુખ મને મળે.'
અબજીભાઈ કહે, 'સારું આશીર્વાદ છે.'
વાળંદ ખુશ થઈ ગયો.
ગામમાં ગયો.
જેની હજામત કરે તે બધાને કહે, 'અબજીભાઈ બહુ મોટા મુક્ત છે. તમે બધા તેમને ઓળખજો. તેમની સેવા કરી લેજો.'
ગામ લોકો તેને પૂછે, 'અલ્યા, તને કેવી રીતે ખબર પડી?'
વાળંદ કાંઈ બોલે નહિ.
લોકો બહુ પૂછે એટલે બધી વાત કરે.
અને ખુશ થતો કહે, 'બાવાજીએ મને બહુ સરસ આશીર્વાદ આપ્યા છે. હું બહું ભાગ્યશાળી છું.'

---

**શબ્દનો અર્થ**

ચરિયો = ગાંડો

→ મહિમા જાણી સેવા કરનારને અનાદિમુક્ત આ લોક ને પરલોક બંને સુખના આશીર્વાદ આપે છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. વાળંદ મનમાં શું વિચારતો હતો?

૨. વાળંદને શું દેખાયું?

૩. વાળંદે અબજીભાઈની કઈ વાત ન માની?

૪. વાળંદે અબજીભાઈ પાસે કયા આશીર્વાદ માંગ્યા?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાવા તમારા —— માંથી —— નીકળે છે.

૨. બાવા હું —— નથી થઈ ગયો.

૩. બાવાજી તમારા જેવા મોટા સંતની —— કરું છું તો —— આપો.

●

## (૨૧) મહિમા વચન

અબજીભાઈનો મહિમા જેમ-જેમ લોકો જાણતા થયા તેમ પછી અબજીભાઈને માનથી ‘ભાઈશ્રી’ કે ‘ભાઈ’ કહીને બોલાવતા.

ભાઈશ્રી વાડીમાં ધ્યાન કરતા બેઠા હતા.

ભીમાભાઈ, ખીમજીભાઈ, નાથજીભાઈ, લક્ષ્મીભાઈ, ભાઈશ્રીના દર્શન કરવા આવ્યા.

ભીમાભાઈ કહે, ‘ભાઈશ્રી ક્યાંય દેખાતા નથી?’

લક્ષ્મીભાઈ કહે, ‘કોઈને દર્શન આપવા ગયા હશે.’

ખીમજીભાઈ કહે, ‘ના ક્યાંય નથી ગયા. એ રહ્યા ઝાડ નીચે.’

નાથજીભાઈ કહે, ‘ભાઈશ્રી ધ્યાનમાં બેઠા છે. આપણે બાજુમાં બેસી જઈએ.’

ખીમજીભાઈ કહે, ‘વાતો ન કરશો ભાઈશ્રી જાગી જશે.’

ઠંડો પવન આવતો હતો.

ભીમાભાઈ કહે, ‘પવન બહુ સરસ આવે છે. ક્યાંક ઊંઘ ન આવી જાય.’

નાથજીભાઈ કહે, ‘મને તો ક્યારની ઊંઘ આવે છે. જો હું ડોલાં ખાવા લાગું તો લક્ષ્મીભાઈ, ભાઈશ્રી જાગે ત્યારે મને જગાડજો.’

ખીમજીભાઈ કહે, ‘લક્ષ્મીભાઈ મને પણ જગાડજો.’

બધા ડોલાં ખાવા લાગ્યા.

લક્ષ્મીભાઈ થોડીવાર બેઠા પછી તેમને પણ ડોલાં આવવા લાગ્યા.

ભાઈશ્રીએ જાગીને જોયું તો બધા ડોલાં ખાતાં હતા.

ભાઈશ્રીને નહાવા જવું હતું તેથી તેઓ ઊઠીને ચાલ્યા ગયા.

અચાનક લક્ષ્મીભાઈની આંખ ઉઘડી જોયું તો ભાઈશ્રી હતા નહિ.

તેમણે બધાને જગાડ્યા કહે, 'ઊઠો, ભાઈશ્રી ઊઠીને જતા રહ્યા.'

નાથજીભાઈ કહે, 'આપણને ડોલા આવ્યા તેમાં ભાઈશ્રી જતા રહ્યા,

ખીમજીભાઈ કહે, 'મંદિરે ગયા હશે. ચાલો મંદિરે જઈએ.'

ત્યાં જઈ જોયું તો ભાઈશ્રી ત્યાં હતા નહિ.

લક્ષ્મીભાઈએ એક હરિભક્તને પૂછ્યું, 'ભાઈશ્રી અહીં આવ્યા છે?'

હરિભક્ત કહે, 'ના, પણ કદાચ ઘરે ગયા હશે.'

બધા ઉતાવળા ભાઈશ્રીના ઘરે ગયા.

દેવુબાઈ કહે, 'અહીં નથી. વાડીમાં જ હશે.'

નાથજીભાઈ કહે, 'જલદી જઈએ. નહિ તો ભાઈશ્રી નીકળી જશે.'

ભાઈશ્રી ત્યાં પણ ન હતા.

એક સેવક કહે, 'ભાઈશ્રી તો બીજી વાડીમાં છે.'

બધા જલદી-જલદી બીજી વાડીમાં ગયા.

ભાઈશ્રી ઝાડ નીચે ધ્યાન કરતા હતા.

બધા હરખાયા.

થોડીવારે ભાઈશ્રી જાગ્યા.

કાંઈ ખબર ન હોય તેમ પૂછ્યું, 'તમે બધા ક્યારે આવ્યા?'

નાથજીભાઈએ બધી વાત કરી.

ભાઈશ્રી કહે, 'મહારાજના કે મુક્તના જ્યારે દર્શન કરવા જઈએ, ત્યારે દેહના ભાવ ભૂખ, તરસ, ઊંઘ તેની સામે ન જોવાય. જો તેનું કહ્યું કરીએ તો દર્શનનો લાભ મળે નહિ.'

ખીમજીભાઈ કહે, 'ભાઈ, તમારી વાત સાચી છે. અમને ડોલાં આવ્યાં એટલામાં તમે ઊઠીને ચાલ્યા ગયા.'

ભાઈશ્રી કહે, 'સહેજવાર ઊંઘ આવી તેમાં દર્શન થવામાં આટલી વાર થઈ ગઈ.'

લક્ષ્મીભાઈ કહે, 'હા ભાઈ, આજે એવું થયું ખરું.'

ભાઈશ્રી કહે, 'મોટાના દર્શન તો વીજળીનો ઝબકારો થાય તેમાં મોતી પરોવી લઈએ તેના જેવા છે. ઝબકારો તો અચાનક જ થાયને?'

નાથજીભાઈ કહે, 'હા, ભાઈ.'

ભાઈશ્રી કહે, 'દર્શન કરવામાં આતુરતા રાખવી. આળસ ન કરાય. વીતી ગયેલો સમય પાછો આવતો નથી. એક વખત દર્શન ન થાય તો પછી કોને ખબર ક્યારે થાય?'

બધા કહે, 'ભાઈ, હવે અમે ક્યારેય આળસ નહિ કરીએ.'

ભાઈશ્રી કહે, 'ભગવાનનું સુખ મોંઘુ બહુ છે, તે આજે સોંઘુ થયું છે. ભગવાનનો મહિમા સાચા સંત પાસેથી સમજી ભગવાનને જેવા છે તેવા જાણવા તો કલ્યાણ થાય.'

બધા ઘણા રાજી થયા, કે ભાઈશ્રીએ આજે સરસ સમજણ આપી.

ભાઈશ્રીને બધા પગે લાગ્યા.

ભાઈશ્રીએ આશીર્વાદ આપ્યા.

**શબ્દનો અર્થ**

ડોલાં = ઝોકાં, ઊંઘ આવવી

સોંઘુ = સસ્તું

→ ભગવાન અને મુક્તના દર્શન કરવામાં ભૂખ, તરસ, ઊંઘને ન ગણવા.

→ ભગવાન તથા મુક્તના દર્શન આતુરતાપૂર્વક કરવા.

→ મુક્ત દયા કરી દર્શન આપતા હોય ત્યારે લાભ લઈ લેવો. નહિ તો સમય ચાલ્યો જાય.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો**

૧. બધાને શા માટે ડોલાં આવવા લાગ્યા?

૨. ભાઈશ્રી ઊઠીને ક્યાં ગયા?

૩. હરિભક્તોએ ભાઈશ્રીની ક્યાં-ક્યાં તપાસ કરી?

૪. ભાઈશ્રીએ ભગવાન તથા મુક્તના દર્શન કઈ રીતે કરવાનું કહ્યું?

૫. મોટાના દર્શન કેવા છે?

**નીચેની ખાલી જગ્યા પૂરો**

૧. ભાઈશ્રી વાડીમાં ——— કરતા બેઠા હતા.

૨. ભાઈશ્રીને ——— જવું હતું એટલે તેઓ ચાલ્યા ગયા.

૩. દર્શન કરવામા દેહના ——— ન જોવાય.

૪. મોટાના દર્શન ——— ના ઝબકારા જેવા છે.

૫. ભગવાનનું સુખ બહુ ——— છે તે આજે ——— થયું છે.

## યોગ્ય ક્રમમાં ગોઠવો

૧. કલ્યાણ ભગવાનને જેવા જાણવા છે સાચા તેવા પાસેથી થઈ સંત જાય તો.

# ૨૨ બાળકો માટે દેહની અવગણના

કેટલાય દિવસ થઈ ગયા.

ભાઈશ્રી ખાટલામાંથી ઊઠી શકતા નથી.

કેસરાભાઈ ભાઈશ્રીના સમાચાર પૂછવા આવ્યા.

ભાઈશ્રી કહે, 'વાંસા પર વજનના કલ્લા પડ્યા ત્યારથી ઊઠાતું નથી. કમરમાં દુ:ખાવો બહુ થાય છે.'

કેસરાભાઈ કહે, 'ભાઈ, થોડો શેક કરો તો સારું થાય.'

ગામમાંથી છોકરાઓ આવ્યા.

વાલબાને કંઈક કહેવા લાગ્યા.

ભાઈશ્રીનું ધ્યાન ત્યાં ગયું.

વાલબાને પૂછ્યું, 'ગગી, છોકરાઓ શું કહે છે?'

વાલબા કહે, 'બાપા, તેમને ખારેકો ખાવી છે.'

ભાઈશ્રી કહે, 'છોકરાઓ અહીં આવો શું જોઈએ છે?'

બાળકો કહે, 'બાપા, અમારે ખારેક ખાવી છે.'

ભાઈશ્રી કહે, 'એમ ! સારું લઈ લો.'

બાળકો કહે, 'બાપા, ખારેકો ઊંચે ઝાડ પર છે. અમે કેવી રીતે લઈએ?'

કેસરાભાઈ કહે, 'છોકરાઓ થોડા દિવસ પછી આવજો. ભાઈશ્રીને સારું થશે એટલે તમને તોડી આપશે.'

છોકરાઓ કાંઈ બોલ્યા વગર ભાઈશ્રી સામે જોઈ રહ્યા.

કેસરાભાઈ કહે, 'જાઓ ભાઈશ્રીને દુ:ખાવો બહુ થાય છે.'

કેસરાભાઈએ હજી તો વાક્ય પૂરું કરીને જોયું તો ભાઈશ્રી

ખાટલા પર ન હતા.

કેસરાભાઈ અને છોકરાઓને નવાઈ લાગી કે, ભાઈશ્રી ગયા ક્યાં?

બધા આમ - તેમ જોવા લાગ્યા.

ભાઈશ્રી ક્યાંય દેખાયા નહિ.

એક છોકરો કહે, 'એટલીવારમાં બાપા ક્યાં અદૃશ્ય થઈ ગયા?'

કેસરાભાઈ કહે, 'હજી હમણાં તો અહીં હતા.'

બધા એક બીજા સામું જોઈ રહ્યા કે, ભાઈશ્રી ગયા ક્યાં?

એટલામાં ભાઈશ્રી ઝાડ પરથી બોલ્યા, 'આમ-તેમ શું જુઓ છો? હું આ રહ્યો ઝાડ પર. છોકરાઓ માટે ખારેકો તોડવા ચડ્યો છું.'

કેસરાભાઈ કહે, 'ભાઈ, તમને કમરમાં દુઃખે છે. વધારે દુઃખશે નીચે આવતા રહો.'

ભાઈશ્રી કહે, 'બાળકો ખારેક માંગે પછી મારાથી ના ન પડાય. દુઃખાવો તો મહારાજ મટાડી દેશે.'

ભાઈશ્રી ખારેકો તોડી ધોતિયામાં ભરવા લાગ્યા.

છોકરાઓ આનંદિત થઈ ગયા.

નીચેથી બૂમો પાડે.

'બાપા, પેલી ડાળ પર પાકી ખારેકો છે.'

બીજો કહે, 'બાપા, ત્યાં ઘણી બધી છે ત્યાંથી તોડો.'

ભાઈશ્રી બધી ડાળ પર ગયા. અને ઘણી બધી ખારેકો તોડી નીચે ઊતર્યા.

છોકરાઓ કૂદવા લાગ્યા. કહે 'બાપા મને આપો મને આપો.'

ભાઈશ્રી કહે, 'બધાને મળશે. બધા લાઈનમાં બેસી ભગવાનનું

નામ લ્યો.'

બધાએ તેમ કર્યું.

ભાઈશ્રીએ બધાને ખારેક આપી અને કહે, 'ખાઓ દીકરાઓ. આ તો મહારાજની પ્રસાદી છે. જેને જેટલી ખાવી હોય તેટલી ખાઓ.'

છોકરાઓ રાજી-રાજી થઈ ગયા.

ખારેક ખાઈ ભાઈશ્રીને પગે લાગી દોડતા-કૂદતા ચાલ્યા ગયા.

કેસરાભાઈ કહે, 'ભાઈ, કમરનો આવડો દુઃખાવો હતો છતાં શા માટે ઝાડ પર ચડ્યા?'

ભાઈશ્રી કહે, 'બાળકો હોંશથી ખારેક માંગવા આવ્યા હતા તેને ના કેમ પડાય?'

કેસરાભાઈ કહે, 'પણ તમને કેટલું બધું દુઃખે છે.'

ભાઈશ્રી કહે, 'બાળકો તો નિર્ગુણ મૂર્તિ કહેવાય. તેઓ તો પ્રભુના પણ પ્યારા છે. બાળકો માટે આ દેહનાં દુઃખ શું ગણવાં? મને બાળકો બહુ વહાલા છે. તેમની સામે આ દુઃખ કાંઈ નથી.

કેસરાભાઈ કહે, 'ભાઈ, તમે ધન્ય છો.'

ભાઈશ્રીનો બાળકો પ્રત્યેનો પ્રેમ અહીં પ્રદર્શિત થાય છે. બાળકો પ્રત્યે એટલો બધો પ્રેમ છે કે, દેહના દુઃખને પણ ગણતા નથી. પોતે કષ્ટ વેઠીને પણ બાળકોને રાજી કરે છે.

**શબ્દનો અર્થ**

કલ્લાં = વજનિયું, વજન કરવાના કાટલા

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. ભાઈશ્રીથી શા માટે ઉઠાતું ન હતું?

૨. છોકરાઓ વાડીમાં શા માટે આવ્યા હતા?

૩. બાળકો શા માટે ખારેક લઈ શકતા ન હતા?

૪. ભાઈશ્રી અચાનક ક્યાં ગયા?

૫. બાળકો વિશે ભાઈશ્રી શું કહેતા?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. વાંસા પર —— પડ્યાં ત્યારથી ઉઠાતું નથી.

૨. બાપા તેઓને —— ખાવી છે.

૩. ભાઈશ્રી —— પર હતા.

# ૨૩ સદાય બાળકોની રક્ષામાં

ભાઈશ્રીની સુંદર વાડી.

ભાઈશ્રીની વાડી એટલે દરેક બાળકને મન પોતાની વાડી.

ગામના બાળકોને મન થાય ત્યારે આવે.

જે જોઈએ તે લઈ જાય.

એક વખત ત્રણ બાળકીઓ વાડીમાં આવી.

ઝાડ પર ચડી પોપટીઓ તોડવા લાગી.

દેવુબાઈએ દૂરથી આ જોયું.

તેમણે બૂમ મારી ‘દીકરીઓ, પડી જશો.’

એક છોકરીએ જોયું તે બીજીને કહે, ‘દેવુબાઈ આવે છે જલદી નીચે ઊતર.’

બીજી છોકરી જલદી જલદી ઊતરવા લાગી.

ત્રીજી છોકરી ઊતરી શકી નહિ. તે વધારે ઉપર ચડી ગઈ હતી.

દેવુબાઈને ત્યાં આવતા જોઈ એક બાળકી કહે, ‘જલદી ભાગ દેવુબાઈ અહીં જ આવે છે.’

બંને છોકરીઓ ભાગીને એક ઝાડ પાછળ સંતાઈ ગઈ.

ત્રીજી છોકરી ઝાડ પર જ રહી ગઈ.

બંને છોકરી દૂરથી જ ત્રીજીને કહેવા લાગી, ‘જલદી નીચે ઊતરીને આવતી રહે.’

ત્રીજી કહે, ‘હું અહીંથી ઊતરીશ તો પકડાઈ જઈશ.’

પહેલી કહે, ‘તો પછી પેલી બાજુથી ઊતરી જા.’

છોકરી ઝાડની તે બાજુથી ઊતરવા ગઈ.

તે બાજુ ડાળી પાતળી હતી.
છોકરી જેવી તે ડાળ પર ગઈ તરત ડાળ તૂટી ગઈ.
છોકરી ડાળ પર લટકાઈ ગઈ.
ભાઈશ્રીએ દૂરથી આ જોયું.
છોકરી પડી જાય તેની પહેલા દોડતા ત્યાં આવી છોકરીને તેડી લીધી.
ભાઈશ્રી, કહે, 'બેટા! ગભરાઈશ નહિ તને ક્યાંય વાગ્યું નથી.'
ભાઈશ્રી પેલી બંને છોકરીઓ પાસે પણ હતા.
તેમને કહે 'દીકરીઓ ગભરાઓ નહિ.'
પહેલી કહે, 'દેવુબાઈ વઢશે.'
ભાઈશ્રી કહે, 'કોઈ નહિ વઢે. તમારે જે જોઈએ તે લઈ લો.'
બંને જગ્યાએ ભાઈશ્રી એક જ સમયે હતા.
ભાઈશ્રીએ બે સ્વરૂપો કર્યા હતા.
બે સ્વરૂપો કરી ત્રણે ય છોકરીઓને એક સાથે સમજાવતા હતા.
દેવુબાઈને કહે, 'બાળકોને શું કામ વઢવાનું? ઝાડ મહારાજનાં અને બાળકો પણ ભગવાનના. તેના ફળો તો પક્ષી પણ ખાય અને બાળકો પણ ખાય.'
દેવુબાઈ કહે, 'મને એમ કે, દીકરીઓ પડી જશે.'
ભાઈશ્રી કહે, 'તમારી બીકે અત્યારે આ દીકરી પડી જાત.'
દેવુબાઈ કહે, 'હવે ક્યારેય નહિ વઢું.'
ભાઈશ્રીના બે સ્વરૂપો જોઈ દીકરીઓ આશ્ચર્યમાં પડી ગઈ.
ભાઈશ્રીએ એક સ્વરૂપ કરી બધાને પાસે બેસાડી પ્રેમથી પોપટીઓ આપી.

ત્રણે ય બાળકીઓ ખુશ થઈ ગઈ.
હરખાતી-હરખાતી ઘેર ગઈ.

---

**શબ્દનો અર્થ**

હરખાવું = આનંદ પામવું
પોપટી = પીપળાનું ફળ

→ ભાઈશ્રીને બાળકો ખૂબ જ વહાલા, જેથી બાળકોને કષ્ટ ન થાય તેનું હંમેશાં ધ્યાન રાખતા અને તેમની રક્ષામાં પહોંચી જતા.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નના ઉત્તર આપો.**

૧. બાળકીઓ ઝાડ પર શું કરતી હતી?
૨. બાળકીઓ ઝાડ પરથી નીચે શા માટે ઊતરવા લાગી?
૩. ત્રીજી બાળકી શા માટે પડી ગઈ?
૪. ભાઈશ્રીએ દેવુબાઈને શું કહ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. ભાઈશ્રીની —— એટલે દરેકને મન પોતાની વાડી.
૨. ઝાડ પણ મહારાજના અને —— પણ ભગવાનના.
૩. ભાઈશ્રીએ બે —— કર્યા હતા.

●

# ૨૪ નાની વાતમાં ભગવાનનું ધામ

એક વખતની વાત છે.

બપોરનો સમય હતો.

વાડીમાં બધા આરામ કરતા હતા.

ભાઈશ્રી વાડીમાં આંટો મારવા નીકળ્યા.

ભાઈશ્રીએ જોયું તો એક બાળકી ખૂણામાં બેઠી-બેઠી રમતી હતી.

ભાઈશ્રી તેની નજીક ગયા.

બાળકી રમવામાં મશગુલ હતી.

ભાઈશ્રી બાળકીની પાછળ હતા.

બાળકી મલોખડા ભેગા કરી તેને છોલી-છોલીને તેનો ખાટલો બનાવી રહી હતી.

ભાઈશ્રીએ પાછળથી ધીમેથી પગ માર્યો એટલે ખાટલો તૂટી ગયો.

બાળકી પાછળ જોયા વગર બોલવા લાગી, 'કોણ છે? હું ક્યારની મહેનત કરી ખાટલો બનાવતી હતી. આમ શું તોડી નાંખતા હશે?'

ભાઈશ્રી હસવા લાગ્યા કહે, 'પાછળ તો જો કોણ છે તે.'

બાળકીને ભાઈશ્રીનો મહિમા બહુ.

અવાજ સાંભળી પાછળ જોયું તો ભાઈશ્રી.

તે શરમાઈ ગઈ. થોડી પાછળ ચાલી ગઈ.

ભાઈશ્રી કહે, 'અહીં આવ.'
બાળકી કહે, 'મને ખબર નહિ પાછળ તમે છો.'
ભાઈશ્રી કહે, 'અહીં તો આવ.'
બાળકી ફરી કહેવા લાગી, 'મેં પાછળ જોયા વગર તમને ગમે-તેમ કહ્યું તે મારી ભૂલ થઈ. મને માફ કરો.'
બાળકીએ પોતાની ભૂલની માફી માંગી તેથી ભાઈશ્રી રાજી થયા. બાળકી પાસે જઈ કહે, 'કાંઈ વાંધો નહિ. લે આ સાકર. તે ભૂલની માફી માંગી તે મને ખૂબ ગમ્યું. તું આ વાત યાદ રાખજે કે, ભાઈશ્રીએ મારો ખાટલો તોડી નાંખી મને સાકર આપી હતી.'
બાળકી ભાઈશ્રીને પગે લાગી.
ભાઈશ્રી કહે, 'જો તું આ વાત યાદ રાખીશ તો હું તને ભગવાનના ધામમાં લઈ જઈશ.'
વર્ષો વીત્યા.
બાળકી મોટી થઈ.
તેને ભાઈશ્રીના વચનમાં પૂરો વિશ્વાસ. નાનપણમાં ભાઈશ્રીએ કહેલી વાત તેણે બરાબર યાદ રાખી.
ભાઈશ્રીની સેવા કરે અને બીજા કામ પણ કરે.
દિવસો વિત્યા.
એક વખત તે માંદી પડી.
બધાને કહે, 'ભાઈશ્રીએ મને કહ્યું છે, તેથી તેઓ મને ધામમાં તેડી જશે.'
બધા કહે, 'એ તો નાનપણમાં સમજાવવા કહ્યું હોય. ભાઈશ્રી તો ભૂલી પણ ગયા હશે.'

બાળકી કહે, ‘બધા ભૂલી જાય, પણ ભાઈશ્રી ક્યારેય ન ભૂલે, મને વિશ્વાસ છે.’

ભાઈશ્રી ખરેખર ભૂલ્યા ન હતા.

મહારાજ સાથે બાળકીને દર્શન આપ્યાં.

બાળકી આનંદિત થઈ ગઈ.

બધાને કહે, ‘મેં કહ્યું હતું ને! આ મહારાજ સાથે ભાઈશ્રી મને ધામમાં તેડી જવા આવ્યા.’

આમ બોલી બાળકીએ દેહનો ત્યાગ કર્યો.

---

**શબ્દનો અર્થ**

મલોખડા = સાંઠીકડા (સૂકી લાકડી)

ઢૂંકડા = નજીક, પાસે

→ અનાદિમુક્ત કલ્યાણનું દ્વાર છે.

→ બાળકીની જેમ આપણે પણ મુક્ત આગળ ભૂલની માફી માંગીએ તો ભગવાન ઢૂંકડા થઈ જાય.

→ મોટાના વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ તો તેઓ પોતાનું વચન જરૂર પાળે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાળકી શું કરતી હતી?

૨. ભાઈશ્રીએ પાછળથી શું કર્યું?

૩. ભાઈશ્રી શા માટે ખુશ થયા?

૪. ભાઈશ્રીએ બાળકીને કયું વચન આપ્યું?

## નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાળકી ——— ભેગા કરી તેને છોલી —— બનાવતી હતી.

૨. પાછળ જોયા વગર તમને ગમે તેમ કહ્યું તે મારી ——— થઈ. મને ——— કરો.

૩. ભાઈશ્રીના ——— માં પૂરો વિશ્વાસ.

## યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. ધામમાં જઈશ રાખીશ હું તને તો આ લઈ જો તું વાત ભગવાનના યાદ.

●

# (૨૫) અંકુર ફૂટતા સિંચન

ભાઈશ્રી વાડીમાં કામ કરતા હતા.
પુત્રી વાલબા વાડીમાં આવ્યાં.
વાલબા કહે, 'બાપા, મારે પણ કામ કરવું છે.'
વાલબા નાના. શું કામ કરે?
ભાઈશ્રી વિચારીને કહે 'વાલબા, પક્ષીઓ અનાજ ખાઈ જાય છે તેને તમે ઉડાડો.'
વાલબા ભગવાનનું નામ લેતા જાય અને પક્ષીને ઉડાડતા જાય.
ભાઈશ્રી કહે, 'ગગી, અહીં મારી પાસે આવ.'
વાલબા કહે, 'બાપા, પંખી અનાજ ખાઈ જશે.'
ભાઈશ્રી કહે, 'હવે નહિ ખાય તમે અહીં આવો.'
વાલબા આવ્યા અને ભાઈશ્રી પાસે બેઠાં.
થોડી-થોડી વારે અનાજ સામે જુએ.
પક્ષીઓ અનાજ ખાઈ શકતાં ન હતાં.
વાલબાને બહુ આશ્ચર્ય થયું.
હવે તેઓ શાંતિથી ભાઈશ્રી પાસે બેઠાં.
ભાઈશ્રી કહે, 'ગગી, પોંક શેક તો બધાને પ્રસાદી મળે.'
વાલબા કહે, 'બાપા, 'અહીં તાપણું ક્યાંથી કરું?'
ભાઈશ્રી કહે, 'તાપણું હું કરી આપું છું.'
ભાઈશ્રી સૂકી લાકડીઓ ગોતી લાવ્યા અને તાપણું સળગાવ્યું.
વાલબાએ પોંક શેકી આપ્યો.
ભાઈશ્રી આંખ બંધ કરી પોંક મહારાજને ધરાવવા લાગ્યા.

વાલબા કહે, 'બાપા, આંખો બંધ કરી શું બેસી રહ્યા છો? પોંક ખાઓને?'

ભાઈશ્રી કહે, 'તમે પ્રેમથી થાળ તૈયાર કર્યો તે થાળ મહારાજને જમાડતો હતો. હવે આ પોંક નથી.'

વાલબા કહે, 'આ તો પોંક જ છે.'

ભાઈશ્રી કહે, 'ના. આ હવે અક્ષરધામની પ્રસાદી છે. મેં મહારાજને પોંક જમાડ્યો. મહારાજ પોંક જમ્યા. આ રહી પ્રસાદી.'

વાલબા અને ભાઈશ્રીએ થોડો પોંક જમાડ્યો. બાકીનો બીજા માટે રાખી મૂક્યો.

ભાઈશ્રી કહે, 'ગગી, તને ધ્યાન કરતા આવડે છે?'

વાલબા કહે, 'ભગવાનની સામે જોઈ રહું વધારે ખબર ન પડે.'

ભાઈશ્રી કહે, 'દીકરા, આપણને ભગવાનની જે મૂર્તિ ગમતી હોય તે મૂર્તિ લેવાની.'

વાલબા કહે, 'મારી પૂજામાં મહારાજની જે મૂર્તિ છે તે મને બહુ ગમે છે.'

ભાઈશ્રી કહે, 'સવારમાં વહેલા ઊઠવાનું અને એ મૂર્તિને સારા આસન ઉપર પધરાવવાની.'

વાલબા કહે, 'બાપા, એવું તો હું રોજ કરું છું તેને ધ્યાન કહેવાય?'

ભાઈશ્રી કહે, 'બેટા! વચમાં નહિ બોલવાનું. હું સમજાવું છું તે ધ્યાન રાખી સમજી લેવાનું.'

વાલબા કહે, 'સારું બાપા હવે વચમાં નહિ બોલું. કાંઈ નહિ સમજાય તો છેલ્લે તમને પૂછીશ.'

ભાઈશ્રી કહે, 'મૂર્તિને આસન ઉપર પધરાવી તેની સામું જોયા કરવાનું. પછી આંખ બંધ કરી અંદર મૂર્તિ જોવાનો પ્રયત્ન કરવાનો. બરાબર?'

વાલબા કહે, 'સારું બાપા હવે હું તેમ જ કરીશ.'

ભાઈશ્રી કહે, 'ગગી! અત્યારથી જ જો ધ્યાન કરવાનો અભ્યાસ પાડીશ તો તને મહારાજનું ધ્યાન જરૂર થશે અને મહારાજ રાજી થશે.'

વાલબા કહે, 'બાપા, હું રોજ સવારે વહેલી ઊઠીને ધ્યાન કરીશ.'

ભાઈશ્રી કહે, 'કોઈ પણ કામ કરતા તે મૂર્તિ ભૂલવી નહિ. તે અખંડ સાંભરે તેવા પ્રયત્નો કરવા. નાનપણથી જ જો પ્રયત્નો કરીએ તો મહારાજ વહેલા રાજી થાય.'

---

**શબ્દનો અર્થ**

પોંક = બાજરી, જુવારના કણે ચડેલા ડૂડાં શેકીને દાણા છૂટા પાડ્યા હોય તે.

તાપણું = સાંઠા વગેરેનો સળગાવેલો અગ્નિ.

અખંડ = સળંગ

→ કોઈ પણ વસ્તુ મોઢામાં મૂકતા પહેલા મહારાજને ધરાવવી. બહાર ગયા હોઈએ ત્યારે અંતરમાં મૂર્તિ ધારી મહારાજને જમાડવું ને પછી જમવું.

→ ભાઈશ્રીનો હંમેશાં એવો મત કે બાળકોને નાનપણથી જ મહારાજ તરફ વાળી દેવા જેથી તેઓ ભટકી ન જાય.

→ ભાઈશ્રી શીખવે છે કે, જ્યારે મોટા વાત કરતા હોય ત્યારે

તેને ધ્યાનથી સાંભળવી ને ન સમજાય તે છેલ્લે પૂછવું.

→ ભાઈશ્રી અહીં ધ્યાન કેમ કરવું તે પણ શીખવે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. વાલબા વાડીમાં કયું કામ કરતા હતા? ભાઈશ્રીએ તેમને શું કરવાનું કહ્યું?

૨. પોંકને ભાઈશ્રીએ શું કહ્યું?

૩. ભાઈશ્રીએ ધ્યાન કરતા કેવી રીતે શિખવાડ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બાપા મારે પણ ——— કરવું છે.

૨. ——— નું નામ લેતા જાય અને ——— ને ઉડાડતા જાય.

૩. વાલબા ———— શેકો તો બધાને ——— મળે.

૪. આ ——— નથી. આ તો ——— ની પ્રસાદી છે.

૫. ——— ને આસન ઉપર રાખી તેના સામું જોયા કરવું.

૬. મૂર્તિ ——— સાંભરે તેવા પ્રયત્નો કરવા.

# ૨૯ અનાદિમુક્તને સુગમ એવી સમાધિ

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો.
ભાઈશ્રી અને ઘણા સંતો તેમની પાસે બેઠા હતા.
બધાના ચહેરા પર ચિંતા હતી.
નિર્ગુણદાસજી સ્વામી શાંત હતા.
સ્વામી ભાઈશ્રીને કહે, ‘તમે ઘણીવાર સમાધિમાં જાઓ છો. દિવસોના દિવસો સમાધિમાં રહો છો.’
ભાઈશ્રી કાંઈ બોલ્યા નહિ.
સ્વામી કહે, ‘ભાઈ, તમે સમાધિમાં જાઓ.’
ભાઈએ પૂછ્યું, ‘કેમ?’
સ્વામી કહે, ‘સમાધિમાં જઈ મહારાજને પૂછી આવો કે મને ધામમાં ક્યારે તેડી જશે?’
ભાઈશ્રી કહે, ‘સ્વામી, તમારે આવવા જવાપણું ક્યાં છે? તમે તો સદાય મૂર્તિમાં જ રહો છો.’
સ્વામી કહે, ‘એ વાત સાચી છે. પણ આ દેહ ક્યારે છોડાવશે તે પૂછી આવો.’
ભાઈશ્રી કહે, ‘તમને ક્યાં નથી ખબર? આપ તો સર્વ જાણો છો.’
સ્વામી કહે, ‘તમે વૃષપુરમાં સમાધિમાં જતા તેથી ત્યાંના લોકોને દર્શન થયા છે. અહીં તમે સમાધિ કરી મહારાજને પૂછી આવો તો બધાને દર્શન થાય. બધાને તમારી સામર્થીની જાણ થાય.’

ભાઈશ્રી કહે, 'એમાં શું?'
સ્વામી કહે, 'ના ભાઈ, તમે સમાધિ કરી મહારાજને પૂછી આવો.'
સ્વામીએ ઘણો આગ્રહ કર્યો.
એટલે ભાઈશ્રીએ હા પાડી.
ભાઈશ્રી સમાધિમાં ચાલ્યા ગયા.
બધા જોવા લાગ્યા. હવે શું થશે?
ભાઈશ્રી ઠેઠ સાંજે ઊઠ્યા.
બધા ભાઈશ્રી પાસે આવ્યા.
ભાઈશ્રી કહે, 'હું સમાધિ કરી મહારાજ પાસે ગયો હતો. સ્વામી મહારાજની મૂર્તિમાં લીન થઈ સુખ ભોગવતા હતા.'
બધા એક ચિત્તે સાંભળતા હતા.
ભાઈશ્રી કહે, 'સ્વામી બહુ મહાન છે. તેઓ અનાદિમુક્ત છે.
સંતો કહે, 'હા, અમને તેની જાણ છે.'
ભાઈશ્રી કહે, 'મહારાજે મને કહ્યું છે કે તેઓ સ્વામીને આસો સુદ ૧ પડવાને દિવસે રાત્રે એક વાગે પોતાના ધામમાં તેડી જશે.'
બધાને બહુ આશ્ચર્ય થયું.
કેટલાકને આ વાત સાચી ન મનાણી.
ભાઈશ્રીને કહે, 'તમને કેવી રીતે ખબર ?'
ભાઈશ્રી કહે, 'મહારાજે મને કહ્યું છે. હું શા માટે અમથું કહું?
તેઓ કહે, 'જોઈશું એ તો.'
તેમને ભાઈશ્રીના વચનમાં વિશ્વાસ ન આવ્યો.
ભાઈશ્રી તો વૃષપુર આવતા રહ્યા.

આસો સુદી ૧ પડવાનો દિવસ આવ્યો.
હરિભક્તો અને સંતો સ્વામીની સેવા બરાબર કરતા હતા.
તેમને ખબર હતી. સ્વામીને આજે મહારાજ તેડી જશે.
પેલા દ્વેષી લોકો જોવા આવ્યા.
બરાબર એક વાગે સ્વામીને મહારાજ ધામમાં તેડી ગયા.
બધા શોકાતુર થઈ ગયા.
પેલા લોકો પસ્તાવો કરવા લાગ્યા.
એક-બીજાને કહે, 'આપણે ભાઈશ્રી જેવા મહાન મુક્તની વાતમાં અવિશ્વાસ કર્યો. હવે વૃષપુર જઈ ભાઈશ્રીની માફી માંગીશું.'
વૃષપુર આવી તેમણે ભાઈશ્રીની માફી માંગી પસ્તાવો કર્યો.

---

**શબ્દનો અર્થ**

ભોગવવું = મેળવવું.

→ નિર્ગુણદાસજી સ્વામી અનાદિમુક્ત હતા. તેઓ ભાઈશ્રીને ઓળખતા પણ બીજાને ભાઈશ્રીનો મહિમા જણાય માટે ભાઈશ્રીને સમાધિ કરવાનું કહ્યું.

→ ભાઈશ્રી વૃષપુરમાં ઘણી વખત દિવસોના દિવસો સુધી સમાધિમાં રહેતા. કોઈવાર સાત દિવસ, કોઈવાર અગિયાર દિવસ તો કોઈવાર એકવીસ દિવસ સુધી સમાધિમાં રહેતા.

→ સમાધિ થવી એ તો મોટા-મોટા ઋષિ-મુનિઓને માટે પણ ખૂબ જ અઘરી વાત છે. પણ અનાદિમુક્ત માટે સાવ સુગમ છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બધાના ચહેરા પર ચિંતા શા માટે હતી?

૨. સ્વામીએ ભાઈશ્રીને શું કરવાનું કહ્યું?

૩. ભાઈશ્રીએ સમાધિમાં શું જોયું?

૪. સમાધિમાંથી આવ્યા બાદ ભાઈશ્રીએ શી વાત કરી?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. તમે ઘણીવાર ——— માં જાઓ છો.

૨. સમાધિમાં જઈ ——— ને પૂછી આવો કે મને ——— માં ક્યારે તેડી જશે.

૩. સ્વામી તમારે ——— પણું ક્યાં છે? તમે તો સદાય ——— માં જ રહો છો.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. ભોગવતા લીન મહારાજની સુખ હતા મૂર્તિમાં થઈ સ્વામી.

●

# ૨૭ પાણીના છાંટામાં મૂર્તિ મળી

વાડીમાં ખાટલો પાથરી ભાઈશ્રી બેઠા છે.
હરિભક્ત આવી ભાઈશ્રીને પગે લાગ્યા.
ભાઈશ્રી કહે, 'કેમ આવવું થયું?'
હરિભક્ત કહે 'ભાઈ, મારો એક સંકલ્પ છે. જો આપ હા પાડો તો, મારે તેમ કરવું છે.'
ભાઈશ્રી કહે, 'શું? કહો?'
હરિભક્ત કહે, 'મારો એવો સંકલ્પ છે કે, આખા ગામની નિયાણીયોને મારે જમાડવી છે.'
ભાઈશ્રી કહે, 'વિચાર બહુ સારો છે.'
હરિભક્ત રાજી થયા કહે, 'ભાઈ, તો હું દિવસ નક્કી કરું?'
ભાઈશ્રી કહે, 'ભગત, તમે નિયાણીયુંને જમાડશો પછી તેમના બાળકો ક્યાં જશે? તેઓ ઘરે એકલા નહિ રહી જાય?'
હરિભક્ત કહે, 'ભાઈ, મેં બાળકોનો વિચાર તો નથી કર્યો.'
ભાઈશ્રી કહે, 'બાળકો એકલા ઘરે રડે. બાળકોને પહેલા જમવા બોલાવવા જોઈએ. બાળકો તો નિર્દોષ અને નિર્ગુણ મૂર્તિ કહેવાય.'
હરિભક્ત સાંભળી રહ્યા.
ભાઈશ્રી કહે, 'બાળકોને જમાડીએ તો ભગવાન રાજી થાય.'
હરિભક્ત કહે, 'ભાઈ, તમારી વાત સાચી છે હું નિયાણીયુંની સાથે તેમના બાળકોને પણ જમવા બોલાવીશ.'
ભાઈશ્રી ઘણા રાજી થયા.

જમણવારને દિવસે હરિભક્ત ભાઈશ્રી પાસે આવ્યા.
કહે, ‘ભાઈ, આશીર્વાદ આપવા પધારો.’
ભાઈશ્રી કહે, ‘બાળકો જમવા બેસે ત્યારે મને બોલાવજો.’
બાળકોની પંગત થઈ.
બાળકો વાતો કરે.
ભીમો કહે, ‘બાપા મને બહુ વહાલ કરે છે.’
જાદવો કહે, ‘તારા કરતા બાપાને મારા પર હેત વધારે છે.’
લક્ષ્મી કહે, ‘બાપા તો મારા જ છે. તેઓ મને જ સૌથી વધારે વહાલ કરે છે.’
હીરજી કહે, ‘ના હવે. બાપા મને જ વહાલ કરે છે. મને ક્યારેય વઢ્યા નથી.’
ભીમજી કહે, ‘મારી એકવાર ભૂલ થઈ હતી, તો પણ મને વઢ્યા નહોતા. પ્રેમથી મને સમજાવ્યો હતો. બાપા મારા જ છે.’
ખીમજી કહે, ‘હું જ્યારે બાપાને મળવા જાઉં છું. ત્યારે બાપા મને તેમના ખોળામાં બેસાડે છે અને ખાવાનું પણ આપે છે.’
છેલ્લી પંક્તિમાંથી નાનો કરસન બોલ્યો, ‘બાપા તો મારા છે, મારા છે, મારા જ છે.’
ભાઈશ્રી પાછળ ઊભા-ઊભા આ વાતો સાંભળતા હતા અને હસતા હતા.
આગળ આવીને કહે, ‘બાપા તમારા બધાયના છે. હવે ચર્ચા બંધ કરો.’
બાળકો ભાઈશ્રીને પગે લાગ્યા.
ભાઈશ્રીએ એક લોટો પાણી મંગાવ્યું. તેમાં હાથ બોળી ભગવાનનું નામ લીધું અને બાળકો પર છાંટવા લાગ્યા.

કહેવા લાગ્યા, 'આ પાણીનો એક છાંટો પણ જેના પર પડશે તેનું કલ્યાણ થશે.'

બાળકો રાજી થયા.

ભાઈશ્રી કહે, 'હવે બધા જમો.'

બાળકો હોંશે - હોંશે જમવા લાગ્યા.

---

**શબ્દનો અર્થ**

સંકલ્પ = વિચાર

નિયાણી = ગામની બહેન, દીકરી.

→ ભાઈશ્રી હંમેશાં બાળકોને યાદ કરતા.

→ બાળકોને ભાઈશ્રી પ્રત્યે કેટલો પ્રેમ છે તે અહીં જણાય છે. દરેક બાળકને ભાઈશ્રી પોતાના જ લાગે અને ભાઈશ્રી પોતા પર સૌથી વધારે પ્રેમ વરસાવે છે તેવું લાગે. અનાદિમુક્તની આ જ ખાસિયત હોય છે. દરેક પર પ્રેમ વરસાવે જેથી દરેકને ભાઈશ્રી પોતાના જ લાગે.

→ મુક્ત રાજી થાય ત્યારે પાણીના એક છાંટામાં પણ કલ્યાણ થઈ જાય છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. હરિભક્ત કોને જમાડવા માંગતા હતા? ભાઈશ્રીએ તેમને શું કહ્યું?

૨. બાળકોને ભાઈશ્રી કેવા લાગતા?

૩. ભાઈશ્રીએ બાળકોને કલ્યાણના આશીર્વાદ કેવી રીતે

આપ્યા?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. —— ને જમાડશો પછી તેમના —— ક્યાં જશે?

૨. બાળકો તો —— ને —— મૂર્તિ કહેવાય.

૩. બાળકોને જમાડીએ તો —— રાજી થાય.

૪. આ પાણીનો એક —— જેના પર પડશે તેનું —— થશે.

●

# ૨૮ મુસીબતમાં સહાય

બપોરનો સમય હતો.

ભાઈશ્રી ઝાડ નીચે ખાટલો પાથરી બેઠા હતા.

તેમના ભત્રીજા ગોવિંદ ભક્ત આવ્યા.

ભાઈશ્રી ક્હે, 'ગોવિંદ બેટા! કેમ આવવું થયું?'

ગોવિંદ કહે, 'બાપા, તમારા દર્શન કરવા આવ્યો.'

ભાઈશ્રી કહે, 'બધા કરતાં ભગવાનનાં દર્શન સુખદાયી છે. આપણે ભગવાનની મૂર્તિ જોવામાં રસ રાખવો.'

ગોવિંદ ભક્ત કહે, 'ભલે બાપા. તમે રાજી થઈ આશીર્વાદ આપો.'

ભાઈશ્રી કહે, 'આશીર્વાદ છે બેટા!'

ગોવિંદ ભક્ત કહે, 'બાપા, કાંઈ સેવા હોય તો બતાવો.'

ભાઈશ્રી કહે, 'સેવા તો કાંઈ નથી.'

ગોવિંદ ભક્ત કહે, 'બાપા, કાંઈ પણ આપો મને લાભ મળે.'

ભાઈશ્રી કહે, 'એક કામ છે. તારાથી થશે?'

ગોવિંદ ભક્ત કહે, 'થશે બાપા, તમે કામ બતાવો.'

ભાઈશ્રી કહે, 'બેટા! આ કૂવા પાસે વડનું ઝાડ છે ને! તેની એક ડાળ જો, બરાબર કૂવા પર આવી ગઈ છે.'

ગોવિંદ ભક્ત કહે, 'હા બાપા દેખાય છે. ડાળ ઘણી વધી ગઈ છે.'

ભાઈશ્રી કહે, 'એ ડાળ ઉપર પંખી બેસે છે અને કૂવાનું પાણી ગંદુ કરે છે. તારાથી એ ડાળ કપાશે?'

ગોવિંદ ભક્ત કહે, 'બાપા, હમણાં જ કાપી નાખું છું.'
ગોવિંદ ભક્ત કુહાડો લઈ ઝાડ પર ચડી ગયા.
ડાળ કાપવા લાગ્યા.
ભાઈશ્રી ખાટલા પર જઈ બેઠા અને જોવા લાગ્યા.
ભાઈશ્રી કહે, 'બેટા! ધ્યાન રાખજે. બરાબર બેસીને કાપજે.'
ગોવિંદ ભક્ત કહે, 'હા બાપા, બરાબર ધ્યાન રાખીશ.'
અચાનક હાથામાંથી કુહાડો નીકળી કૂવામાં પડી ગયો.
ગોવિંદ ભક્તને થયું હવે શું થશે?
બાપાએ મને સેવા આપી અને મારાથી કુહાડો કૂવામાં પડી ગયો.
ભાઈશ્રીનો અવાજ આવ્યો, 'ગોવિંદ, કેમ રહી ગયો? ડાળ કાપી નાંખ.'
ગોવિંદ ભક્ત કહે, 'બાપા, કેવી રીતે કાપું? કુહાડો કૂવામાં પડી ગયો છે.'
ભાઈશ્રીએ પૂછ્યું, 'કેવી રીતે પડી ગયો?'
ગોવિંદ ભક્ત કહે, 'બાપા, હાથો ઢીલો હશે. કાપતા-કાપતા નીકળીને કૂવામાં પડી ગયો.'
ભાઈશ્રી કહે, 'વાંધો નહિ હમણાં કાઢી આપું છું.'
ગોવિંદ ભક્ત કહે, 'બાપા કેવી રીતે નીકળશે? કૂવો તો ઊંડો બહુ છે.'
ભાઈશ્રી કહે, 'હું કાઢી આપું છું.'
આમ કહી ભાઈશ્રીએ ત્યાં જ બેઠા-બેઠા પોતાનો હાથ વધાર્યો.
ગોવિંદ ભક્ત જોતા રહ્યા કે, બાપા આ શું કરે છે?
ભાઈશ્રી હાથ વધારતા જ ગયા.

પોતે ઝાડ નીચે જ બેઠા હતા.
હાથ લાંબો થતો કૂવાની અંદર પહોંચી ગયો.
ગોવિંદ ભક્ત આશ્ચર્યમાં પડી ગયા.
તેમના મોઢામાંથી અવાજ નીકળી શક્યો નહિ.
ફક્ત બા.....પા.... તેટલું જ બોલી શક્યા.
ભાઈશ્રીએ જોયા વગર કૂવામાં હાથ નાંખી કુહાડો કાઢ્યો.
ગોવિંદ ભક્તને ઝાડ પર આપ્યો.
ગોવિંદ ભક્ત ડાળને બે હાથથી પકડી બેસી રહ્યા હતા.
ભાઈશ્રી કહે, 'લે ગોવિંદ કુહાડો. હાથામાં બેસાડી ડાળ કાપી નાંખ.'
ગોવિંદ ભક્ત ભાઈશ્રીના લાંબા થયેલા હાથને જ જોયા કરે.
ભાઈશ્રી કહે, 'લઈ લે બેટા.'
ગોવિંદ ભક્તે હાથામાં કુહાડો બેસાડ્યો ને ડાળ કાપવા લાગ્યા.
વિચાર્યા કરે બાપાએ આ શું કર્યું?
આટલા લાંબા હાથ કેવી રીતે કર્યા?
ડાળી કાપી હાથ-મોઢું ધોઈ ભાઈશ્રી પાસે આવ્યા.
ભાઈશ્રીને કહે, 'બાપા, આ શું કર્યું હતું તમે?'
ભાઈશ્રી કહે, 'શું?'
ગોવિંદ ભક્ત કહે, 'બાપા, તમે બધું જાણો છો. મેં મારી આંખે જોયું. તમે હાથ લાંબો કરી મને કુહાડો આપ્યો.'
ભાઈશ્રી કહે, 'મેં તને કુહાડો ન આપ્યો હોત તો તું ડાળ કેવી રીતે કાપત?'
ગોવિંદ ભક્ત કહે, 'પણ, બા....પા..... હા.... થ.'
ભાઈશ્રી વચમાં જ બોલ્યા, 'બેટા ગોવિંદ, અનાદિમુક્ત થકી

કોઈ વાત અશક્ય ન હોય. ભગવાનની કૃપાથી તેઓ બધું કરી શકે છે.'

ગોવિંદ ભક્ત ભાઈશ્રીના પગમાં પડી ગયા.

કહેવા લાગ્યા, 'બાપા, મને મહારાજનું સુખ મળે એવા આશીર્વાદ આપો. તમે આશીર્વાદ આપશો તો મને ચોક્કસ સુખ મળશે.'

ભાઈશ્રી રાજી થયા કહે, 'બેટા! ભગવાનનું સુખ આપવા તો મહારાજે મને મોકલ્યો છે. જા તને આશીર્વાદ છે.'

ગોવિંદ ભક્ત કહે, 'બાપા, આજે મારો જનમ સફળ થયો.' આમ કહી ફરીથી ભાઈશ્રીને પગે લાગ્યા. અને રાજી થતા ઘરે ગયા.

---

→ અનાદિમુક્તમાં રહી મહારાજ સર્વ કાર્ય કરે છે માટે જ અનાદિમુક્ત માટે કોઈ કાર્ય અશક્ય હોતું નથી.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. દર્શન વિશે ભાઈશ્રીએ ગોવિંદને શું કહ્યું?

૨. ભાઈશ્રીએ ગોવિંદને કઈ સેવા આપી?

૩. કૂવામાંથી ભાઈશ્રીએ કુહાડો કેવી રીતે કાઢ્યો?

૪. ભાઈશ્રીએ ગોવિંદને ક્યા આશીર્વાદ આપ્યા?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બધા કરતાં ભગવાનનાં દર્શન ——— છે.

૨. તારાથી એ ——— કપાશે?

૩. બાપાએ મને ——— આપી અને મારાથી ——— કૂવામાં પડી ગયો.

૪. બેટા ગોવિંદ——— થકી કોઈ વાત ——— ન હોય.

●

# ૨૯ માયિક વસ્તુના દૃષ્ટાંતે મૂર્તિ

સાંજનો સમય હતો.
ભાઈશ્રી વાડીથી ઘરે જતા હતા.
રસ્તામાં એક બાળકી ઘાસની ભારી લઈ જતી હતી.
ભાઈશ્રીએ બાળકીને કહ્યું, 'ગગી, તારો ઢીંગલો પડી ગયો છે.'
બાળકી ઘાસની ભારી માથા પરથી નીચે ફેંકી દઈ ઢીંગલો ગોતવા લાગી.
બાળકી કહે, 'બાપા! ઢીંગલો ક્યાં છે?'
ભાઈશ્રી કહે, 'જો પેલી બાજુ પડી ગયો હશે.'
બાળકી દોડતી ત્યાં ગઈ.
ત્યાં ઢીંગલો ન હતો.
આવીને કહે, 'બાપા, ત્યાં તો નથી.'
ભાઈશ્રી કહે, 'નથી! તો પછી જો ત્યાં આઘે પડ્યો હશે.'
બાળકી દોડતી-દોડતી ત્યાં જઈ ચારે બાજુ શોધવા લાગી.
ભાઈશ્રીએ ઘણીવાર તેને આમ-તેમ મોકલી.
બાળકી બધે દોડી-દોડી શોધવા ગઈ.
છેલ્લે થાકીને કહે, 'બાપા, ઢીંગલો તો છે નહિ ને અમથી મહેનત કરાવી. મારો ભારો પણ માથા પરથી ઉતરાવ્યો.'
ભાઈશ્રી કહે, 'અહીં આવ.'
બાળકી ત્યાં આવી.
ભાઈશ્રીએ પ્રેમથી તેના માથા પર હાથ ફેરવ્યો.
ખીસ્સામાંથી એક ઢીંગલો કાઢીને બાળકીને આપ્યો. કહે, 'આ લઈ લે.'

બાળકી કહે, 'આ તો તમારો છે.'
ભાઈશ્રી કહે, 'ઢીંગલો શોધવા તે કેટલો દાખડો કર્યો? મન દઈને કેવો ઢીંગલો શોધતી હતી?'
બાળકી કહે, 'ઢીંગલો તો બધા શોધે.'
ભાઈશ્રી કહે, 'આવો દાખડો ભગવાનને પામવા ક્યારેય કર્યો છે?'
બાળકી કહે, 'ના. નથી કર્યો.'
ભાઈશ્રી કહે, 'ભગવાનને પામવા બરાબર મન દઈને દાખડો કરીએ તો ભગવાન રાજી થઈ તરત દર્શન આપે.'
બાળકી કહે, 'ખરેખર બાપા?'
ભાઈશ્રી કહે, 'હા. જરૂર દર્શન આપે. તું આ વાત યાદ રાખજે કે, બાપાએ આવી રીતે દાખડો કરાવી મને ઢીંગલો આપ્યો હતો.'
બાળકી કહે, 'હું વાત યાદ રાખીશ તો શું થશે?'
ભાઈશ્રી કહે, 'હું તને ભગવાનના દર્શન જરૂર કરાવીશ.'
બાળકી ભાઈશ્રીને પગે લાગી.
ભાઈશ્રી કહે, 'ચાલ તારી ભારી માથા પર મુકાવું.'
બાળકી ખુશ થતી ઘરે ગઈ.
મોટી થયા પછી પણ તેણે ભાઈશ્રીની વાત યાદ રાખી.
ભાઈશ્રીએ તેને ભગવાનનાં દર્શન કરાવ્યાં અને પોતાનું વચન પાળ્યું.

---

**શબ્દનો અર્થ**

ગગી = દીકરી

ઢીંગલો = રૂપિયો

આઘે = દૂર

અમથી = અમસ્તી

દાખડો = મહેનત

પામવું = મેળવવું

→ ભગવાનને પામવા જો એક ડગલું પણ ભરીએ તો ભગવાન સાત ડગલા આગળ આવે છે. જરૂર છે શરૂઆત કરવાની.

→ ભાઈશ્રી શીખવે છે કે, જેમ માયિક પદાર્થમાં પ્રેમ રાખી તેને પામવા મહેનત કરીએ છીએ, તેમ ભગવાનને પામવા મહેનત કરીએ તો ભગવાન જરૂર પ્રસન્ન થાય અને દર્શન આપે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. ભાઈશ્રી ક્યાં જતા હતા?

૨. બાળકીને ભાઈશ્રીએ શું કહ્યું?

૩. બાળકી કેમ આમથી તેમ દોડતી હતી?

૪. બાળકીને ભાઈશ્રીએ શી શીખામણ આપી?

૫. ભાઈશ્રીએ પોતાનું કયું વચન પાળ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બાળકી માથા પર ——— લઈ જતી હતી.

૨. તારો —— પડી ગયો છે.
૩. ભાઈશ્રીએ ખીસ્સામાંથી એક ——— કાઢી બાળકીને આપ્યો.
૪. આવો દાખડો ——— ને પામવા કરીએ તો ભગવાન રાજી થઈ તરત ——— આપે.

**શબ્દો વાક્યમાં વાપરો**

ઢીંગલો, દાખડો

●

# ૩૦ મનોરથ પૂર્ણ કર્યો

છપૈયા એટલે શ્રીજીમહારાજનું પ્રાગટ્ય સ્થાન.
ભાઈશ્રી સંઘ લઈ છપૈયા આવ્યા હતા.
પ્રેમજીભાઈ ભાઈશ્રીની સેવા કરે.
એક દિવસ છપૈયામાં વરસાદ આવ્યો.
પ્રેમજીભાઈ કહે, 'બાપા, કેવો સરસ વરસાદ પડે છે.'
ભાઈશ્રી કહે, 'વરસાદથી વાતાવરણ રમણીય લાગે છે.'
પ્રેમજીભાઈ કહે, 'બાપા, આપણા કચ્છમાં વરસાદ થતો હશે?'
ભાઈશ્રી કહે, 'કચ્છમાં અત્યારે વરસાદ નથી પડતો અને પડવાનો પણ નથી.'
પ્રેમજીભાઈ કહે, 'બાપા, એટલે?'
ભાઈશ્રી કહે, 'કચ્છમાં આ વર્ષે દુકાળ પડશે.'
પ્રેમજીભાઈ કાંઈ બોલ્યા નહિ.
રાતના પ્રેમજીભાઈ જાગતા હતા.
વિચારતા હતા કે, દીકરાઓને કેવી રીતે ખબર પડશે કે, આ વર્ષે દુકાળ પડવાનો છે. હું ત્યાં હોત તો આ વાત કહેત અને ખેતરમાં સંભાળ રાખવાનું પણ કહેત.
ભાઈશ્રીને પ્રેમજીભાઈના વિચારોની ખબર પડી ગઈ.
ભાઈશ્રી કહે, 'પ્રેમજી, બહુ વિચાર ન કર. સૂઈ જા.'
પ્રેમજીભાઈ કહે, 'બાપા, તમને મારા વિચારોની ખબર પડી ગઈ? સારું હવે વિચાર નહિ કરું. જેવી મહારાજની મરજી.'
ભાઈશ્રી કહે, 'પ્રેમજી, ઊઠ મારે નાહવા જવું છે.'

પ્રેમજીભાઈ કહે, 'બાપા, મંદિરના દરવાજા તો બંધ છે.'
ભાઈશ્રી કહે, 'વાંધો નહિ. તું આંખો બંધ કર.'
પ્રેમજીભાઈએ આંખો બંધ કરી.
જરા વાર પછી ભાઈશ્રી કહે, 'પ્રેમજી આંખો ખોલ.'
પ્રેમજીભાઈએ આંખો ખોલી. તેમને બહુ આશ્ચર્ય થયું.
પ્રેમજીભાઈ કહે, 'અરે! બાપા, આ શો ચમત્કાર કર્યો? આપણે તો મંદિરની બહાર નારાયણ સરોવર પાસે આવી ગયા.'
ભાઈશ્રી હસવા લાગ્યા.
ભાઈશ્રી કહે, 'પ્રેમજી અહીં બેસ. હવા સરસ આવે છે.
પ્રેમજીભાઈ એવા આશ્ચર્યમાં પડી ગયા હતા. કાંઈ બોલ્યા વગર બેસી ગયા.
એટલામાં હમ-હમ એવો અવાજ આવવા લાગ્યો.
પ્રેમજીભાઈ આમ-તેમ જોવા લાગ્યા.
ક્યાંય કશું દેખાયું નહિ.
ભાઈશ્રીને પૂછ્યું, 'બાપા, આ અવાજ ક્યાંથી આવે છે?'
ભાઈશ્રી હસતા-હસતા કહે, 'હમણાં ખબર પડશે.'
ત્યાં તો એક વિમાન આવ્યું.
પ્રેમજીભાઈ જોવા લાગ્યા.
ભાઈશ્રી કહે, 'આવ પ્રેમજી બચ્ચા, આમાં બેસી જા.'
પ્રેમજીભાઈને કાંઈ સમજાયું નહિ. આભા બની ગયા.
તેઓ ચૂપચાપ ભાઈશ્રીની બાજુમાં બેસી ગયા.
વિમાન ઊડ્યું.
જરાક વારમાં વૃષપુર પહોંચી ગયું.
પ્રેમજીભાઈની વાડીમાં જઈ ઊભું રહ્યું.

પ્રેમજીભાઈના છોકરાઓ સૂતા હતા.
ભાઈશ્રીએ તેમને જગાડ્યા.
ભાઈશ્રી કહે,'કેમ સૂઈ રહ્યા છો? વાડીનું ધ્યાન કેમ નથી રાખતા?'
પ્રેમજીભાઈનો દીકરો ભાઈશ્રીને પગે લાગ્યો.
તેને થયું કે, મને સ્વપ્ન આવ્યું છે.
ભાઈશ્રીને કહે, 'ભલે બાપા, હવે સૂઈ નહિ જાઉં, ધ્યાન રાખીશ.'
ભાઈશ્રી કહે, 'દીકરા, આ સ્વપ્ન નથી. અમે તને છપૈયાથી અહીં કહેવા આવ્યા છીએ કે, આ વખતે વરસાદ નહિ પડે.'
દીકરો કહે, 'દુકાળ પડશે બાપા?'
ભાઈશ્રી કહે, 'હા. તમે ખેતરમાં અનાજ વાવજો, વાડીમાં વાવશો નહિ.'
દીકરો કહે, 'ભલે બાપા.'
ભાઈશ્રી કહે, 'બસ આટલું કહેવા જ અમે આવ્યા હતા.'
ભાઈશ્રી અને પ્રેમજીભાઈ વિમાનમાં બેસી ગયા.
દીકરાને આ બધું શું થઈ ગયું તે ખબર જ ન પડી.
પરંતુ તેણે નક્કી લાગ્યું કે બાપા મને ચેતવી ગયા. હવે તેમણે જેમ કહ્યું છે તેમ જ કરવાનું.
વિમાન ઊડ્યું અને નારાયણ સરોવર આવીને ઊભું રહ્યું.
ભાઈશ્રી અને પ્રેમજીભાઈ બંને ઊતર્યા.
વિમાન તરત અદૃશ્ય થઈ ગયું.
પ્રેમજીભાઈ આ બધું જોયા કરે.
એક વખત ભાઈશ્રી સામે જુએ અને એક વખત વિમાન જ્યાં

ઊભું હતું ત્યાં જુએ.

ભાઈશ્રી કહે, 'શું થયું પ્રેમજી?'

પ્રેમજીભાઈ કહે, 'બાપા આ..... આ બધું..... '

ભાઈશ્રી કહે, 'પ્રેમજી, તારો સંકલ્પ પૂરો થયો ને?'

પ્રેમજીભાઈ કહે, 'હા બાપા, પણ આ બધું.....'

પ્રેમજીભાઈના મનમાં કેટલાય પ્રશ્નો હતા.

ભાઈશ્રી કહે, 'પ્રેમજી, ચાલ મંદિરમાં જઈએ. તું ઉતારે જઈ સૂઈ જા.'

પ્રેમજીભાઈ ઉતારે પધાર્યા, પણ તેમને ઊંઘ ન આવી. ભાઈશ્રીએ કરેલા ચમત્કાર વિષે વિચારતા રહ્યા.

---

→ પ્રેમી ભક્તોનાં મનોરથ અનાદિમુક્ત પૂર્ણ કરે છે.

→ અનાદિમુક્તને કોઈ પણ કાર્ય કરવામાં સમય અને અંતર નડતરરૂપ બનતાં નથી.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. ભાઈશ્રી સંઘ લઈને ક્યાં ગયા હતા?

૨. પ્રેમજીભાઈને કયો સંકલ્પ થયો?

૩. ભાઈશ્રીએ પ્રેમજીભાઈના સંકલ્પને કઈ રીતે પૂર્ણ કર્યો?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ——— એટલે ——— નું પ્રાગટ્ય સ્થાન.

૨. ——— માં અત્યારે ——— નથી પડતો અને પડવાનો પણ નથી.

૩. ત્યાં તો એક ——— આવ્યું.

૪. જરાક વારમાં ——— પહોંચી ગયું.

૫. વિમાન ઊડ્યું ——— આવીને ઊભું રહ્યું.

●

# ૩૧ ઓરતામાં ધામ

ચુનીલાલ નામે એક બ્રાહ્મણનો દીકરો.
ચુનીલાલ ડાહ્યો અને ભગવાનનો ભગત.
ભણવામાં પણ હોંશિયાર. તે મુંબઈમાં રહી અભ્યાસ કરે.
ચુનીલાલને સ્વામી ઈશ્વરચરણદાસજી સાથે બહુ હેત.
સ્વામી પાસે સમાગમ કરવા જાય.
સ્વામી તેને ભગવાનની વાતો કરે.
સ્વામી કહે, ‘ચુનીલાલ! ભગવાનના અનાદિમુક્તને ઓળખી તેમનો જોગ કરી લેવો.’
ચુનીલાલ કહે, ‘અનાદિમુક્તના જોગથી શું થાય?’
સ્વામી કહે, ‘અનાદિમુક્ત દ્વારા મહારાજ સર્વે ક્રિયા કરે છે. તેમના જોગથી મહારાજ ઓળખાય. તેમનો રાજીપો થાય તો મહારાજનું ધામ મળે.’
ચુનીલાલ કહે, ‘સ્વામી, એવા અનાદિમુક્ત કોણ છે?’
સ્વામી કહે, ‘કચ્છમાં બળદિયા નામે ગામમાં તેઓ રહે છે. તેમનું નામ અબજીભાઈ છે.’
ચુનીલાલને દર્શન કરવાની આતુરતા થઈ.
સ્વામીને કહે, ‘સ્વામી, ચાલો તેમના દર્શન કરવા બળદિયા જઈએ.’
સ્વામી કહે, ‘અમે હમણાં જ જઈને આવ્યા છીએ. હવે તેમની આજ્ઞા વગર ન જવાય.’
ચુનીલાલ નિરાશ થઈ ગયો.

સ્વામી કહે, ‘ચુનીલાલ, ઉદાસ ન થા. તું દર્શન કરવા જા.’

ચુનીલાલ કહે, ‘સ્વામી, મેં તો અબજીભાઈના ક્યારેય દર્શન કર્યા નથી. તમે સાથે આવો તો સારું.’

ચુનીલાલ સ્વામીને ખૂબ આગ્રહ કરવા લાગ્યો.

સ્વામી કહે, ‘ચુનીલાલ, અમે પાછા બળદિયા જઈશું ત્યારે તને પત્ર લખીશું. ત્યારે તું આવજે.’

ચીનુલાલ કહે, ‘સ્વામી, પત્ર મુંબઈ લખજો. હું તો મુંબઈ ભણવા જઈશ.’

ચુનીલાલ મુંબઈ ભણવા ચાલ્યો ગયો.

મહિનાઓ વીતી ગયા.

એક દિવસ ચુનીલાલને સ્વામીનો પત્ર મળ્યો.

ચુનીલાલ ખુશ થઈ ગયો.

સ્વામીએ લખ્યું હતું, ચુનીલાલ ! અમે બળદિયા આવ્યા છીએ તારે અબજીભાઈનાં દર્શન કરવાં હોય તો તું બળદિયા આવ.

ચુનીલાલ વિચારમાં પડ્યો, મારી પરીક્ષા ચાલે છે. કેવી રીતે જાઉં?

તેણે સ્વામીને પત્ર લખ્યો.

સ્વામી, મારી અર્ધી પરીક્ષા થઈ ગઈ છે અને અર્ધી બાકી છે. પરીક્ષા પછી હું મુંબઈથી સીધો બળદિયા આવું કે મારા ઘરે જઈને પછી આવું. તે મને લખી જણાવો.

સ્વામીએ ભાઈશ્રીને પત્ર આપ્યો.

ભાઈશ્રી તો અંતર્યામી, બધું જાણતા હતા.

સ્વામીને કહે, ‘તેને લખો ઘરે જઈને પછી અહીં આવે.’

ચુનીલાલ પરીક્ષા આપી ઘરે ગયો.

ત્યાં તો માંદો પડ્યો.

ચુનીલાલ તેના પિતાજીને કહે, 'હું ક્યારે સાજો થઈશ? મારે બળદિયા જવું છે.'

પિતાજી કહે, 'બેટા, જલદી સારું થશે. વૈદ્યની દવા ચાલુ જ છે.'

ચુનીલાલ રોજ તેના પિતાજીને પૂછે.

મંદવાડમાં આખો દિવસ એ જ વિચાર્યા કરે, ક્યારે સાજો થાઉં અને ક્યારે અનાદિમુક્ત અબજીભાઈના દર્શન કરું.

ચુનીલાલને દર્શનની બહુ તાલાવેલી લાગી હતી.

ચુનીલાલ સાજો ન થયો.

તેનું આયુષ્ય પૂરું થઈ ગયું હતું.

મહારાજ સાથે ભાઈશ્રીએ ચુનીલાલને દર્શન આપ્યા.

ચુનીલાલ તેના પિતાજીને કહે, 'પિતાજી, મહારાજ મને ધામમાં તેડી જવા આવ્યા છે.'

પિતાજી કહે, 'ક્યાં છે? મને નથી દેખાતા.'

ચુનીલાલ કહે, 'આ ઊભા.' ચુનીલાલ રાજી થઈ ગયો.

મહારાજ કહે, 'ચુનીલાલ, આ અમારા અનાદિમુક્ત અબજીભાઈ. જેના દર્શન કરવા તું બળદિયા જવાનો હતો. તેઓ તને દર્શન દેવા પધાર્યા છે.'

ચુનીલાલ પિતાજીને કહે, 'પિતાજી, મહારાજ સાથે ભાઈશ્રી પણ છે.'

પિતાજી કહે, 'તું ક્યાં ભાઈશ્રીને ઓળખે છે? તને કેવી રીતે ખબર પડી?'

ચુનીલાલ કહે, 'મહારાજે ઓળખાણ પડાવી.'

મહારાજ કહે, 'ચુનીલાલ, તે અમારા અનાદિમુક્તના દર્શનનો

મનમાં ઓરતો કર્યો હતો ને?'

ચુનીલાલ કહે, 'હા મહારાજ. મારે તેમના દર્શન કરવાની મનમાં ઘણી તાણ હતી.'

મહારાજ કહે, 'તે મનમાં ઓરતો કર્યો એટલામાં જ અમે તને ધામમાં લઈ જવા આવ્યા છીએ. અબજીબાઈએ અમને કહ્યું કે, ચુનીલાલે ખરો ઓરતો કર્યો છે માટે તેમને તમે ધામમાં તેડી જાવ.'

ચુનીલાલ કહે, 'મહારાજ બહુ દયા કરી.'

મહારાજ કહે, 'અમારા અનાદિમુક્તને અંતરના ખરા ભાવથી સંભારે તેને અમે ધામમાં તેડી જઈએ છીએ. માટે હવે તું ચાલ.'

ચુનીલાલે પિતાજીને કહ્યું, 'પિતાજી હું જાઉં છું.'

મહારાજ તેને ધામમાં તેડી ગયા.

---

**શબ્દનો અર્થ**

ઓરતો = અભિલાષા

હેત = પ્રેમ

સમાગમ = સોબત, સહવાસ

જોગ = સંગ

તાલાવેલી = અધિરાઈ

→ સાચા મનથી અનાદિમુક્તને સંભારીએ તો મુક્ત દિવ્યરૂપે આવીને પણ દર્શન આપે છે.

→ દર્શન ન કર્યા હોય અને ફક્ત દિવ્યભાવ આવે, તેમાં જ કરૂણાસાગર મુક્ત જીવને મોક્ષ આપે છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. ચુનીલાલ ક્યાં અભ્યાસ કરતો હતો?

૨. ચુનીલાલ કોનો સમાગમ કરવા જતો?

૩. સ્વામીએ કોનો સમાગમ કરવાની ભલામણ કરી?

૪. ચુનીલાલને ભાઈશ્રીના દર્શન ક્યારે અને કેવી રીતે થયાં?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ——— નામે એક ——— નો દીકરો.

૨. ચુનીલાલને ——— સાથે બહુ હેત.

૩. ભગવાનના ——— ને ઓળખી તેમનો ——— કરી લેવો.

### યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. ધામમાં સંભારે અમને તેને છીએ તો જઈએ અમે તેડી.

૨. એટલામાં આવ્યા તે છીએ ઓરતો જ મનમાં ધામમાં તે કર્યો અમે તને લઈ જવા.

### વાક્યમાં વાપરો

હેત, સમાગમ, જોગ, તાલાવેલી

●

# ૩૨ સર્વોત્તમ મંત્ર

એક દિવસની વાત છે.
ભાઈશ્રી ભગવાનને ધારીને ચાલતા હતા.
આજુ-બાજુ ધ્યાન હતું નહિ.
અચાનક એક ઝેરી સાપ ઝાડીમાંથી નીકળ્યો.
ભાઈશ્રીને ડંખ મારી ઝાડીમાં ચાલ્યો ગયો.
ભાઈશ્રી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા વાડીમાં જઈ બેસી ગયા.
એક હરિભક્તે આ જોયું.
તેણે વાડીમાં આવીને વાત કરી.
કહે, ‘ભાઈને સાપ કરડ્યો છે. કાળો અને મોટો હતો.’
બધા દોડતા ભાઈશ્રી પાસે આવ્યા.
ભાઈશ્રી ધ્યાનમાં બેઠા હતા.
એક જણ કહે, ‘વૈદ્યને બોલાવીએ.’
બીજો કહે, ‘ના, ના વાદીને બોલાવીએ. તે ઝેર ઉતારી દેશે.’
બધા જુદી - જુદી વાતો કરવા લાગ્યા.
ભાઈશ્રીએ પોતાની શક્તિ દ્વારા ઝેરને શરીરના એક ભાગમાં રાખી દીધું. ફેલાવા ન દીધું.
ગામમાં ખબર પડી.
ગામમાં એક વાદી હતો.
તે કહે, ‘મને ત્યાં લઈ જાઓ. મને ખબર પડશે સાપ ઝેરી હતો કે નહિ?

વાદી આવ્યો.
તેણે મંત્ર ભણ્યા.
તેને ખબર પડી ગઈ કે ઝેરી સાપ કરડ્યો છે.
વાદીને બહુ આશ્ચર્ય થયું.
વાદી કહે, ‘આમને ઝેરી સાપ કરડ્યો છે, પણ ઝેર ચડવા દીધું નથી.’
બધાને આશ્ચર્ય થયું.
વાદી ભાઈશ્રીને પૂછે, ‘તમારી પાસે કઈ જડીબુટ્ટી છે?
ભાઈશ્રી કહે, ‘શેના માટે?
વાદી કહે, ‘તમે ઝેરને શરીરના એક ભાગમાં રાખી મૂક્યું છે. તે મને મંત્ર દ્વારા ખબર પડી છે.’
ભાઈશ્રી કહે, ‘મારી પાસે કોઈ જડીબુટ્ટી નથી.’
વાદી કહે,‘તો કોઈ મંત્ર હશે. મને તે મંત્ર આપશો?’
ભાઈશ્રી કહે, ‘હા મારી પાસે મંત્ર છે. હું તને એ મંત્ર ચોક્કસ આપીશ.’
વાદી ખુશ થઈ ગયો કહે, ‘જલદી આપો. હું તમારો ઉપકાર ક્યારેય નહિ ભૂલું.’
ભાઈશ્રી કહે, ‘મંત્ર છે શ્રી સ્વામિનારાયણ.’
વાદી કહે, ‘આ ક્યાં મંત્ર છે? આ તો તમારા ભગવાનનું નામ છે?’
ભાઈ કહે, ‘તે જ મંત્ર અમારી પાસે છે.’
વાદી કહે, ‘તમારે મંત્ર આપવો નથી એટલે આમ કહો છો.’
ભાઈશ્રી કહે, ‘અમારી પાસે તો આ એક જ મંત્ર છે.’
વાદી વિચારવા લાગ્યો, આ આમ નહિ કહે, હું મારી મંત્ર શક્તિથી

તેમના શરીરમાં ઝેર ચડાવું. પછી જોઈશ તેઓ ઝેર કેવી રીતે ઉતારે છે.

વાદી મંત્ર બોલવા લાગ્યો.

ભાઈશ્રી ધ્યાનમાં ઊતરી ગયા.

વાદી જોવા લાગ્યો.

ભાઈશ્રી જય સ્વામિનારાયણ કહેતા ઊઠ્યા.

વાદીને બહુ આશ્ચર્ય થયું.

ભાઈશ્રીના પગમાં પડી ગયો.

ભાઈશ્રીને કહે, 'તમે મહાન પુરુષ છો. અત્યાર સુધી એવું ક્યારેય બન્યું નથી કે, મેં ઝેર ચડાવ્યું હોય તે કોઈથી ઊતર્યું હોય. તમે તો ઝેર ચડવા જ ન દીધું. મને માફ કરો.'

ભાઈશ્રી કહે, 'એમાં કાંઈ નહિ.

વાદી ભાઈશ્રીને પગે લાગી ચાલ્યો ગયો.

---

→ અનાદિમુક્તના સામર્થ્ય આગળ આ લોકના જીવ, જંતુ કાંઈ કરવાને સમર્થ નથી.

→ ભાઈશ્રીએ પોતાની શક્તિ દ્વારા શરીરમાં ઝેરી નાગનું ઝેર ચડવા ન દીધું.

→ ભાઈશ્રી જેવા અનાદિમુક્ત અનેકના ઝેર ઉતારે. તેમને ઝેર ક્યાંથી ચડે?

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. ભાઈશ્રીને શું કરડ્યું હતું?

૨. ભાઈશ્રીએ વાદીને કયો મંત્ર આપ્યો?

૩. વાદીએ મંત્ર જાણવા શું કર્યું?

૪. વાદી શા માટે ભાઈશ્રીના પગમાં પડ્યો?

**નીચેની ખાલી જગ્યા પૂરો**

૧. અચાનક એક —— નીકળ્યો. ભાઈશ્રીને —— મારી ચાલ્યો ગયો.

૨. ભાઈશ્રીએ પોતાની —— દ્વારા —— ને શરીરના એક ભાગમાં રાખ્યું.

૩. તમારી પાસે કઈ —— છે.

૪. મંત્ર છે ——.

૫. તમે તો —— પુરુષ છો.

●

# ૩૩ દયાળુ સ્વભાવ

ઉંમર વધતાં પ્રેમી હરિભક્તો ભાઈશ્રીને ‘બાપાશ્રી’ કે ‘બાપા’ના હુલામણા નામથી બોલાવતા.

એક વખત બાપાશ્રી અંજાર ગામથી કુંભારિયા ગામ ચાલતા-ચાલતા જતા હતા.

સાથે સંતો અને હરિભક્તો પણ હતા.

બાપાશ્રી મહારાજના મહિમાની વાતો કરે.

બાપાશ્રી કહે, ‘દરેક જીવ પર દયા લાવવી. બધા એક દિવસ ભગવાનના ધામમાં જવાના છે. કોઈ જીવ નાનો નથી.’

વાતો સાંભળતા બધા ચાલતા હતા.

રસ્તાની બાજુએ ઉંદરનું એક દર.

આ દરમાં ઉંદર રહે.

સંતો અને બાપાશ્રી ત્યાંથી પસાર થયા.

એ જ વખતે ઉંદર દરમાંથી બહાર નીકળ્યો.

આકાશમાં સમડી ઊડતી હતી.

સમડીને ઉંદર બહુ ભાવે.

જેવું તેણે જોયું કે, ઉંદર દરમાંથી બહાર નીકળ્યો છે, તેણે ઉંદર પર તરાપ મારી.

પરંતુ બાપાશ્રી, સંતો, હરિભક્તો ત્યાં પહોંચી ગયા.

આટલા બધા માણસોને જોઈ સમડી ગભરાઈ ગઈ.

ઉંદરને ત્યાં જ મૂકી ઊડી ગઈ.

ઉંદરને સમડીના નખ વાગી ગયા હતા.

ઉંદર તરફડિયાં મારવા લાગ્યો.
હરિભક્તો બાપાશ્રીને કહે, 'બાપા, ઉંદરને બહુ વાગી ગયું છે. લોહી પણ ઘણું નીકળ્યું છે.'
બાપાશ્રીને ઉંદર પર દયા આવી ગઈ.
બાપાશ્રીએ જમીનમાંથી ધૂળની ચપટી ભરી ભગવાનનું નામ લીધું અને ઉંદર પર નાંખી.
હરિભક્તો કહે, 'બાપા, આ શું કરો છો?'
બાપાશ્રી કહે, 'આ બિચારા જીવનું કલ્યાણ કરું છું.'
જરાક વારમાં જ ઉંદર મૃત્યુ પામ્યો.
હરિભક્તો કહે, 'બાપા એમ આ ઉંદર જેવા જીવનું કલ્યાણ થાય?'
બાપાશ્રી કહે, 'અંત વખતે તેને આવા સંત અને મુક્તનાં દર્શન થયાં. તેના કાનમાં ભગવાનનો સ્વર પડ્યો એટલે તેનું કલ્યાણ થઈ ગયું.'
બધા આશ્ચર્ય પામ્યા.
એક-બીજાને કહેવા લાગ્યા, 'બાપાશ્રીથી જ આવું કામ થઈ શકે, બીજા કોઈથી ન થાય. ઉંદરનું પણ કલ્યાણ કર્યું. કેવું અદ્‌ભૂત!'
આમ વાતો કરતા સૌ ચાલવા લાગ્યા.

---

**શબ્દનો અર્થ**

મહિમા = યશ

ધૂળ = માટીનો ઝીણો ભૂકો

→ અનાદિમુક્તને અડીને આવેલો પવન પણ આપણને સ્પર્શ કરે તો, અનેક જન્મના પાપ દૂર થાય છે.

→ બાપાશ્રી જેવા મહાન અનાદિમુક્ત કોઈ જીવ ઉપર દયા લાવી કલ્યાણનો સંકલ્પ કરે પછી તે જીવના કલ્યાણમાં કોઈ શંકા ન રહે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. ભાઈશ્રીનું હુલામણું નામ શું?

૨. બાપાશ્રી ક્યાં જતા હતા?

૩. રસ્તામાં બાપાશ્રી શું કરતા હતા?

૪. બાપાશ્રીએ ઉંદરનું કલ્યાણ કેવી રીતે કર્યું?

### નીચેની ખાલી જગ્યા પૂરો

૧. બાપાશ્રી ——— ગામથી ——— ચાલતા જતા હતા.

૨. રસ્તાની એક બાજુએ ———નું એક દર.

૩. સમડીએ ———— પર ———— મારી.

૪. બાપાશ્રીએ જમીનમાંથી ————— ની ———— ભરી —— —— નું નામ લીધું અને ———— પર નાંખી.

### યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. કાનમાં પડ્યો તેનું ગયું તેના એટલે થઈ સ્વર ભગવાનનો કલ્યાણ.

૨. કોઈથી થાય બીજા બાપાશ્રીથી ન થઈ શકે આવું કામ જ.

### વાક્યમાં વાપરો

મહિમા

●

# ૩૪ આગબોટ બચાવી

એક વખત બાપાશ્રી આગબોટમાં બેસી બહારગામ જતા હતા.
આગબોટના ખૂણામાં બાપાશ્રી ભગવાનનું નામ લેતા બેઠા હતા.
થોડીવાર થઈ અને પવન ફૂંકાવા લાગ્યો.
દરિયામાં ઊંચા-ઊંચા મોજાં આવવા લાગ્યાં.
ખારવાઓ આગબોટને સંભાળવા મથવા લાગ્યા.
તોફાન તો વધવા લાગ્યું.
આગબોટ આમથી તેમ હાલક-ડોલક થવા લાગી.
અંદર બેઠેલા મુસાફરો ચિંતા કરવા લાગ્યા.
બધાંને થયું હવે શું થશે?
દરિયામાં તોફાન તો વધવા જ માંડ્યું.
ખારવાઓ ખૂબ મહેનત કરે, પણ તોફાનને કારણે પાણી આગબોટમાં ભરાવા લાગ્યું.
મુસાફરો ગભરાઈ ગયા.
આજે આગબોટ ડૂબી જાય તેવું લાગે છે.
ખારવાઓ કહેવા લાગ્યા, 'બધા પોતપોતાના ભગવાનને યાદ કરો. હવે ભગવાન બચાવે તો બચીએ અમારા હાથમાં કાંઈ રહ્યું નથી.'
મુસાફરો ખૂબ ગભરાયા.
ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.
બાપાશ્રી સ્વસ્થતાથી બેઠા હતા.
આગબોટમાં પાણી વધારે ને વધારે ભરાવા લાગ્યું.

એક મુસલમાન આગબોટમાં હતો.
બાપાશ્રીને કહે, 'તમને બીક નથી લાગતી?'
બાપાશ્રી કહે, 'ભગવાનને જેમ કરવું હોય તેમ કરે. આપણે શું કામ ચિંતા કરવી?'
મુસલમાન કહે, 'તમને મરી જવાની બીક નથી લાગતી?'
બાપાશ્રી કહે, 'આ દેહ પડી જશે તો ભગવાન પાસે જવાશે. એમાં વળી ડરવાનું શું?'
મુસલમાન કહે, 'તમે ઓલિયા પુરુષ લાગો છો. તમને બીક ન હોય. પણ અમને બધાને બચાવી લો.'
બાપાશ્રી આંખો બંધ કરી બેસી રહ્યા.
મુસલમાન પ્રાર્થના કરવા લાગ્યો, 'બાપજી, આ બધાંના બૈરી છોકરા રખડી પડશે. મારા સગા પણ મારી રાહ જોતા હશે. અમને બચાવી લો.'
મુસલમાન પોતાના ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો.
આગબોટમાં પાણી ઘણું ભરાઈ ગયું હતું.
બધાને થયું ડૂબ્યા. આગબોટ ડૂબી જવાની.
બાપાશ્રી સૌની રક્ષામાં હતા.
બાપાશ્રીએ પોતાના બંને હાથ લાંબા કર્યા.
આગબોટની નીચે નાંખીને આગબોટને પાણીની ઉપર તરતી મૂકી.
કોઈને આ દેખાયું નહિ.
બધાને આશ્ચર્ય થયું. આગબોટ પાણીની ઉપર કેવી રીતે તરવા લાગી?
પણ મુસલમાનને દેખાયું.

તે આભો બની જોતો રહ્યો!

બધા વાતો કરે, 'ભગવાનની દયા થઈ. આગબોટ ડૂબતાં બચી ગઈ.'

મુસલમાન ઘણી કોશિષ કરે બધાને કહેવાની કે, પેલા ખૂણાંમાં બેઠા છે તેમણે આપણને બચાવ્યા, પણ તેનાથી બોલાયું જ નહિ.

તે જોયા કરે.

બાપાશ્રીએ આગબોટ કિનારા પર આવી ત્યાં સુધી હાથ એમ જ રાખી આગબોટને ડૂબવા ન દીધી.

કિનારે આવી બધા ભગવાનનો પાડ માનવા લાગ્યા.

હવે મુસલમાનથી બોલાયું. કહે, 'આ ઓલિયા પુરુષે આજે આપણને બચાવ્યા.'

બધા કહે, 'તેઓ તો ચૂપ-ચાપ ખૂણામાં બેઠા હતા.'

મુસલમાન કહે, 'તમને ખબર નથી મને દેખાયું હતું. આમણે બે હાથ લાંબા કરી આગબોટ નીચે નાંખી આપણને બચાવી લીધા છે.'

બધાએ પૂછ્યું, 'તમે જોયું હતું?'

મુસલમાન કહે, 'હા. મેં મારી સગી આંખે આખા રસ્તે જોયું, પણ ત્યારે મારાથી બોલી શકાયું નહિ.'

મુસલમાન બાપાશ્રીને પગે લાગવા માંડ્યો. કહે, 'બાપજી, તમે અમને બધાને ઉગારી લીધા.'

મુસાફરો પણ બાપાશ્રીને પગે લાગ્યા.

મુસલમાન કહે, 'બાપજી, મારી પાસે મેવાનો કરંડિયો છે તે તમે લઈ જાઓ.'

બાપાશ્રી કહે, 'ના મારાથી તે ન લેવાય.'
મુસલમાને પરાણે આપ્યો.
પોતે સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થયો.
બાપાશ્રીએ કરંડિયાનો મેવો બધાને પ્રસાદી કરી વહેંચી આપ્યો.

---

**શબ્દનો અર્થ**

આગબોટ = મોટું જહાજ
દેહ = શરીર
ઉગારી લેવું = બચાવી લેવું
ખારવો = વહાણ ચલાવનાર ખલાસી
ઓલિયા = ભગવાનના સંત

→ અનાદિમુક્ત ધારે તે કરી શકે. તેમના માટે કોઈ વાત અશક્ય નથી.

→ મુક્ત પ્રતાપ જણાવે ત્યારે મુસલમાન પણ મહારાજના આશ્રિત થાય છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. આગબોટ શા માટે હાલક-ડોલક થવા લાગી?
૨. ખારવાઓએ મુસાફરોને શું કહ્યું?
૩. મુસલમાને બાપાશ્રીને શું પૂછ્યું?
૪. બાપાશ્રીએ મુસલમાનના પ્રશ્નનો શો ઉત્તર આપ્યો?
૫. મુસલમાને બાપાશ્રીને શું પ્રાર્થના કરી.
૬. બાપાશ્રીએ મુસાફરોને કેવી રીતે બચાવી લીધા?

## નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાપાશ્રી ——— માં બેસી બહાર જતા હતા.

૨. ———— આગબોટ બચાવવા ખૂબ મહેનત કરતા હતા.

૩. તમને ——— ની બીક નથી લાગતી?

૪. આ ——— પડી જશે તો ભગવાન પાસે જવાશે.

૫. બાપજી, આ બધાનાં ———— રખડી પડશે.

૬. બાપાશ્રીએ પોતાના ———— એકદમ લાંબા કર્યા.

૭. આ ——— પુરુષે આજે આપણને બચાવ્યા.

## કોણ બોલે છે તે કહો.

૧. બધા પોતાના ભગવાનને યાદ કરો. હવે ભગવાન બચાવે તો બચીએ.

૨. તમને મરી જવાની બીક નથી લાગતી?

૩. ભગવાનને જેમ કરવું હોય તેમ કરે.

# ૩૫ બાળપ્રેમી પર પ્રસન્નતા

કરાંચી (જે અત્યારે પાકિસ્તાનમાં છે.) શહેરમાં સોમચંદભાઈ નામે ભગવાનના બહુ સારા ભક્ત હતા.
તેઓ બાળકોની રાત્રિ શાળા ચલાવે.
બાળકોને ભગવાનની વાતો સમજાવે.
ભગવાનનું ભજન કેવી રીતે કરવું તે પણ શીખવે.
છોકરાઓને તેમાં બહુ આનંદ આવે.
બાપાશ્રી કરાંચી પધાર્યા.
હરિભક્તોએ બાપાશ્રીનું સુંદર રીતે સ્વાગત કર્યું.
બાપાશ્રીને મંદિરે લઈ ગયા.
શહેરની સારી જગ્યાઓ બતાવી.
પરંતુ બાપાશ્રી એમ કહે, ‘મારે જે જોવું છે તે કરાંચી શહેરમાં છે કે નહિ?’
હરિભક્તોને થાય બાપાશ્રીને શું જોવું હશે?
દરરોજ હરિભક્તો પોતાના ઘરે બાપાશ્રીની પધરામણી કરે.
બાપાશ્રી ત્યાં જાય.
મંદિર આવીને કહે, ‘મારે જે જોવું છે તે અહીં નથી?’
એક દિવસ મુક્તરાજ સોમચંદભાઈ આવીને બાપાશ્રીને પગે લાગ્યા.
બાપાશ્રીએ જોયું સોમચંદભાઈ સાવ સાદા છે.
તેમના કપડાં પણ સાવ સાદાં છે.
બાપાશ્રીએ પૂછ્યું, ‘મહારાજ! સત્સંગનું કાંઈ કાર્ય કરો છો?’

સોમચંદભાઈ કહે, 'બાપા, ખાસ તો કાંઈ નથી કરતો. બાળકોની રાત્રિ શાળા ચલાવું છું.'

બાળકોનું નામ પડતા જ બાપાશ્રી ખુશ થઈ ગયા.

કહે, 'એમ! એમાં શું કરો છો?'

સોમચંદભાઈ કહે, 'બાપા, બાળકોને ભગવાનની વાતો સમજાવું છું અને ભગવાન ભજતાં શીખવું છું.'

બાપાશ્રી કહે, 'અમે કરાંચી આવ્યા તે દિવસના બાળકોને કોઈ સારા સંસ્કાર આપતું હોય તેવી જગ્યા જોવા માંગતા હતા.'

હરિભક્તોને ભારે આશ્ચર્ય થયું.

એક હરિભક્ત કહે, 'બાપા, તમારે બાળકોની રાત્રિ શાળા જોવી હતી? તેમાં શું જોવાનું?'

બાપાશ્રી કહે, 'તેમાં જ બધું છે.'

હરિભક્ત કહે, 'શું બધું?'

બાપાશ્રી કહે, 'બાળકો કુમળા છોડ જેવા હોય. જેમ વાળીએ તેમ વળે. તેમને જો અત્યારથી જ ભગવાન ભજવાના સંસ્કાર પાડીએ તો મોટા થઈ તેઓ ભગવાનના મુક્ત બને.'

કોઈ કંઈ બોલ્યું નહિ.

બધાને બાપાશ્રીની વાત સાચી લાગી.

બાપાશ્રી સોમચંદભાઈ પર ખૂબ રાજી થયા.

તેમને કહે, 'મુક્તરાજ તમારી શાળા ક્યારે બતાવો છો?'

સોમચંદભાઈ કહે, 'બાપા, તમે આવ્યા છો તેથી બધા આપનો સમાગમ કરવા આવ્યા છે. આપ આવતીકાલે પધારો.'

બાપાશ્રી કહે, 'ભલે અમે કાલે તમારી શાળાની મુલાકાત લઈશું.'

સોમચંદભાઈ પ્રસન્ન થયા.

બધા બાળકોને બીજે દિવસે હાજર રહેવા જણાવ્યું.

સોમચંદભાઈએ બાળકોને કહ્યું, 'આપણા ધન્ય ભાગ્ય, બાપાશ્રી અહીં પધારે છે. બાપાશ્રી મહાન મુક્ત છે. તમે બધા તેમના આશીર્વાદ મેળવજો.'

બાળકો પણ રાજી થઈ ગયાં.

બીજે દિવસે બાપાશ્રી પધાર્યા.

બધાં બાળકોએ ઉત્સાહથી બાપાશ્રીનું સ્વાગત કર્યું.

બધા શિસ્તબદ્ધ રીતે પોતાની જગ્યાએ બેસી ગયાં.

શાળાની સફાઈ અને બાળકોની શિસ્તથી બાપાશ્રી ઘણાં પ્રભાવિત થયા.

બાળકોને પૂછ્યું, 'આ બધું તમને કોણે શીખવ્યું?'

બાળકોએ કહ્યું, 'અમારા શિક્ષકે.'

બાપાશ્રી કહે, 'આજે હું તમારી પરીક્ષા લેવાનો છું. જોઉં તમને આ મુક્તરાજે કેવું શીખવ્યું છે. પરીક્ષા લઉંને?'

બાળકો ખુશ થઈ ગયા. કહે, 'હા બાપા. જરૂરથી.'

બાપાશ્રી પહેલેથી બાળકોના સંસ્કાર જોઈ રાજી થઈ ગયા હતા.

બાળકોને સાવ સામાન્ય પ્રશ્નો પૂછ્યા.

'આપણા ભગવાન કોણ?'

કોઈ બોલ્યું નહિ, પણ બધાએ હાથ ઊંચા કર્યા.

બાપાશ્રી કહે, 'જવાબ આપો! નથી આવડતું?'

સોમચંદભાઈ કહે, 'બાપા, બધાને આવડે છે. બધાએ હાથ ઊંચા કર્યા છે. તમે જેને પૂછશો તે જવાબ આપશે.'

બાળકોની આવી સરસ શિસ્ત જોઈ બાપાશ્રી અત્યંત રાજી થયા.

તેમણે એક છોકરાને પૂછ્યું, 'આપણા ભગવાન કોણ? તું જવાબ આપ.'

તેણે જવાબ આપ્યો, 'સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.'

બાપાશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'તેઓ ક્યાં પ્રગટ્યા?'

બધાએ ફરીથી હાથ ઊંચા કર્યા.

બાપાશ્રી હસ્યા એક બીજા છોકરાને પૂછ્યું, 'તું જવાબ આપ.'

તેણે જવાબ આપ્યો, 'છપૈયામાં.'

બાપાશ્રીએ બીજા થોડા પ્રશ્નો પૂછ્યા.

જેને-જેને પૂછ્યા તેણે સરસ રીતે તેના જવાબો આપ્યા.

બાપાશ્રી બધા પર ખૂબ પ્રસન્ન થયા.

બાળકોને કહે, 'તમે બધા પરીક્ષામાં પાસ. તમને આવું શિક્ષણ અને આવા સુંદર સંસ્કાર આપનાર તમારા પંડ્યા પણ પાસ.'

છોકરાઓ બાપાશ્રીને પગે લાગ્યા.

બાપાશ્રી કહે, 'આવી રીતે જ ભગવાનનું ભજન કરજો. જો અત્યારથી જ ભગવાન ભજવાનું અંગ થઈ જશે તો મહારાજ બહુ રાજી થશે.'

બાળકો કહે, 'બાપા, તમે આશીર્વાદ આપો.'

બાપાશ્રી કહે, 'આશીર્વાદ છે. હું તમારા બધા પર બહુ રાજી છું.'

સોમચંદભાઈને કહે, 'તમે, ખૂબ જ સરસ કાર્ય કરો છો. બાળકોને નાનપણથી ભગવાન ભજવાની સમજ આપવી જોઈએ.'

સોમચંદભાઈ બાપાશ્રીને પગે લાગ્યા.

બાપાશ્રી કહે, 'છોકરાઓને સારા સંસ્કાર આપવાનું કાર્ય તમે કરો છો. તેથી મહારાજ તમારા પર બહુ પ્રસન્ન છે. અમે પણ

બહુ રાજી થયા છીએ.'
સોમચંદભાઈને આશીર્વાદ આપી બાપાશ્રી મંદિરે પધાર્યા.

---

**શબ્દનો અર્થ**

શિસ્તબદ્ધ = નિયમબદ્ધ
પંડ્યા = શિક્ષક
અંગ = અભ્યાસ પાડવો.

→ બાપાશ્રીને બાળકો અતિશય વહાલા.
→ બાળકો માટે કોઈ કાર્ય કરે, તેમને સારા સંસ્કાર આપે તે બાપાશ્રીને બહુ ગમે.
→ બાપાશ્રી કહે છે તેમ આપણે પણ અત્યારથી જ ભગવાન ભજવાનું અંગ કેળવવું જોઈએ. જેથી ભગવાન અને તેમના મુક્તનો રાજીપો મળે.

### સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાપાશ્રી ક્યા શહેરમાં પધાર્યા હતા? ત્યાં ભગવાનના કયા ભક્ત હતા?
૨. બાપાશ્રી શું શોધતા હતા?
૩. બાપાશ્રીને બાળકોનું શું સૌથી વધુ ગમી ગયું?
૪. બાપાશ્રીએ સોમચંદભાઈને શું કહ્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. ——— શહેરમાં ——— ભગવાનનાં મોટા ભક્ત રહે.

૨. સોમચંદભાઈ બાળકોની ——— ચલાવતા.

૩. બધાએ ——— ઊંચા કર્યા.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. ભગવાન રાજી થશે અંગ તો ભજવાનું મહારાજ જો થઈ બહુ જશે અત્યારથી જ.

૨. સમજ નાનપણથી જ ભગવાન આપવી બાળકોને ભજવાની જોઈએ.

●

# ૩૯ યજ્ઞમાં ચમત્કાર

બાપાશ્રીએ અમદાવાદથી સંતોને બોલાવ્યા.

સંતો આવ્યા.

બાપાશ્રી કહે, 'સંતો, યજ્ઞ કરવો છે.'

સંતો કહે, 'બાપા, ખૂબ સારો વિચાર છે.'

બાપાશ્રી કહે, 'સારું મુહૂર્ત જોઈ મને કહો. એટલે તૈયારી કરીએ.'

બાપાશ્રી વાડીએ ગયા.

એક હરિભક્ત ત્યાં બેઠા હતા.

સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછ્યું, 'સ્વામી, બાપા વારંવાર યજ્ઞ શા માટે કરે છે? બધાને શા માટે ભેગા કરે છે?'

સ્વામી કહે, 'મહારાજે બાપાશ્રીને અનેક જીવોના કલ્યાણ કરવા અહીં મોકલ્યા છે. બાપાશ્રી યજ્ઞ કરે ત્યારે ગામે-ગામના હરિભક્તો આવે. બાપાશ્રી રાજી થઈ મહારાજની મૂર્તિના કે મહારાજના સુખના આશીર્વાદ આપે. જેથી એક સાથે કેટલાય જીવોનું કલ્યાણ થાય.'

હરિભક્ત કહે, 'સ્વામી, આજે મને ખબર પડી કે, બાપા વારંવાર યજ્ઞ શા માટે કરાવે છે.'

સ્વામીએ મુહૂર્ત કાઢી બાપાશ્રીને આપ્યું.

બાપાશ્રીએ બધો સામાન ભેગો કર્યો.

સેવકોને સેવા કરવા આજ્ઞા કરી.

સેવકો રાજી થઈ જુદી જુદી સેવા કરવા લાગ્યા.

કોઈ સફાઈ કામ કરે, કોઈ રસોઈનું કામ કરે.
કોઈ શીરો બનાવે તો કોઈ સુખડી, કોઈ ઘી ગાળે.
સુખડી અને શીરો બનાવનારા સેવકો બૂમો પાડે, 'ઘી જલદી લાવો, જલદી આપો.'
સેવકો ઘી ગાળીને આપવા લાગ્યા.
સેવક રત્નો કહે, 'ઘીના ડબ્બા બધા ખાલી થતા જાય છે.'
શામજી કહે, 'હા અને ઘી તો મંગાવ્યા કરે છે.'
રત્નો કહે, 'મને લાગે છે કદાચ ઘી ખૂટશે.'
તેજો કહે, 'અત્યારે બીજે ક્યાંયથી ઘી મળશે પણ નહિ.'
બધા ચિંતા કરવા લાગ્યા.
દામજી કહે, 'ઘી પૂરું થઈ જાય તો શીરો ને સુખડી પણ ન બને, તો બધાને પ્રસાદી શું આપીએ?'
બધા વિચારવા લાગ્યા.
શીરાવાળા સેવકો આવ્યા. કહે, 'ઘી આપો.'
તેમને ઘી આપ્યું.
રત્નો કહે, 'હવે થોડાં ડબ્બા જ રહ્યા છે. આપણે બાપાને જાણ કરીએ.'
શામજી દોડતો-દોડતો બાપાશ્રી પાસે આવ્યો.
બાપાશ્રી કહે, 'કેમ શામજી? દોડતો-દોડતો આવ્યો?'
શામજી કહે, 'બાપા અમે ઘી ગાળીએ છીએ.'
બાપાશ્રી કહે, 'સારું, પણ તું અહીં કેમ આવ્યો?'
શામજી કહે, 'બાપા, ઘીના ડબ્બા ખાલી થઈ ગયા છે. કદાચ ઘી ખૂટશે.'
બાપાશ્રી કહે, 'એમ! ચાલ હું જોવા આવું છું.'

બાપાશ્રી ઘીના ઓરડામાં આવ્યા.
રત્નો કહે, 'બાપા, ઘી કદાચ ઓછું પડશે.'
બાપા કહે, 'ક્યાં છે ડબ્બા?'
ભીમજી કહે, 'બાપા આ રહ્યા ખાલી ડબ્બા અને આટલા જ ડબ્બામાં ઘી છે.'
બાપાશ્રીના હાથમાં લાકડી હતી.
લાકડી લઈ ખાલી ડબ્બા પર મારવા લાગ્યા.
કહે, 'આ ક્યાં ખાલી છે! બીજા પર મારી અને બોલ્યા આ ક્યાં ખાલી છે!' એમ ઘણા ડબ્બા પર લાકડી મારી.
પછી કહે, 'આ બધા તો ભરેલા ડબ્બા છે. તમે અમસ્તા ચિંતા કરો છો.' રત્નો કહે, 'બાપા, એ ભરેલા નથી. ત્યાં તો અમે બધા ખાલી ડબ્બા રાખ્યા છે.'
બાપાશ્રી કહે, 'તું જો તો ખરો.'
રત્નો જોવા ગયો. તેણે જોયું.
કહે, 'અરે! આ કેમ થયું?'
તે એક પછી એક ડબ્બામાં જોવા લાગ્યો.
તેને ઘણું આશ્ચર્ય થયું.
કહે, 'બાપાએ જે ડબ્બા પર લાકડી મારી છે તે બધા ડબ્બા ભરેલા છે. બાપા, આ શો ચમત્કાર કર્યો?'
બાપાશ્રી કહે, 'આ તો શ્રીજીમહારાજનો યજ્ઞ છે. મહારાજ કોઈ વસ્તુ ખૂટવા નહિ દે.'
બાપાશ્રી પાછા પધાર્યા.
બાપાશ્રી ગયા એટલે ખીમજી, શામજી વગેરે ડબ્બામાં જોવા લાગ્યા.

ડબ્બા ઘીથી ભરેલા હતા.

બધાને આશ્ચર્ય સાથે આનંદ થયો.

રત્નો કહે, 'બાપાએ ખાલી ડબ્બા ભરી દીધા. હવે ફીકર નથી. હવે ઘી નહિ ખૂટે. જેને જેટલું જોઈતું હોય તેટલું ભલે લઈ જાય.'

બાપાશ્રીએ કરેલા ચમત્કારથી સેવકો ઉત્સાહથી સેવા કરવા લાગ્યા.

---

**શબ્દનો અર્થ**

ખૂટશે = ઓછું પડશે, ઘટશે.

→ વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, અમારા સમૈયા અને લીલા સંભારી રાખવા. અંત વખતે જો, મૂર્તિ ભૂલી જવાય અને તે વખતે સમૈયા અને સંતોના કરેલા દર્શન યાદ આવે તો તેની સાથે મૂર્તિ પણ યાદ આવી જાય.

→ બાપાશ્રીના પ્રતાપથી યજ્ઞમાં ક્યારેય વિઘ્ન આવતું નહિ.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાપાશ્રીએ સંતોને શું કરવાનું કહ્યું ?

૨. સ્વામી ઈશ્વરચરણદાસજીએ હરિભક્તને શો જવાબ આપ્યો ?

૩. બાપાશ્રીએ શો ચમત્કાર કર્યો ?

## નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાપા વારંવાર ——— શા માટે કરે છે?

૨. ——— બાપાશ્રીને અનેક જીવોના ——— કરવા અહીં મોકલ્યા છે.

૩. સેવકો જુદી-જુદી ——— કરવા લાગ્યા.

૪. ——— પૂરું થાય તો ——— અને ——— પણ ન બને.

૫. આ તો ——— નો યજ્ઞ છે.

## કોણ બોલે છે તે કહો.

૧. ઘીના ડબ્બા ખાલી થતા જાય છે.

૨. ઘી પૂરું થાય તો શીરો અને સુખડી પણ ન બને.

૩. આ બધા તો ભરેલા ડબ્બા છે.

૪. આ શો ચમત્કાર કર્યો?

●

# ૩૭ શાક ઔષધ બન્યું

એક મુસલમાન હતો.
તેને એકનો એક દીકરો.
દીકરો બહુ લાડકો.
દીકરાને અસાધ્ય રોગ થયો.
મુસલમાન હકીમ પાસે ગયો.
હકીમ કહે, 'મારી પાસે આની દવા નથી. તમે બીજા પાસે જાઓ.'
મુસલમાન ડૉક્ટર પાસે ગયો.
ડોકટરે ઘણી દવા આપી, પણ દીકરાનો રોગ મટ્યો નહિ.
દીકરો દિવસ-દિવસે સુકાતો ગયો.
મુસલમાન થાકીને વૈદ્ય પાસે ગયો.
વૈદ્યે દવા આપી, પણ કોઈ ફાયદો થયો નહિ.
મુસલમાન દુઃખી થઈ ગયો.
વિચારવા લાગ્યો, મારા દીકરાનો રોગ મટાડી શકે એવું કોઈ નથી?
એક હરિભક્તે કહ્યું, 'બળદિયામાં અબજીબાપાશ્રી રહે છે. તમે તેમની પાસે જાઓ.'
મુસલમાન કહે, 'તેઓ વૈદ્ય છે?'
હરિભક્ત કહે, 'ના.'
મુસલમાને પૂછ્યું, 'એ તાંત્રિક છે?'
હરિભક્ત કહે, 'ના. ભાઈ. એ તો ભગવાનના મહાનમુક્ત છે.

તેઓ રાજી થાય તો તમારા પુત્રનો રોગ મટાડી આપશે. તમે તેમને પ્રાર્થના કરો.'

મુસલમાનને એક નવી આશા જાગી.

દીકરાને ખાટલામાં સુવાડી ખાટલો લઈ બાપાશ્રી પાસે આવ્યો.

બાપાશ્રીને પગે લાગ્યો.

કહેવા, લાગ્યો, 'બાપજી, મારા દીકરાને બચાવી લો.'

બાપાશ્રી કહે, 'કેમ? શું થયું છે એને?'

મુસલમાન કહે, 'બાપજી, કાંઈ ખબર નથી. કેટલાય હકીમ, વૈદ્ય, ડૉક્ટરની દવા કરી, પણ રોગ મટતો નથી.'

બાપાશ્રી કહે, 'કેટલા સમયથી માંદો છે?'

મુસલમાન કહે, 'ઘણા વખતથી. હું તો દવા કરાવી થાકી ગયો. કોઈ મારા દીકરાનું દરદ મટાડી શકતા નથી.'

મુસલમાન રડી પડ્યો.

બાપાશ્રીએ છોકરા સામે જોયું.

છોકરો સાવ સુકાઈ ગયો હતો.

તે બેસી પણ શકતો ન હતો.

ખાટલામાં સૂતા-સૂતા જ તેણે બાપાશ્રીને હાથ જોડી પ્રણામ કર્યા.

બાપાશ્રીને છોકરાની હાલત જોઈ દયા આવી ગઈ.

તેમનું દિલ દ્રવી ઊઠ્યું.

બાપાશ્રી કહે, 'આવડા બાળકને આટલું બધું કષ્ટ?'

મુસલમાન કહે, 'બાપજી, હવે તો તમે મટાડો તો મટે.'

બાપાશ્રીએ ઘરમાં જઈ જોયું.

ઘરમાં પોણો શેર વાલોળનું શાક હતું.

બાપાશ્રી શાકનો વાટકો બહાર લાવ્યા.
મુસલમાન કહે, 'બાપજી, આ શું છે?'
બાપાશ્રી કહે, 'દવા છે.'
મુસલમાન કહે, 'બાપજી, શાક તે કંઈ દવા કહેવાય? તમે મારા દીકરાને દવા આપો, તાવીજ આપો.'
બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ.
શાક ભગવાનને ધરાવ્યું.
છોકરા પાસે ગયા.
પ્રેમથી છોકરાના માથા પર હાથ ફેરવ્યો.
છોકરાને કહે, 'બેટા! જો આ શાક બધું ખાઈ જઈશ તો, તારો બધો રોગ દૂર થઈ જશે; અર્ધું ખાઈશ તો. અર્ધો દૂર થશે અને થોડું ખાઈશ તો થોડો દૂર થશે. ભગવાનમાં શ્રદ્ધા રાખી ખાઈ જા.'
મુસલમાન કહે, 'પણ બાપજી!'
બાપાશ્રી હસવા લાગ્યા.
બાપાશ્રીએ એવું પ્રેમથી કહ્યું કે, છોકરાને વિશ્વાસ આવી ગયો.
તે શાક ખાવા લાગ્યો.
મુસલમાન જોતો રહ્યો.
બાપાશ્રીને કહે, 'બાપજી, કોઈ દવા આપી હોત તો સારું હતું. હું તો તમારું ઘણું નામ સાંભળી અહીં આવ્યો હતો.'
ત્યાં છોકરો બધું શાક ખાઈ ગયો.
તેના શરીરમાં શક્તિ આવવા લાગી.
ખાટલામાંથી ઊભો થઈ ગયો.
હાથ ધોઈ બાપાશ્રીને પગે લાગ્યો.

બાપાશ્રીએ તેને આશીર્વાદ આપ્યા.
છોકરાને કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણને ક્યારેય ભૂલતો નહિ. તેમણે જ તારો રોગ મટાડ્યો છે.'
મુસલમાન જોતો રહ્યો.
આ શો ચમત્કાર!!
દીકરો કહે, 'પિતાજી, હું સાવ સાજો થઈ ગયો છું. બાપાશ્રીએ મને સાજો કરી દીધો.'
મુસલમાન બાપાશ્રીના પગમાં પડી ગયો.
કહે, 'બાપજી, તમે ઓલિયા પુરુષ છો. કોઈથી ન થયું તે તમે કર્યું. તે પણ દવા આપ્યા વગર! વાલોળનું શાક ખવરાવીને! તમારા જેવું કોઈ ન કરી શકે. તમે તો ચમત્કારી પુરુષ છો.'
બોલતો જાય અને પગે લાગતો જાય..
જે દીકરો ખાટલામાં સૂતો-સૂતો આવ્યો હતો તે તેના પિતાજી સાથે ચાલીને ઘેર ગયો.
કંઠી બંધાવી સત્સંગી થયો. આજીવન સત્સંગી રહ્યો.

---

**શબ્દનો અર્થ**

અસાધ્ય = દૂર ન કરી શકાય તેવું
દરદ = પીડા, દુઃખ
દ્રવી ઊઠવું = પીગળી જવું, ઓગળી જવું.
પોણો શેર = આશરે ચારસો ગ્રામ
તાવીજ = ગળામાં બાંધવામાં આવેલી મંત્ર લખેલી ચિઠ્ઠી
આભા બનવું = ચકિત થઈ જવું.
ઓલિયો = ભગવાનનો ભક્ત

→ મહારાજ અને તેમના અનાદિમુક્ત જાત-કુજાત જોયા વગર દયા લાવે. માટે જ તેમને દયાના સાગર કહેવાય છે.

→ બાપાશ્રીને બાળકો બહુ વહાલા છે. તેથી તેમનું દુઃખ તરત દૂર કરે છે. બાળકો માટે જાત-કુજાત જોતા નથી. દરેક બાળક તેમને સરખું જ વહાલું છે.

→ હકીમ, ડૉક્ટર ન કરી શક્યા તે બાપાશ્રીએ વગર દવાએ કરી બતાવ્યું.

→ અનાદિમુક્તમાં ઘણું સામર્થ્ય હોય છે. તેઓ ધારે તે કરી શકે છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. મુસલમાનના દીકરાને કેવો રોગ થયો હતો?
૨. મુસલમાને કોની-કોની પાસે દવા કરાવી હતી?
૩. આખરે મુસલમાન કોની પાસે ગયો?
૪. બાપાશ્રીએ દવાના બદલે શું આપ્યું?
૫. બાપાશ્રીએ દીકરાને શું કહ્યું?
૬. મુસલમાન શાકના બદલે શું માંગતો હતો?
૭. દીકરાનો રોગ કેવી રીતે મટ્યો?
૮. દીકરાનો રોગ મટવાથી મુસલમાને બાપાશ્રીને શું કહ્યું?

### નીચેની ખાલી જગ્યા પુરો.

૧. દીકરાને ——— રોગ થયો.
૨. મુસલમાને પૂછ્યું તો એ ——— છે?
૩. બાપજી મારા દીકરાને ——— લો.

૪. દીકરાને કોઈ ——— આપો કે —— આપો.

૫. ભગવાનમાં ——— રાખી ખાઈ જા.

૬. તમે —— પુરુષ છો.

●

# ૩૮ તેજોમય દર્શન

કલ્યાણસિંહ નામે ભગવાનના એક ભક્ત.
ભગવાનનું બહુ ધ્યાન કરે.
તેમને મનમાં એક જ તાન, મહારાજનો સાક્ષાત્કાર થાય.
રોજ છ-છ સાત-સાત કલાક ધ્યાન કરે.
બાપાશ્રીને અનાદિમુક્ત જાણે.
તેમનો જોગ સમાગમ કરે.
બાપાશ્રી પણ તેમના પર રાજીપો જણાવે.
બાપાશ્રી જ્યાં જાય ત્યાં કલ્યાણસિંહજી પણ સાથે જાય.
પણ સભામાં મોડા આવે.
બાપાશ્રીએ પૂછ્યું, 'કલ્યાણસિંહ, સભામાં કેમ મોડા આવો છો? ઓરડીમાં કેમ ભરાઈ રહો છો?'
કલ્યાણસિંહજી કહે, 'બાપા, મહારાજને ગોતું છું. મારે એક જ તાન છે મહારાજના તેજોમય દર્શન થાય.'
બાપાશ્રી કહે, 'ઓરડામાં બેસી શું કરો છો?'
કલ્યાણસિંહજી કહે, 'મહારાજનું ધ્યાન કરું છું, મહારાજને શોધું છું.'
બાપાશ્રી કહે, 'આ સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે અને તમે ઓરડામાં શોધો છો. પછી મહારાજ ક્યાંથી મળે?
કલ્યાણસિંહજી કહે, 'બાપા, કાલથી આવીશ.'
બાપાશ્રી કહે, 'અહીં આવો તો અમે તમને મહારાજના દર્શન કરાવીએ.'

કલ્યાણસિંહજી રાજી થઈ ગયા.
તેમને થયું આટલા વખતથી હું ધ્યાન કરું છું, પણ બાપાશ્રીની દયાથી મને મહારાજના દર્શન થશે.
તેઓ કહે, 'બાપા, આવતીકાલે સવારમાં વહેલો આવીશ.'
કલ્યાણસિંહજી પોતાની ઓરડીમાં ગયા.
તેમને ઊંઘ ન આવી.
મનમાં આનંદ હતો. વારંવાર જુએ સવાર પડી કે નહિ?
સવાર પડવાની જ રાહ જુએ.
સવાર પડી. તરત તેઓ ઊઠ્યા.
નાહીને પવિત્ર થયા.
બાપાશ્રી પાસે આવ્યા.
બાપાશ્રીને કહે, 'નારાયણ હરે! આ ગરીબ મહારાજની મૂર્તિનું સુખ માંગે છે. દયા કરી તે આપો.'
બાપાશ્રી તેમની ધીરજની પરીક્ષા કરતા હતા.
કહે, 'હજી વાર છે.'
કલ્યાણસિંહ કહે, 'બાપા, રાત માંડ-માંડ કાઢી હવે કેટલીવાર?'
બાપાશ્રી કહે, 'હજી વાર છે.'
કલ્યાણસિંહજી બેસી ગયા.
વારંવાર બાપાશ્રી સામે જુએ બાપાશ્રી તેમની સામે જુએ પણ નહિ. વાતો કર્યા કરે.
પારાયણનો સમય થયો ત્યારે બાપાશ્રી ઊઠ્યા.
બધાને કહે, 'ચાલો, આજે આ ભગતને મહરાજનાં દર્શન કરાવવાં છે.'
બધાને આનંદ થયો કે, આપણને તે જોવાનો લ્હાવો મળશે.

બધા મંદિરમાં આવ્યા.
બાપાશ્રીએ મંદિરમાં પહેલાથી કહેવરાવ્યું હતું.
જેથી મંદિરમાં બધી તૈયારી થઈ ગઈ હતી.
મહારાજની મૂર્તિને ફૂલોથી શણગારી હતી.
મંદિરમાં ધૂપ-દીપ કર્યા હતા.
આખું મંદિર પવિત્ર અને સુગંધિમાન હતું.
આરતી પ્રગટી.
બાપાશ્રી કહે, 'કલ્યાણસિંહજી, જુઓ આ સિંહાસન પર કોણ બિરાજે છે?'
કલ્યાણસિંહજી એક નજરે મૂર્તિ સામું જોવા લાગ્યા.
બાપાશ્રી અને હરિભક્તો આરતી બોલવા લાગ્યા.
કલ્યાણસિંહજીનું એ તરફ ધ્યાન ન હતું.
અચાનક તેમને મૂર્તિમાંથી તેજ નીકળતું હોય તેવું દેખાયું.
જાત-જાતની સુગંધ આવતી હોય તેવું લાગ્યું.
મહારાજનું આવું સુંદર રૂપ તેમણે ક્યારેય જોયું ન હતું.
મહારાજના અલૌકિક રૂપને જોવામાં તેઓ મસ્ત બની ગયા.
મંદિરમાં શું થાય છે તેની પણ તેમને ખબર ન રહી.
આરતી પૂરી થઈ.
કલ્યાણસિંહજીની આંખમાંથી હરખના અને પ્રેમના આંસુ સરવા લાગ્યા.
બાપાશ્રીને દંડવત્ કરતા જાય અને કહેતા જાય, 'બાપા, તમે બહુ દયાળુ છો, કૃપાળુ છો. તમારી દયાથી મને મહારાજનાં તેજોમય દર્શન થયાં.
બાપાશ્રીએ તેમને પકડી લીધા અને ભેટી પડ્યા.

કલ્યાણસિંહજી પાછા પ્રાર્થના કરવા લાગ્યા, 'બાપા, તમે મારી ઈચ્છા પૂર્ણ કરી. તમે મહાન છો, સમર્થ છો.'

બાપાશ્રી કહે, 'કલ્યાણસિંહજી, હવે મૂર્તિના સુખમાં લહેર કરો, ચાલો કથામાં.'

કલ્યાણસિંહજીને દિવ્યભાવ આવી ગયો.

તેજોમય દર્શન થયા પછી તેમની સ્થિતિ બદલાઈ ગઈ.

બધાને મહારાજની વાતો કરે.

હરિભક્તો પણ તેમનો સમાગમ કરે.

---

→ અનાદિમુક્ત મુમુક્ષુઓનાં કલ્યાણ માટે આવેલા હોય છે. આતુર ભક્તને દર્શન કરાવે જ છે.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કલ્યાણસિંહજી કેટલો સમય ધ્યાન કરતા?

૨. બાપાશ્રીએ ભગવાન ક્યાં બિરાજે છે તેમ કહ્યું?

૩. બાપાશ્રીએ કલ્યાણસિંહજીને મહારાજના દર્શન ક્યાં અને કેવી રીતે કરાવ્યાં?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. —— નામના એક ભગવાનના ભક્ત.

૨. બાપા મને તો એક જ —— છે મહારાજના ——— દર્શન થાય.

૩. ———— માં બેસી શું કરો છો?

૪. આ સભામાં મહારાજ ——— બિરાજે છે.

૫. બાપાશ્રી તેમની ——— ની પરીક્ષા કરતા હતા.
૬. કલ્યાણસિંહજી હવે મૂર્તિના ——— માં ——— કરો.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. તેજોમય થાય મને તો બાપા જ તાન છે દર્શન મહારાજના એક જ.
૨. આ ક્યાંથી મળે સભામાં શોધો છો ઓરડામાં મહારાજ પ્રત્યક્ષ અને તમે પછી મહારાજ બિરાજે છે.

●

## ૩૯ વરસાદ અટકાવ્યો

કુંભારિયા ગામથી હરિભક્તો બાપાશ્રીને મળવા આવ્યા.

બાપાશ્રી વાડીમાં ધ્યાન કરતા હતા.

હરિભક્તો આવીને બેઠા.

બાપાશ્રી ધ્યાનમાંથી જાગ્યા.

હરિભક્તો પગે લાગ્યા.

બાપાશ્રીએ પૂછ્યું, 'કેમ આવવું થયું?'

હરિભક્તો કહે, 'બાપા, કુંભારિયા ગામમાં પારાયણ બેસાડવી છે.'

બાપાશ્રી કહે, 'સરસ. એમાં શું પૂછવાનું?'

હરિભક્તો કહે, 'બાપા, આપ દયા કરી પારાયણમાં પધારો એવી અમારી પ્રાર્થના છે.'

બાપાશ્રી કહે, 'અમે જરૂરથી આવીશું. પારાયણ હોય ત્યાં તો અમે ચોક્કસ આવીશું.'

એક હરિભક્ત કહે, 'બાપા, પારાયણની સાથે તમે મહારાજના મહિમાની વાતો કરજો. તમારી વાતોથી લોકોને આનંદ-આનંદ થઈ જાય છે.'

બાપાશ્રી કહે, 'હા જરૂર કરીશ, ભગવાનનો મહિમા કહેવા જ ભગવાને મને અહીં મોકલ્યો છે.'

હરિભક્તો રાજી થયા. કહે, 'બાપા, અમે તમને તેડવા આવીશું?'

બાપાશ્રી કહે, 'ના. તમારે ત્યારે કામ હોય. અમે અમારી મેળે

આવતા રહીશું.'

પારાયણને દિવસે બાપાશ્રી કુંભારિયા પધાર્યા.

જોયું તો હરિભક્તોએ કથાનો મંડપ સભામંડપની બહાર બાંધ્યો હતો.

હરિભક્તોને કહે, 'આ મંડપ અંદર બાંધો વરસાદ પડશે તો હેરાન થવાશે.'

હરિભક્તો કાંઈ બોલ્યા વગર કામ કરવા લાગ્યા.

બાપાશ્રીએ જોયું કોઈ અંદર બેસવાની વ્યવસ્થા કરતું નથી.

તેઓ જાણતા હતા વરસાદ બહુ પડવાનો છે.

હરિભક્તોને બોલાવ્યા અને કહ્યું, 'આ તંબુ બાંધ્યો છે તેને અંદર લઈ લો વરસાદ પડશે તો બહુ હેરાન થવાશે.'

એક હરિભક્ત કહે, 'બાપા, લોકો ઘણા છે. અંદર બધા સમાશે નહિ. એટલે બહાર બેસવાની વ્યવસ્થા કરી છે.'

બાપાશ્રી જાણતા હતા તેથી થોડી-થોડી વારે બધાને કહે, પણ માણસો બહુ હતા તેથી કોઈ માને નહિ.

બાપાશ્રી ઈશ્વરચરણદાસજીને કહે, 'આ લોકો આજે અમારું માનતા નથી, પણ કાલે હેરાન થશે ત્યારે ખબર પડશે.'

સ્વામી કહે, 'બાપા, તમને ખબર છે, વરસાદ પડવાનો છે. એ લોકોને નથી ખબર એટલે તમારું માનતા નથી.'

બાપાશ્રી કહે, 'નથી ખબર એટલે તો કહું છું તો ય માનતા નથી.'

સ્વામી કહે, 'બાપા, એ લોકો તમારી સામર્થીથી અજાણ છે.'

બાપાશ્રી કહે, 'હવે શું કરવું? વરસાદ ખૂબ પડવાનો છે.'

સ્વામી કહે, 'બાપા, તમે દયા કરી વરસાદ અટકાવજો.'

બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ.

બીજે દિવસે સવારથી વાદળો ઘેરાયેલાં હતાં.
કામમાં કોઈનું ધ્યાન તે તરફ ગયું નહિ.
સમય થયો અને કથા વંચાવાની શરૂઆત થઈ.
સાથે જ પવન ફૂંકાવાનો પણ શરૂ થયો.
હવે બધાનું ધ્યાન ગયું.
બધાને થયું વરસાદ પડશે ખરો.
ભગવાનની આરતી થઈ.
પુસ્તકની પૂજા થઈ.
પવન જોરથી ફૂંકાવા લાગ્યો.
બધા ચિંતામાં પડ્યા કે, હવે શું થશે?
એક હરિભક્ત કહે, 'ગઈકાલે બાપાશ્રી કહેતા હતા, વરસાદ પડશે.'
બીજો કહે, 'તંબુ અંદર બાંધવાનું ઘણીવાર કહ્યું હતું, પણ આપણે માન્યું નહિ. હવે શું થશે?'
મોટાં મોટાં ફોરાં સાથે વરસાદ વરસવો શરૂ થયો.
બધા ગભરાયા.
હરિભક્તો કહે, 'બાપાની વાત કાલે માની નહિ હવે તેમની પાસે પ્રાર્થના કરવા જવાય પણ કેવી રીતે?'
એક હરિભક્ત કહે, 'સ્વામી ઈશ્વરચરણદાસજીને વાત કરીએ. તેઓ બાપાશ્રીને વાત કરશે.'
બધા સ્વામી પાસે ગયા.
સ્વામીને કહે, 'સ્વામી, બાપાએ ગઈકાલે અમને મંડપ અંદર બાંધવા બહુ કહ્યું હતું, પણ અમે માન્યા નહિ. અત્યારે વરસાદ આવ્યો.'

સ્વામી કહે, 'બાપા તો અંતર્યામી છે. તેથી જ તમને કહેતા હતા.'
હરિભક્તો કહે, 'અમારી ભૂલ થઈ. હવે તમે કંઈક કરો.'
સ્વામી કહે, 'મારાથી શું થાય?'
હરિભક્તો કહે, 'તમે અમારા વતી બાપાને પ્રાર્થના કરો.'
સ્વામી કહે, 'તમે પ્રાર્થના કરો અને સાથે હું પણ કહીશ. બાપા બહુ દયાળુ છે. જરૂર પ્રાર્થના સાંભળશે.'
બધા બાપા પાસે આવ્યા.
પ્રાર્થના કરવા લાગ્યા, 'બાપા, તમારી વાત અમે માની નહિ. અમારી ભૂલ થઈ, પણ અત્યારે વરસાદ બંધ નહિ થાય તો બધા બહુ હેરાન થશે.'
સ્વામીએ પણ કહ્યું, 'બાપા, દયા કરો. આ લોકોને એમની ભૂલ સમજાઈ છે. જો વરસાદ બંધ નહિ થાય તો બધા ખરેખર હેરાન થઈ જશે.'
બાપાશ્રીને બધાની પ્રાર્થનાથી દયા આવી ગઈ.
બોલ્યા, 'જાઓ વરસાદ નહિ પડે. કથા વાંચવી શરૂ કરો.'
બાપાશ્રી બોલ્યા અને તરત વરસાદ બંધ થઈ ગયો.
હરિભક્તો રાજી થઈ ગયા.
બાપાશ્રીને પગે લાગવા માંડ્યા.
આજુ-બાજુના ગામમાંથી જે પારાયણમાં આવે તેઓને બહુ આશ્ચર્ય થાય.
બધાને પૂછે, 'અમારા ગામમાં બહુ વરસાદ છે અને કુંભારિયામાં કેમ વરસાદ પડતો નથી?'
હરિભક્ત કહે, 'આ તો બાપાનો પ્રતાપ છે.'

જેટલા દિવસ પારાયણ ચાલી તેટલા દિવસ કુંભારિયા ગામમાં વરસાદ ન પડ્યો બીજા બધા ગામમાં ખૂબ પડ્યો.

---

**શબ્દનો અર્થ**

ફોરાં = ટીપાં

સામર્થ્ય = શક્તિ

→ જેટલું ભગવાનનું કર્યું થાય છે તેટલું જ ભગવાનના પ્રતાપથી તેમના અનાદિમુક્તથી પણ થાય.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. હરિભક્તો બાપાશ્રીને મળવા કયા ગામમાંથી આવ્યા હતા?

૨. બાપાશ્રી હરિભક્તોને વારંવાર શું કહેતા?

૩. હરિભક્તોએ શા માટે બાપાશ્રીની વાત માની નહિ?

૪. કથા વંચાવવાની શરૂ થઈ ત્યારે શું થયું?

૫. હરિભક્તોની પ્રાર્થના સાંભળી બાપાશ્રીએ શું કહ્યું?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાપા ——— ગામમાં ——— બેસાડવી છે.

૨. આ ——— અંદર બાંધો ——— પડશે તો હેરાન થવાશે.

૩. બાપા એ લોકો તમારી ——— થી અજાણ છે.

૪. આ તો બાપાનો ——— છે.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. અહીં મહિમા કરીશ જરૂર કહેવા ભગવાનનો જ ભગવાને છે મોકલ્યો મને.

●

# (૪૦) ખારું પાણી મીઠું કર્યું

બાપાશ્રી સંઘની સાથે યાત્રાએ નીકળ્યા હતા.

બાપાશ્રી સંઘ સાથે હોય એટલે સંઘમાં હરિભક્તો પણ ઘણા હોય.

બધા ભગવાનનું ભજન કરતા યાત્રા કરે.

એક વખત એક ગામથી બીજે ગામ જવા નીકળ્યા.

બીજું ગામ દૂર હતું.

સંઘમાં બધા વાતો કરે, 'બીજું ગામ દૂર છે. ત્યાં પહોંચતા વાર લાગશે. ભૂખ બહુ લાગી છે.'

એક હરિભક્ત કહે, 'બાપાને વાત કરીએ.'

બાપાશ્રીને વાત કરી, 'બાપા, સંઘમાં બધાને ભૂખ લાગી છે. બીજું ગામ દૂર છે. આપ આજ્ઞા કરો તો અહીં ટીમણ કરીએ.'

બાપાશ્રીએ પૂછ્યું, ' આ કયા ગામનું પાદર છે?'

હરિભક્ત કહે, 'જોશીપરા બાપા.'

બાપાશ્રી કહે, 'સારું બધા અહીં ટીમણ કરો.'

પાસે એક કૂવો પણ હતો.

થોડા માણસો કૂવામાંથી પાણી લેવા ગયા.

સંઘના બીજા હરિભક્તો કહે, 'એ કૂવાનું પાણી ખારું છે અને કડચું પણ છે.'

બધા પાછા આવ્યા.

હરિભક્તો કહે, 'તમે બેસો અમે નજીકથી બધા માટે પીવાનું પાણી લઈ આવીએ છીએ.'

બીજા કેટલાક હરિભક્તો પણ સાથે ગયા.
બાપાશ્રી કહે, 'મારે નાહવા જવું છે.'
બાપાશ્રી કૂવા પાસે ગયા.
હરિભક્તો કહે, 'બાપા, કૂવાનું પાણી ખારું અને કડચું છે. ઢોર પણ એ પાણી પીતા નથી.'
બાપાશ્રી કહે, 'ચાલો જોઈએ.'
હરિભક્ત કહે, 'બાપા, અમને ખબર છે. વર્ષોથી આ કૂવાનું પાણી કોઈ પીતું નથી.'
બાપાશ્રીએ એક લોટો પાણી કાઢ્યું. ભગવાનનું નામ લીધું અને પાણી પાછું કૂવામાં નાંખ્યું.
હરિભક્તને કહે, 'એક લોટો ભરી પાણી કાઢો.'
હરિભક્તે પાણી કાઢ્યું.
બાપાશ્રીએ પાણી ગાળી પીધું.
કહે, 'આ ક્યાં ખારું પાણી છે? આ તો સરસ મીઠું પાણી છે.'
બાપાશ્રીની વાત સાંભળી સંઘના લોકો દોડતા ત્યાં આવ્યા.
બધાએ પાણી ચાખ્યું.
પાણી ખરેખર મીઠું હતું.
ટીમણ કરી બધાએ એ પાણી પીધું.
બધા વાતો કરવા લાગ્યા, 'બાપાના પ્રતાપથી કૂવાનું ખારું પાણી મીઠું બની ગયું.'
બધા બીજે ગામ જવા ચાલવા લાગ્યા.

---

**શબ્દનો અર્થ**

કડચું = કડવું

ઢોર = પ્રાણી

ટીમણ = નાસ્તો

→ અનાદિમુક્તના સંસર્ગથી ખારાં પાણી રૂપી રજોગુણી અને તમોગુણી જીવો મીઠાં પાણી જેવા સાત્ત્વિક બની જાય છે.

→ જોશીપરા ગામની બહાર જે કૂવાનું ખારું પાણી બાપાશ્રીએ મીઠું કર્યું હતું તે પાણી આજે પણ મીઠું છે. અને બાપાશ્રીની મહાનતાની સાક્ષી પૂરે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાપાશ્રી કોની સાથે યાત્રાએ નીકળ્યા હતા?

૨. બીજું ગામ આવે તે પહેલાં સંઘના લોકોને શું કરવું હતું?

૩. કૂવાનું પાણી કેવું હતું?

૪. બાપાશ્રીએ કૂવાનું પાણી મીઠું કેવી રીતે કર્યું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બધા ભગવાનનું ——— કરતા યાત્રા કરે.

૨. આપ આજ્ઞા કરો તો અહીં ———— કરીએ.

૩. કૂવાનું પાણી ——— પણ છે.

૪. પાણી ખેંચ્યું —— નું નામ લીધું અને પાણી —— માં નાખ્યું.

૫. બાપાના પ્રતાપથી કૂવાનું પાણી ——— માંથી —— બની ગયું.

●

# ૪૧ મુક્ત દ્વારા મુક્તની ઓળખ

એક વખત બાપાશ્રી સંઘ સાથે મૂળી સમૈયો કરવા ગયા હતા. બળદિયા પાછા આવતાં રસ્તામાં બાપાશ્રી જુદા જુદા ગામોમાં જાય. ત્યાંના હરિભક્તોને ઘરે પધરામણી કરે.

ફરતા-ફરતા બાપાશ્રી ધ્રાંગધ્રા પધાર્યા.

ગામમાં ગીગાભાઈ નામે એક ગરીબ હરિભક્ત બાપાશ્રીની સાથે બધાના ઘરે જાય.

મનમાં સંકલ્પ થયા કરે, કે બાપાશ્રી મારા ઘરે પણ પધારે તો કેવું સારું !

પછી વિચારે, હું તો ગરીબ છું, બાપાશ્રીને કેવી રીતે કહું? બાપાશ્રી નહિ પધારે તો !

આમ વિચારી ગીગાભાઈ તો દુ:ખી થઈ ગયા.

બાપાશ્રી ગીગાભાઈનો સંકલ્પ જાણી ગયા. તેમના સામું જોઈ જરા હસ્યા.

ગીગાભાઈનું ઘર નજીક આવ્યું.

બાપાશ્રીએ ગાડાવાળાને કહ્યું 'ગાડું ઊભું રાખો અમારે લઘુ કરવા જવું છે.'

આવું સાંભળતાં જ ગીગાભાઈના મનમાં વિચાર ઝબૂક્યો.

બાપાશ્રી પાસે દોડીને ગયા અને કહેવા લાગ્યા, 'આવો બાપા મારા ઘરે મારું ઘર પાસે જ છે.'

બાપાશ્રી એમના ઘરે પધાર્યા.

ગીગાભાઈ તો રાજી-રાજી થઈ ગયા.

વિચારવા લાગ્યા બાપાશ્રી બહુ જ દયાળુ છે. મારો સંકલ્પ જાણી ગયા અને મારા જેવા ગરીબના ઘરે પણ પધાર્યા !

બાપાશ્રી લઘુ કરીને આવ્યા એટલે ગીગાભાઈ તેમને એક ઘોડીયા પાસે લઈ ગયા. તેમાં અગિયાર માસના તેમના પુત્ર સૂતા હતા.

ગીગાભાઈ કહે, ‘બાપા આને આશીર્વાદ આપો.’

બાપાશ્રી પાસે દિવાળીબા ઊભા હતા તેમણે કહ્યું, ‘બાપા ! ગીગાભાઈ ભક્તના દીકરા ભગવાનના ભક્ત થાય તેવા આશીર્વાદ આપો.’

બાપાશ્રીએ બાળકને પોતાના હાથમાં લીધું. પોતાના કપાળમાં ચાંદલો હતો તેમાંથી કંકુ લઈ બાળકનાં કપાળ પર ચાંદલો કર્યો. બાળક તો બાપાશ્રી સામે જોઈ ખીલ-ખીલ હસ્યા કરે. બાપાશ્રી પણ તેની સામે જોઈ મલક્યા. બાપાશ્રી બોલ્યા, ‘આ બાળક તો શ્રીજીમહારાજના લાડીલા મહામુક્ત છે, તે અનેક જીવોના કલ્યાણ કરશે. અનેક સર્વજીવહિતાવહ કાર્યો કરશે.’ બાપાશ્રીના આવા રૂડા આશીર્વાદથી ગીગાભાઈ રાજી-રાજી થઈ ગયા. તેમના નેત્રમાં હર્ષના આંસુ આવી ગયા.

એ બાળક બાપાશ્રીના આશીર્વાદથી ખૂબ મહાન થયા. અનેક જીવોનાં કલ્યાણ કર્યા. અનેકના દુ:ખો દૂર કર્યા. કેટલાય ભૂતોના કલ્યાણ કર્યા. કેટલાય જીવોને મહારાજના સૂખમાં મૂક્યા. તેમને પણ બાળકો ખૂબ જ વ્હાલા. શાળામાં જ્યારે બાળકોને પ્રેમથી ભણાવતા ત્યારે બાળકોને તે તરત જ સમજાય જતું. બાળકોને આદર્શ બાળક બનવાની શિક્ષા આપતા. બાપાશ્રીના આશીર્વાદ હોવાથી તેમણે

'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન.' જેવી સંસ્થાની સ્થાપના કરી. અનેક મહાન કાર્યો કર્યા.

એ બાળક તે બીજું કોઈ નહિ, પણ આપણા સૌના પ્યારા, આપણા સૌના લાડીલા મુક્તરાજ નારાયણમામા !!!

---

**શબ્દનો અર્થ**

સંકલ્પ = વિચાર

લઘુ કરવા જવું = પેશાબ કરવા જવું

→ અનાદિમુક્તને પૈસાદાર કે ગરીબ એવો ભેદભાવ હોતો નથી. તેઓ તો ભક્તનો ભાવ જુએ છે.

→ અનાદિમુક્તની સ્થિતિ અનાદિમુક્ત જ જાણી શકે છે.

**સ્વાધ્યાય**

**નીચેના પ્રશ્નોના જવાબ આપો**

૧. બાપાશ્રી ક્યાંથી સમૈયો કરી પધાર્યા હતા?

૨. બાપાશ્રી કોના ઘરે લઘુ કરવા ગયા?

૩. બાપાશ્રીએ બાળકને કયા આશીર્વાદ આપ્યા?

**ખાલી જગ્યા પૂરો**

૧. ———— નામે એક ગરીબ હરિભક્ત હતા.

૨. આ તો મહારાજના મુક્ત છે ને ——— ના——— કરવા આવ્યા છે.

# (૪૨) અષાઢી અમાસનો જમણવાર

બાપાશ્રી હવે વૃદ્ધ થયા હતા.

હરિભક્તોને સેવા આપવા ઘણીવાર મંદવાડ ગ્રહણ કરતા. સેવા ગ્રહણ કરી પાછા આપમેળે સાજા થઈ જતા. પણ આ વખતે મંદવાડની લીલા લાંબી ચાલી. સંતો-હરિભક્તો મૂંઝવણમાં મુકાઈ ગયા. બધાને ડર હતો કે કદાચ બાપાશ્રી દેહત્યાગ કરશે તો.

તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી, મુનિસ્વામી વગેરે બાપાશ્રીને પ્રાર્થના કરવા લાગ્યા. મુક્તરાજ ધનબા પણ પ્રાર્થના કરતા કહે, 'બાપા તમે માંદા થઈ ગયા છો તે અમને ગમતું નથી.'

મુનિસ્વામી કહે, 'બાપા, કોઈ જમતું પણ નથી.'

ધનબા કહે, 'તમે માંદા છો તેથી બધા માંદા જેવા થઈ ગયા છે.'

બધાની પ્રાર્થના સાંભળી બાપાશ્રી કહે, 'તમારી બધાની પ્રાર્થના મહારાજે સાંભળી છે. હવે અમે ધામમાં નહિ જઈએ. જલદી સાજા થઈ જઈશું.'

બધા ખૂબ રાજી થઈ ગયા.

બાપાશ્રી કહે, 'હવે બધા રસોઈ કરી ભગવાનને થાળ જમાડો.'

ધીરે ધીરે બાપાશ્રી સાજા થવા લાગ્યા.

બાપાશ્રી સ્વામીને કહે, 'સ્વામી, મહારાજે મને રાખ્યો.'

સ્વામી કહે, 'બાપા, બહુ દયા કરી?'

બાપાશ્રી કહે, 'મને વિચાર થાય છે, છત્રીએ પારાયણ બેસાડીએ.'

સ્વામી કહે, 'બાપા, ખૂબ સારો વિચાર છે.'
સરસ રીતે પારાયણ થઈ.
કથા સમાપ્તિના દિવસે બાપાશ્રી સ્વામીને કહે, 'સ્વામી, હું માંદો થયો ત્યારથી છોકરાઓ મને મળવા આવી શકતા નથી.'
સ્વામી કહે, 'આપે મંદવાડ ગ્રહણ કર્યો હતો તેથી બાળકોના માતા-પિતા તેમને આપની પાસે આવવા દેતા ન હતા. એટલે બિચારા ક્યાંથી આવી શકે?'
બાપાશ્રી કહે, 'કથા સમાપ્તિના દિવસે આખા ગામના છોકરાઓને જમાડીએ એટલે બાળકો રાજી થાય.'
સ્વામી કહે, 'સારું બાપા. આમ કરવાથી બધા બાળકોને તમારા દર્શનનો લાભ મળશે.'
અષાઢ મહિનાની અમાસને દિવસે કથા પૂરી થઈ.
આખા ગામના બાળકો છત્રીએ આવી ગયા.
બાળકો બાપાને પગે લાગ્યા.
ભીમજી કહે, 'બાપા, તમને શું થયું હતું?'
બાપાશ્રી કહે, 'દીકરા જરાક મંદવાડ આવ્યો હતો.'
ભીમજી કહે, 'મારા પિતાજી મને તમારી પાસે આવવા દેતા ન હતા.'
બાપાશ્રી કહે, 'હવે ના નહિ પાડે.'
કરસન તો આવીને તરત બાપાશ્રીને વળગી પડ્યો.
કહે, 'બાપા, તમે કેમ માંદા થયા હતા? અમને કોઈ બોલાવતું ન હતું. વાડીમાં કોઈ ખાવાનું પણ આપતું ન હતું.'
બાપાશ્રી કહે, 'કાલે આવજે. તને જે જોઈતું હશે તે આપીશ.'
રૂડો કહે, 'બાપા, તમારા જેવા લાડ અમને કોઈ કરતું નથી.

તમારી પાસે આવીએ તો વઢતા હતા.'

બાપાશ્રી કહે, 'ભૂલકાંઓ, તમારો પ્રેમ જોઈને મંદવાડને રજા આપી દીધી. હવે તમારે દરરોજ મારી પાસે આવવું કોઈ ના નહિ પાડે.'

તેજો કહે, 'બાપા, અમને ભગવાનની વાર્તા કરશો ને?

બાપાશ્રી કહે, 'ભગવાનની વાર્તા પણ કરીશ અને પ્રસાદી પણ આપીશ.'

બાળકો ખુશ-ખુશ થઈ ગયા.

બાપાશ્રી કહે, 'ચાલો, બધા પંગત બનાવો.'

બધા લાઈનમાં બેસી ગયા.

હરિભક્તો પીરસવા લાગ્યા.

બાપાશ્રી કહે, 'હવે બધા ભગવાનનું નામ લઈ જમવાનું શરૂ કરો.'

બાપાશ્રી બાળકોને જોઈ રાજી થયા.

બાપાશ્રી બાળકોને લાડુ પીરસવા પંગતમાં આવ્યા.

જેને જેટલા લાડુ જોઈતા હોય તેટલા આપે.

બાળકો મોટેથી બૂમ પાડે, 'બાપા, મને આપો. બાપા, મને બે આપો. બાપા મને ચાર આપો.'

બાપાશ્રી બધાને આપે કહે, 'જમો બાળુરાજા જમો!'

એક બાળકને પૂછ્યું, 'તારું નામ શું?'

બાળક કહે, 'રૂડો બાપા.'

બાપાશ્રીએ લાડુ આપી તેને પૂછ્યું, 'રૂડા આ તું શું જમે છે?'

રૂડો કહે, 'લાડુ.'

બાપાશ્રી કહે, 'ના. મહારાજની મૂર્તિનું સુખ જમે છે. આ વાત

યાદ રાખજે.'
રૂડો કહે, 'યાદ રાખીશ બાપા.'
તેજા પાસે જઈ કહે, 'તેજા દીકરા, લાડુ કેવો લાગે?'
તેજો કહે, 'ગળ્યો.'
બાપાશ્રી કહે, 'ભગવાનની મૂર્તિનું સુખ પણ બહુ જ મીઠું છે.'
તેજો બાપાશ્રીને પગે લાગ્યો.
બાપાશ્રી કહે, 'ભગવાન તને એ સુખ જરૂર આપશે.'
કરસન કહે, 'બાપા, મને આશીર્વાદ આપો હું રહી ગયો.'
બાપાશ્રી કહે, 'કોઈ નહિ રહી જાય. બોલ, લાડુ ભાવ્યો?'
કરસન કહે, 'હા.'
બાપાશ્રીએ ફરી પૂછ્યું, 'બહુ ભાવ્યો?'
કરસન કહે, 'બાપા, મને લાડુ ખૂબ-ખૂબ ભાવે.'
બાપાશ્રીએ આખો લાડુ તેના મોઢામાં મૂકી દીધો.
કરસન બોલી શકતો ન હતો.
માંડ બોલ્યો, 'બાપા, મ..... ને....'
બાપાશ્રી કહે, 'શું? શું કહે છે?'
બધા હસવા લાગ્યા.
કરસન કહે, 'મને આશીર્વાદ....'
આટલું માંડ બોલી શક્યો.
બાપાશ્રી રાજી થઈ કહે, 'લાડુ જેવું ગળ્યું મહારાજનું સુખ તને પણ મળશે.'
કરસન બાપાને પગે લાગ્યો.
જમણવાર પત્યો.
બાળકો બાપાશ્રી પાસે આવીને બેઠા.

બાપાશ્રી પૂછવા લાગ્યા, ‘બધાને જમવાનું ભાવ્યું?’
બાળકો કહે, ‘હા. બહુ ભાવ્યું.’
બાપાશ્રી કહે, ‘જેવી રીતે ધ્યાન રાખી જમ્યા તેવી રીતે ભગવાનને મન દઈ સંભારવા.’
બધાએ હા પાડી.
કરસન કહે, ‘બાપા, હવે આવું સરસ ક્યારે જમાડશો?’
બાપાશ્રી વિચારવા લાગ્યા.
રૂડો, તેજો વગેરે પણ પૂછવા લાગ્યા, ‘હા બાપા, અમને બહુ મજા આવી હવે ક્યારે જમાડશો?’
બાપાશ્રી કહે, ‘દર વર્ષની અષાઢ મહિનાની અમાસને દિવસે બધા બાળકોને આ જગ્યાએ જમાડીશું.’
બાળકો તાળી પાડી બોલ્યા, ‘હેં..... દર વર્ષે અહીં જમવા આવવાનું ખૂબ મજા પડશે.’
બાળકોને ખુશ જોઈ બાપાશ્રી પણ રાજી થયા.

---

→ અનાદિમુક્તને માંદગી આવતી નથી. બીજાને સેવા મળે માટે તેઓ મંદવાડ ગ્રહણ કરતા હોય છે.
→ અનાદિમુક્ત પોતાની મરજી પ્રમાણે મંદવાડ ગ્રહણ કરે છે. આથી જ મંદવાડને તેમના કહ્યામાં રહેવું પડે છે.
→ મુક્ત ઈચ્છે ત્યારે તરત રોગ દૂર થાય છે.
→ બાપાશ્રીએ અષાઢી અમાસનો જમણવાર કર્યો ત્યાર પછી દર વર્ષે એ દિવસે ત્યાં જમણવાર કરતા. જે પ્રથા આજદિન સુધી ચાલી આવી છે. આજે પણ અષાઢી

અમાસે ગામના બાળકો છત્રીએ જમે છે અને બાપાશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાપાશ્રીએ શા માટે મંદવાડને રજા આપી?
૨. મંદવાડને રજા આપ્યા પછી બાપાશ્રીએ શું કર્યું?
૩. કથા સમાપ્તિના દિવસે બાપાશ્રીએ કોને જમાડ્યા?
૪. પંગતમાં પીરસતા બાપાશ્રી બાળકોને શું કહેતા?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બાપાશ્રી હવે —— થયા હતા.
૨. બાપા કોઈ —— પણ નથી.
૩. મને વિચાર થાય છે કે છત્રીએ —— બેસાડીએ.
૪. જમો —— જમો.
૫. ——— ની મૂર્તિનું સુખ જમે છે.
૬. ભગવાનની મૂર્તિનું ———— પણ ———— છે.
૭. દર વર્ષે ——— મહિનાના—— દિવસે બાળકોને જમાડીશું.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. સુખ છે પણ મૂર્તિનું ભગવાનની મીઠું.

# (૪૩) રોગને મૂર્તિમાન કાઢ્યો

રામજીભાઈ ભગવાનના સારા ભક્ત.
બાપાશ્રીને અનાદિમુક્ત જાણે.
મહિમા સમજે ને જોગ-સમાગમ કરવા જાય.
રામજીભાઈને એક દીકરો દેવરાજ.
દેવરાજ પણ ભગવાનનો ભક્ત.
બધા બાળકોની જેમ દેવરાજને પણ બાપાશ્રી બહુ વહાલા.
દેવરાજ વૃષપુરના બાજુના ગામમાં રહે.
બાપાશ્રીના દર્શન કરવા વારંવાર આવે.
બાપાશ્રી વાડીમાં બેઠા હતા.
પાસે એક હરિભક્ત બેઠા હતા.
બાપાશ્રી કહે, 'ઘણા દિવસથી દેવરાજ આવ્યો નથી. માંદો થયો લાગે છે.'
હરિભક્ત કહે, 'બાપા, એ બહુ માંદો થઈ ગયો છે. પથારીમાં સૂતો છે.'
સાંજે બાપાશ્રી રામજીભાઈના ઘેર ગયા.
બાપાશ્રીને આવેલ જોઈ રામજીભાઈ ખુશ થઈ ગયા.
બાપાશ્રીને પગે લાગી કહે, 'બાપા! બહુ દયા કરી. અમારે ત્યાં પધરામણી કરી.'
બાપાશ્રી કહે, 'અમે નાના હરિભક્તને મળવા આવ્યા છીએ.'
દેવરાજ અંદર સૂતો હતો.
દેવરાજ સૂતા-સૂતા ભગવાનની સાથે બાપાશ્રીને પણ પ્રાર્થના કરે.

બાપાશ્રીને જોઈ દેવરાજ રાજી-રાજી થઈ ગયો.
બાપાશ્રી દેવરાજની બાજુમાં બેઠા.
તેના માથે હાથ ફેરવ્યો.
દેવરાજને કહે, 'બેટા દેવરાજ ! ભગવાનને બરાબર સંભારજે તેઓ તને જલદી સાજો કરી દેશે હો.'
દેવરાજ કહે, 'બાપા, તમે આવ્યા એટલે હવે મારો મંદવાડ દૂર થઈ જશે.'
બાપાશ્રી કહે, 'બધી દવા કરતા મહારાજને સંભારવા એ સૌથી ઉત્તમ દવા છે. મહારાજમાં શ્રદ્ધા રાખજે.'
દેવરાજને હિંમત આવી ગઈ. કહે, 'બાપા, હું જરા ય ગભરાઈશ નહિ. ભગવાનને બરાબર સંભારીશ.'
બાપાશ્રી રાજી થયા.
દેવરાજના માથે હાથ ફેરવી વૃષપુર પધાર્યા.
દેવરાજ રાજી થયો.
બાપાશ્રીએ તેને વાત કરી હતી તે યાદ કરે અને રાજી થાય.
રાત પડી.
દેવરાજને માંદગી વધવા લાગી.
દેવરાજ જરા ય ગભરાયો નહિ.
મહારાજ અને બાપાશ્રીને પ્રાર્થના કરે.
દેવરાજને બાપાશ્રીના વચનમાં દઢ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસ.
રામજીભાઈ કહે, 'બેટા, ગભરાઈશ નહિ.'
દેવરાજ કહે, 'પિતાજી, બાપાએ મને કહ્યું છે તેથી હું જલદી સાજો થઈ જઈશ. હું ગભરાતો નથી.'
મોડી રાત્રે બધા સૂઈ ગયા.

બાપાશ્રીએ દેવરાજને દિવ્યરૂપે દર્શન આપ્યા.
તેને દેખાયું કે બાપાશ્રી તેના રોગને કાઢે છે.
રોગના ગળામાં ફાળિયું બાંધી, તેને સોટી મારે છે. અને બજારમાં થઈને ગામ બહાર લઈ જાય છે.
દેવરાજ ઊભો થઈ ગયો.
પિતાજીને કહે, 'પિતાજી, જુઓ બાપા આવ્યા.'
રામજીભાઈ કહે, 'બેટા સૂઈ જા તને સ્વપ્નું આવ્યું હશે.'
દેવરાજ કહે, 'હું જાગું છું. બાપા મારા રોગને કાઢીને લઈ જાય છે.'
રામજીભાઈ કહે, 'ક્યાં છે? મને કાંઈ દેખાતું નથી.'
દેવરાજ કહે, 'આ રહ્યા દર્શન કરો.'
રામજીભાઈ કહે, 'દેવરાજ! બેટા! તને રોગ વધુ જણાય છે. તું સૂઈ જા. સવારે વૈદ્યને બોલાવીશું.'
દેવરાજ કહે, 'ના પિતાજી હું સાવ સાજો છું મારે વૈદ્યની જરૂર નથી. બાપાશ્રી બહુ દયાળુ છે. મારા રોગને મારીને કાઢી મૂક્યો.'
રામજીભાઈ ચિંતા કરવા લાગ્યા.
તેમને થયું દેવરાજને રોગ વધુ જણાય છે તેથી આમ બબડાટ કરે છે.
દેવરાજને કહે, 'દેવરાજ, દીકરા! ભગવાનને સંભાર.'
દેવરાજ કહે, 'હું તેમને જ સંભારતો હતો. એટલામાં બાપા આવ્યા અને રોગને મારીને કાઢ્યો.'
રોગને મારીને કાઢ્યો તે વાત રામજીભાઈને સમજાતી ન હતી.
તેમને થયું દીકરો વધારે માંદો થઈ ગયો છે.
દેવરાજને કહે, 'લે બેટા, પાણી પી લે. અને સૂઈ જા.'

દેવરાજની વાત તેમણે માની નહિ.

દેવરાજને સુવાડી દીધો.

સવારે દેવરાજ ઊઠ્યો. રામજીભાઈને કહે, 'પિતાજી ચાલો વૃષપુર બાપાના દર્શન કરવા.'

રામજીભાઈએ જોયું દેવરાજ સાવ સાજો થઈ ગયો હતો.

બંને બાપાશ્રી પાસે આવ્યા.

બાપાશ્રી દેવરાજને જોઈ હસવા લાગ્યા કહે, 'કેમ દેવરાજ! હવે સારું છે ને?'

દેવરાજ કહે, 'હા બાપા. તમે મારા રોગને બહુ માર્યો.'

બાપાશ્રી કહે, 'તું ભગવાનને સંભારતો હતો તેથી ભગવાને તારી પ્રાર્થના સાંભળી.'

દેવરાજ કહે, 'બાપા, રાત્રે તો તમે આવ્યા હતા. રોગને બહુ સોટી મારી અને ઠેઠ ગામની બહાર મૂકી આવ્યા.'

રામજીભાઈને આ બંનેની વાતમાં કંઈ સમજ ન પડી.

---

**શબ્દનો અર્થ**

ફાળિયું = ધોતિયું.

→ અનાદિમુક્તમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખીએ તો તેઓ દેહમાંથી રોગને મૂર્તિમાન કાઢે.

→ બાપાશ્રીને બાળકો અતિ વહાલા તેથી જ્યારે પણ બાળકો બાપાશ્રીને અંતરના ખરા ભાવથી યાદ કરે ત્યારે બાપાશ્રી ત્યાં પહોંચી જઈ તેમના કષ્ટને દૂર કરતા.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. રામજીભાઈના પુત્રનું નામ શું હતું?

૨. બાપાશ્રી દેવરાજના ઘરે શા માટે ગયા હતા?

૩. બાપાશ્રીએ દેવરાજને શી શીખામણ આપી?

૪. દેવરાજનો રોગ બાપાશ્રીએ કેવી રીતે કાઢ્યો?

૫. રામજીભાઈ દેવરાજની વાત શા માટે માનતા ન હતા?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. દેવરાજને બાપાશ્રી બહુ———.

૨. દેવરાજ, ભગવાનને બરાબર ———. તેઓ તને જલદી ——— કરી દેશે.

૩. ——— ના ગાળામાં ——— બાંધી તેને સોટી મારે છે.

### યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧. બરાબર નહિ સંભારીશ ભગવાનને ગભરાઈશ બાપા હું જરા ય.

૨. તું હતો તેથી ભગવાનને સંભારતો પ્રાર્થના સાંભળી તારી.

●

# (૪૪) ભક્તોની સહાયમાં

લાલુભાઈ ભગવાનના ભક્ત.
કરાંચી શહેરમાં રહે.
હંમેશાં તેમના મોઢામાં મહારાજનું નામ હોય.
બજારમાં જાય તો પણ મોટેથી 'મહારાજ ! સ્વામિનારાયણ' એમ બોલે.
એક વખત ભગવાનને યાદ કરતા રસ્તા પર જતા હતા.
તેમને ખબર ન રહી અને અકસ્માત થઈ ગયો.
લાલુભાઈને ખૂબ વાગ્યું.
લોકો ભેગા થઈ ગયા.
લાલુભાઈ બેભાન થઈ ગયા હતા.
લોકો ભેગા મળી લાલુભાઈને હૉસ્પિટલમાં દાખલ કરી આવ્યા.
લાલુભાઈને હાથે-પગે પાટા આવ્યા.
લાલુભાઈને ભાન આવ્યું ત્યારે પૂછ્યું, 'હું ક્યાં છું.'
બાજુમાં દર્દી હતા તેમણે કહ્યું, 'તમે હૉસ્પિટલમાં છો.'
લાલુભાઈને હૉસ્પિટલમાં રહેવું જરાપણ ગમે નહિ.
ડૉક્ટર આવ્યા.
લાલુભાઈ કહે, 'મારે ઘરે જવું છે. મને અહીં ગમતું નથી.'
ડૉક્ટર કહે, 'લાલુભાઈ, તમને ઘણું વાગ્યું છે. થોડા દિવસ અહીં રહેવું પડશે. પછી ઘરે જજો.'
લાલુભાઈ કહે, 'મારાથી અહીં બરાબર ભગવાન ભજાય નહિ. મને ઘરે મૂકી આવો.'
ડૉક્ટર કહે, 'ઘરે જવાય એવું નથી થોડા દિવસ પછી જવાશે.'

લાલુભાઈને બાપાશ્રીનો મહિમા બહુ.
આખો દિવસ મહારાજ અને બાપાને સંભાર્યા કરે.
મોટેથી બોલે, 'મહારાજ! બાપા! પધારો.'
બાજુના દર્દી કહે, 'શું બાપા-બાપા કરો છો? ભગવાનને યાદ કરો.'
લાલુભાઈ કહે, 'તેમને જ યાદ કરું છું.'
આમ કહી પાછા, 'બાપા, પધારો.' એમ કહેવા લાગ્યા.
દર્દી કહે, 'જો પાછા, ભગવાનના ભગત થઈ ભગવાનને ભૂલીને બાપાને શું યાદ કરો છો?'
લાલુભાઈ કહે, 'એ બાપા મારું દુઃખ મટાડી દે તેવા છે.'
દર્દી કહે, 'આમને બહુ વાગ્યું છે તેમાં ભગવાનને ભૂલી ગયા લાગે છે.'
લાલુભાઈ કાંઈ બોલ્યા નહિ. પ્રાર્થના કરતા રહ્યા.
રાત પડી.
મહારાજ અને બાપાશ્રી દિવ્યરૂપે હૉસ્પિટલમાં આવ્યા.
દર્દીઓ ઊંઘી ગયા હતા.
લાલુભાઈ જાગતા પ્રાર્થના કરતા હતા.
મહારાજ તથા બાપાશ્રીને જોઈ તેઓ કહેવા લાગ્યા, 'વાહ! દયાળુ, કૃપાળુ બહુ દયા કરી. મારી પ્રાર્થના સાંભળી તમે આવ્યા ખરા.'
મહારાજ અને બાપાશ્રી હસવા લાગ્યા.
લાલુભાઈ કહે, 'મહારાજ, બાપા, મને હૉસ્પિટલમાં જરા ય ગમતું નથી.'
બાપા કહે, 'મહારાજ અને અમે એટલા માટે જ આવ્યા છીએ.'
મહારાજ ને બાપાએ લાલુભાઈના શરીર પરના બધા પાટા

છોડી નાંખ્યા.
આખા શરીર પર હાથ ફેરવ્યો.
લાલુભાઈ એકદમ સાજા થઈ ગયા.
મહારાજ અને બાપા અદૃશ્ય થઈ ગયા.
સવાર પડ્યું.
દર્દીઓ ઊઠ્યા.
જોયું તો લાલુભાઈ પથારીમાં બેઠા હતા.
ભગવાનનું નામ લેતા હતા.
એક દર્દી કહે, ‘અરે! તમારા પાટા કેમ છોડી નાંખ્યા?’
બીજો કહે, ‘તમે કેમ બેઠા છો? તમને વધારે દુઃખશે. ડૉક્ટર વઢશે.’
લાલુભાઈ કહે, ‘મને કાંઈ થવાનું નથી. હું સાવ સાજો થઈ ગયો છું.’
બધા કહે, ‘રાત સુધી તો પાટા બાંધેલા હતા. તમે બાપા-બાપા બૂમો પાડતા હતા.’
લાલુભાઈ કહે, ‘મારા એ બાપા આવ્યા હતા. તેમણે જ મારા પાટા છોડી નાંખ્યા. મને સાજો કર્યો. આજે હું ઘરે જઈશ.’
દર્દીઓ કહે, ‘તમારા બાપા ક્યારે આવ્યા? દરવાજો તો બંધ હતો.’
લાલુભાઈ કહે, ‘તેમને આવવા માટે દરવાજાની જરૂર નથી.’
દર્દીઓ કહે, ‘તો ક્યાંથી આવ્યા? એવા કયા બાપા છે? જે દરવાજો ખોલ્યા વગર આવી શકે?’
લાલુભાઈ કહે, ‘કચ્છમાં બળદિયા ગામ છે ત્યાં રહે છે. તેમનું નામ અબજીબાપા છે. તેઓ જ મારા બાપા છે.’
દર્દી કહે, ‘ત્યાંથી અહીં કેવી રીતે આવ્યા?’

લાલુભાઈ કહે, 'તેઓ ભગવાનના અનાદિમુક્ત છે. દિવ્યરૂપે અહીં આવ્યા હતા. મારું દુઃખ દૂર કરી અદૃશ્ય થઈ ગયા.'
બધાને ઘણું આશ્ચર્ય થયું.
ડૉક્ટર આવ્યા.
લાલુભાઈને કહે, 'અરે! લાલુભાઈ! કેમ બેઠા છો? વધારે દુખાવો થશે.'
લાલુભાઈ અને દર્દીઓ હસવા લાગ્યા.
ડૉક્ટર કહે, 'આ પાટા કેમ છોડી નાંખ્યા? કોણે મને પૂછ્યા વગર આ કામ કર્યું?'
તેના સહયોગીને ડૉક્ટરે બૂમ મારી.
લાલુભાઈ કહે, 'કોઈનો વાંક નથી. ભગવાન અને તેમના અનાદિમુક્ત આવીને મારું દરદ મટાડી ગયા છે. હવે હું સાવ સાજો છું. મને રજા આપો. મારે ઘરે જવું છે.'
ડૉક્ટર લાલુભાઈને તપાસવા લાગ્યો.
શરીરમાં ક્યાંય ઘા હતો નહિ.
લાલુભાઈ એકદમ સાજા થઈ ગયા હતા.
ડૉક્ટર કહે,'તમે એક રાતમાં કેવી રીતે સાજા થઈ ગયા?'
લાલુભાઈ કહે, 'મહારાજ અને બાપાનો બધો પ્રતાપ છે.'
ડૉક્ટર કહે, 'આ શક્ય નથી. તમે બહુ મોટા ભગવાનના ભક્ત છો. તેથી આ ચમત્કાર થયો.'
ડૉક્ટર લાલુભાઈને પગે લાગ્યો.
લાલુભાઈ કહે, 'ભાઈ, ઊભો થા ચમત્કાર તો ભગવાન સ્વામિનારાયણ અને તેમના અનાદિમુક્ત અબજીભાઈએ કર્યો છે.'

ડૉક્ટર ફરી પાછો પગે લાગ્યો.
લાલુભાઈ ભગવાનનું નામ લેતા ઘરે આવ્યા.
ડૉક્ટર સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત બન્યો.

---

→ અંતરના ખરા ભાવથી કરેલી પ્રાર્થના ભગવાન તથા તેમના અનાદિમુક્ત જરૂર સાંભળે છે અને કષ્ટ નિવારણ કરે છે.
→ અનાદિમુક્ત માટે સમય અને અંતર બાધક બનતા નથી.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કરાંચી શહેરમાં કોણ રહેતું હતું? તેમના મોઢામાં હંમેશાં કોનું નામ રહેતું?
૨. લાલુભાઈને શા માટે હૉસ્પિટલમાં રાખ્યા હતા?
૩. દર્દીઓ લાલુભાઈને શું કહેતા હતા?
૪. લાલુભાઈનું દરદ કોણે અને કેવી રીતે દૂર કર્યું?
૫. ડૉક્ટરને કઈ વાત અશક્ય લાગતી હતી?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ——— નામે ભગવાનના ભગત હતા.
૨. તેમના મોઢામાં ——— નું નામ હોય.
૩. લોકો મળીને ——— ને——— માં મૂકી આવ્યા.
૪. લાલુભાઈ ——— અને ——— ને પ્રાર્થના કરે.
૫. બાપાએ અને મહારાજે —— ના બધાં ——— છોડી નાંખ્યા.

# ૪૫ બાપાશ્રીની સાદગી

બાપાશ્રી બળદિયામાં ઘણી વખત યજ્ઞ કરે.
યજ્ઞમાં ગામે-ગામથી હરિભક્તો આવે.
સંતો પણ આવે.
હરિભક્તો ભજન-ભક્તિ કરે.
બાપાશ્રી બધાને ભગવાનની વાતો કરે.
સંતો અને હરિભક્તોને કથા કરતા બાપાશ્રીની વાતોમાં વધુ આનંદ આવે.
યજ્ઞમાં આવનારને બાપાશ્રી સારા-સારા પકવાન જમાડે.
પંગતમાં બાપાશ્રી આગ્રહ કરી બધાને જમાડે.
સંતોને પણ ખૂબ આગ્રહ કરે.
સંતો કહે, 'બાપા, તમે પણ અહીં જ જમોને?'
બાપાશ્રી કહે, 'ના મને તો ઘરે જ ફાવે છે.'
બાપાશ્રી ઘરે પધાર્યા.
વાલબા તથા રાધાબા કહે, 'બાપા, આ યજ્ઞ તમારો છે. આખું ગામ સારાં સારાં પકવાન જમે છે. તમે થોડું ગળ્યું જમો તો, અમે બનાવીએ.'
બાપાશ્રી કહે, 'તમને ખબર છે દીકરી. મને ખીચડી, રોટલા ગુવાર કે રાતડિયાનું શાક અને છાશ જ ફાવે છે.'
રાધાબા કહે, 'બાપા, ક્યારેક થોડુંક જમો તો સારું.'
બાપાશ્રી કહે, 'બેટા! સાદું ભોજન સાત્ત્વિક કહેવાય. સાત્ત્વિક ભોજનનો આહાર કરવો.'

વાલબાએ થાળી પીરસી. બાપાશ્રી જમવા લાગ્યા.
બાપાશ્રી પૂરું થવા આવ્યું ત્યારે વાલબાને યાદ આવ્યું કહે, 'બાપા, તમને છાશ આપવાનું ભૂલી ગઈ.'
બાપાશ્રી કહે, 'વાંધો નહિ. હવે આપો.'
વાલબા કહે, 'બાપા, અમે ભૂલી જઈએ તો તમારે માંગી લેવું. તમે ક્યારેય માંગતા જ નથી.'
બાપાશ્રી છેલ્લે એકલી છાશ પીને મંદિર જવા નીકળ્યા.
એક હરિભક્ત દર્શન કરવા આવ્યા.
બાપાશ્રીને કહે, 'બાપા, આવડો મોટો જગન કર્યો છે. આજે તો જાડા કપડાનું કેડિયું અને પાઘડી બદલાવો. સારા કપડાં પહેરો.'
બાપાશ્રી કહે, 'મને તો સાદા જ ફાવે છે.'
હરિભક્ત કહે, 'તો પછી નવાં પહેરો.'
બાપાશ્રી કહે, 'નવાં કપડાંમાં ગરમી બહુ થાય. હું તો નવા કપડાંને પણ ધોઈને વાપરું છું.'
બાપાશ્રી મંદિરમાં પધાર્યા.
હરિભક્ત મીઠાઈનો કરંડિયો લાવ્યા હતા.
બાપાશ્રીને કહે, 'બાપા, મીઠાઈની પ્રસાદી બધાને આપો.'
બાપાશ્રી બધાને પ્રસાદી આપવા લાગ્યા.
યજ્ઞમાં જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધાને એક જ કરંડિયામાંથી વહેંચે.
હરિભક્ત વિચાર કરવા લાગ્યા, કરંડિયામાંથી મીઠાઈ ખતમ થતી જ નથી!
યજ્ઞમાં જેટલા આવ્યા હતા તે બધાને તેમાંથી પ્રસાદી મળી.

બાપાશ્રીએ કરંડિયો ઊંધો વાળી દીધો.

હરિભક્ત કહે, ‘બાપા, તમે તો મીઠાઈ લીધી જ નહિ.’

બાપાશ્રી કહે, ‘મને ગળ્યું બહુ ફાવતું નથી.’

સંતો કહે, ‘બાપા, તમે ક્યારેય લેતા નથી.’

બાપાશ્રી કહે, ‘જે મળે તે બધું ખાવા માંડીએ તો જીવ ચટણો થઈ જાય. પછી જાત-જાતનું માંગે. જીભને સંયમમાં રાખવી. તો મહારાજ રાજી થાય.’

સંતો કહે, ‘બાપાનો ખોરાક સાદો અને પહેરવેશ પણ સાવ સાદો.’

બાપાશ્રી કહે, ‘સાદગીમાં જ મહારાજ રાજી છે.’

સમય થયો એટલે બધા આરતી કરવા ગયા.

---

**શબ્દનો અર્થ**

રાતડિયાં = ગાજર

કરંડિયો = ટોપલો

→ અનાદિમુક્ત જેમ રહે તેમ તેમને વાંધો જ ન હોય, પરંતુ આપણને શીખવવા પોતે સાદગીભર્યું વર્તન કરે છે.

→ બાપાશ્રી શીખવે છે કે સાદગી જ ખરું આભૂષણ છે.

→ સાત્ત્વિક આહારથી ભગવાનની નજીક પહોંચાય છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. બાપાશ્રી બળદિયામાં ઘણી વખત શું કરતા?

૨. યજ્ઞમાં શું થતું?

૩. ઘરે જઈને બાપાશ્રી શું જમતા?
૪. મીઠાઈ ખાવાની બાપાશ્રીએ શા માટે ના પાડી?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બાપાશ્રી બધાને —— ની વાતો કરે.
૨. બાપાશ્રી બધાને સારાં ——— પણ જમાડે.
૩. સાદું ભોજન—— કહેવાય.

**યોગ્યક્રમમાં ગોઠવો.**

૧. જીવ જાય બધું મંડીએ ચટણો થઈ તો ખાવા તે મળે છે.
૨. જીભને મહારાજ તો રાજી રાખવી સંયમમાં થાય તો જ.

●

# ૪૯ સર્વોત્તમ ઔષધ

એક વખતની વાત છે.

બાપાશ્રીના મોટા પુત્ર કાનજીભાઈને તાવ આવતો હતો.

ઉધરસ પણ બહુ આવતી હતી.

બાપાશ્રી બહારગામ ગયા હતા.

ઘરે આવી સૌથી પહેલાં કાનજીભાઈ પાસે આવ્યા.

બાપાશ્રીએ પૂછ્યું, 'કેમ છે બેટા?'

કાનજીભાઈ કહે, 'તાવ અને ઉધરસ બહુ આવે છે?'

બાપાશ્રીએ કાનજીભાઈના માથે પ્રેમથી હાથ ફેરવ્યો. ચાદર સરખી ઓઢાડી.

ભગવાનની વાતો કરવા લાગ્યા.

બાપાશ્રી કહે, 'કાનજી, 'ગમે તેવું દુ:ખ આવે, મુસીબત આવે ભગવાન ભૂલવા નહિ. ભગવાન અને મુક્તને સંભારવા.'

કાનજી કહે, 'બાપા હું આખો દિવસ સૂતા-સૂતા ભગવાનને યાદ કરું છું. તમારા આવવાની રાહ જોતો હતો.'

બાપાશ્રી કહે, 'બેટા! બધી દવા કરતાં ભગવાનનું સ્મરણ એ સર્વોત્તમ ઔષધ છે. તેનું નામ લઈએ એટલે બધા રોગ દૂર થાય.'

કાનજી કહે, 'ભલે બાપા.'

બાપાશ્રી કાનજીનું માથું દબાવતા કહેવા લાગ્યા, 'કાનજી બેટા, દવા કરીએ, પરંતુ તે દવામાં જો ભગવાન ભળે નહિ તો તે દવા અસર કરે જ નહિ.'

કાનજી ધ્યાનથી સાંભળતો હતો.

બાપાશ્રીની વાતોથી તેનું દુઃખ ઓછું થવા લાગ્યું હતું.

બાપાશ્રી કહે, 'આપણે ભગવાન અને મુક્તને સંભારવા તે જ સાચી દવા છે.'

એક હરિભક્ત કાનજીભાઈની તબિયત જોવા આવ્યા.

હરિભક્તે પૂછ્યું, 'કાનજીભાઈને તાવ અને ઉધરસ બહુ થયા લાગે છે?'

બાપાશ્રી કહે, 'એ તો મટી જશે.'

હરિભક્ત કહે, 'મને એક સરસ દવા ખબર છે તે દવા કાનજીભાઈને આપો. તો રોગ મટી જશે.'

બાપાશ્રી કહે, 'કાનજીભાઈની સારામાં સારી દવા ચાલુ છે.'

હરિભક્ત કહે, 'એમ! કઈ દવા છે? તેમાં શું શું નાંખો છો?'

બાપાશ્રી કહે, 'બહુ ખાસ નહિ. બે જ વસ્તુ છે.'

હરિભક્ત કહે, 'કઈ બે વસ્તુ?'

બાપાશ્રી કહે, 'મહારાજ અને મુક્ત આ બે વસ્તુ જ દવાના રૂપમાં આપવામાં આવે છે.'

હરિભક્ત આશ્ચર્યમાં પડી ગયા.

બાપાશ્રીને કહે, 'આ તે કાંઈ દવા કહેવાય?'

બાપાશ્રી કહે, 'હા આ જ સર્વોત્તમ ઔષધ છે. અમારા કાનજીને તેનાથી જ મટી જશે.'

હરિભક્ત કહે, 'પણ દવા તો કરવી પડે ને?'

બાપાશ્રી કહે, 'જો અંતરના ખરા ભાવથી મહારાજ અને મુક્તને સંભારે તો તેઓ જરૂર દુઃખ દૂર કરે.'

હરિભક્તને બાપાશ્રીની વાતમાં વિશ્વાસ ન આવ્યો.

બે-ચાર દિવસ પછી પાછા જોવા આવ્યા.

કાનજીભાઈ એકદમ સાજા હતા. હરતા-ફરતા હતા.
તેમને બહુ આશ્ચર્ય થયું.
બાપાશ્રીને પૂછ્યું, 'કાનજીભાઈ ખરેખર દવા વગર સાજા થઈ ગયા?'
બાપાશ્રી કહે, 'દવા તો આપી હતી.'
હરિભક્ત કહે, 'મને ખબર હતી. દવા વગર મટે જ નહિ. કઈ દવા આપી હતી?'
બાપાશ્રી કહે, 'તમે ભૂલી ગયા? બે જ વસ્તુ મહારાજ અને મુક્ત. તેનાથી જ રોગ મટી ગયો.'
હરિભક્તને વિશ્વાસ ન આવ્યો.
કાનજીભાઈને પૂછ્યું, 'કાનજીભાઈ, તમારો રોગ કઈ દવાથી મટ્યો?'
કાનજીભાઈ કહે, 'બાપા મને મહારાજ અને મુક્તના મહિમાની વાતો કરે તેનાથી મને શાંતિ-શાંતિ થઈ જાય. હું પણ મહારાજને પ્રાર્થના કરું. ભગવાને મારો રોગ મટાડી દીધો.'
હરિભક્તને ઘણું આશ્ચર્ય થયું.
બાપાશ્રીના પગમાં જ પડી ગયો.
બાપાશ્રીને કહે, 'બાપા, તમારા સિવાય આવું કોઈ ન કરી શકે. ભગવાનના નામથી જ રોગ દૂર થાય તે મેં આજે જ જોયું.'
બાપાશ્રીને પગે લાગી પોતાના ગામ ગયો.

---

→ સર્વ રોગનું ઉત્તમ ઔષધ છે શ્રીજીમહારાજનું નામ.
→ બાપાશ્રી બાળકોને શીખવતા કે, ગમે તેવી મુશ્કેલી આવે, ભગવાનને સંભારવા ભગવાન પ્રયત્નમાં સાથે ભળે ત્યારે

જ પ્રયત્ન સફળ થાય છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. કાનજીભાઈને શું થયું હતું?

૨. દવાના રૂપમાં કાનજીભાઈને શું મળતું હતું?

૩. રોગ દૂર કરવા બાપાશ્રી શું કરતા?

૪. કઈ બે વસ્તુ  બાપાશ્રી દવાના રૂપમાં આપતા?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બેટા! બધી દવા કરતા ——— નું સ્મરણ એ સર્વોત્તમ ઔષધ છે.

૨. દવામાં જો ——— ન ભળે તો દવા ——— કરે જ નહિ.

૩. ——— અને ——— સંભારવા એ જ સાચી દવા છે.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. વસ્તુ આ આવે છે, દવારૂપે મુક્ત બે જ આપવામાં અને મહારાજ.

# ૪૭ ધામમાં જવાનું ઓળખપત્ર

બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો.
ઉઠાતું બેસાતું પણ ન હતું.
બાપાશ્રી ધ્યાન અવસ્થામાં જ રહેતા.
હરિભક્તો સેવા કરે.
બાપાશ્રી સેવકોને કહે, ‘મને સ્નાન કરાવો.’
સેવકો કહે, ‘બાપા, આપ માંદા છો સ્નાન કેવી રીતે કરશો?’
બાપાશ્રી કહે, ‘મને માંચીમાં બેસાડી લઈ ચાલો.’
સેવકોએ માંચીમાં જ સ્નાન કરાવ્યું.
બાપાશ્રી કહે, ‘મારી પૂજા લઈ આવો.’
સેવકો લઈ આવ્યા.
બાપાશ્રી કહે, ‘મને તિલક-ચાંદલો કરી આપો.’
સેવક કહે, ‘બાપા, પૂજા કરી. તિલક-ચાંદલો નહિ કરો તો ચાલશે. માંદાને તો ચાલે.’
બાપાશ્રી કહે, ‘હું ગમે તેવો માંદો હોઉં તો પણ મને તિલક-ચાંદલો કરી જ આપવા.’
સેવકે તિલક-ચાંદલો કરી આપ્યા.
એક હરિભક્ત બાપાશ્રીના દર્શન કરવા આવ્યા.
બાપાશ્રીએ તેમને પૂછ્યું, ‘તમે પૂજા કરીને આવ્યા?’
હરિભક્ત કહે, ‘હા પૂજા કરીને આવ્યો.’
બાપાશ્રી કહે, ‘પૂજા કરી અને તિલક-ચાંદલો ન કર્યાં?’
હરિભક્ત કહે, ‘બાપા, એ રહી ગયું.’

બાપાશ્રી કહે, ‘સત્સંગીએ તિલક-ચાંદલો કરવા જ જોઈએ. તિલક-ચાંદલો ન કર્યા હોય તો કોઈને કેવી રીતે ખબર પડે કે આ સત્સંગી છે?’

હરિભક્ત કહે, ‘બાપા, ભૂલ થઈ. હવે ક્યારેય નહિ ભૂલું.’

બાપાશ્રી કહે, ‘હમણાં જ જઈને કરી આવો.’

હરિભક્ત ગયા.

બાપાશ્રી કહે, ‘તિલક-ચાંદલો અને કંઠી સત્સંગીને હોવા જ જોઈએ. ધામમાં જઈએ અને તિલક-ચાંદલો ન હોય તો કોઈ ઘૂસવા ન દે. તિલક-ચાંદલો કર્યા હોય તો કોઈ રોકે નહિ. સીધા મહારાજ પાસે પહોંચી જવાય. સત્સંગીને કંઠી, તિલક-ચાંદલો એ ધામમાં જવા માટેનું ઓળખપત્ર છે. ઓળખપત્ર વિના કોઈ ઘૂસવા ન દે. એ હંમેશાં સાથે રાખવું.’

સેવકો અને હરિભક્તો કહે, ‘બાપા, અમે તમારી વાત સદાય યાદ રાખીશું.’

---

**શબ્દનો અર્થ**

માંચી = નાની ચોરસ ખાટલી.

→ શાળામાં દાખલ થવા જેમ ઓળખપત્ર હોય છે. તેમ કંઠી, તિલક-ચાંદલો એ ધામમાં જવા માટેનું ઓળખપત્ર છે.

→ કંઠી, તિલક-ચાંદલો હોય તો જ સ્વામિનારાયણના કહેવાઈએ.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. બાપાશ્રીએ શા માટે માંચીમાં બેસી સ્નાન કર્યું?

૨. પૂજા કરી લીધા બાદ બાપાશ્રીએ શું કરવાનું કહ્યું? શા માટે?

૩. કંઠી, તિલક-ચાંદલા માટે બાપાશ્રીએ શું કહ્યું?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. બાપાશ્રીએ ——— ગ્રહણ કર્યો હતો.

૨. મને ——— અને ——— કરી આપો.

૩. ———— ન કર્યું હોય તો કોઈને કેવી રીતે ખબર પડે કે, આ ——— છે.

૪. તિલક-ચાંદલો એ અક્ષરધામમાં જવાનું ——— છે.

●

# ૪૮ ઉપદેશ વચન

શ્રીહરિ જયંતીનો દિવસ હતો.

બાપાશ્રી મંદિરમાં દર્શન કરવા આવ્યા.

નાના બાળકો મંદિરમાં દર્શન કરવા આવ્યા.

બાળકો બાપાશ્રીને પગે લાગ્યા.

બાપાશ્રી કહે, 'બધા બેસો.'

છોકરાઓ કહે, 'બાપા, આજે ભગવાનનો પ્રાગટ્ય દિવસ. ભગવાનની વાતો કરો.'

કરસન કહે, 'બાપા, અમારે કેવી રીતે રહેવું તેની વાત કરો.'

બાપાશ્રી કહે, 'ભગવાનને કેમ રાજી કરવા તેની વાત કરું છું.'

બધા કહે, 'હા બાપા. એ જ વાત કરો.'

બાપાશ્રી કહે, 'દરરોજ સવારે વહેલા ઊઠી નાહી ધોઈ ભગવાનનું સ્મરણ કરવું. એક ધ્યાન થઈ તેમની પૂજા કરી ધ્યાન ધરવું. નાનપણથી જ ભગવાન ભજવાનું અંગ કેળવવું. તો ભગવાન રાજી થાય.'

કરસન કહે, 'આખો દિવસ ભગવાન ભજીએ તો ભગવાન રાજી થાય.'

બાપાશ્રી કહે, 'આખો દિવસ બેસી નહિ રહેવાનું. દરેક કામ કરતા ભગવાનને યાદ કરવાના.'

ખીમજી કહે, 'નાહતી વખતે અને જમતી વખતે પણ સંભારવાના?'

બાપાશ્રી કહે, 'હા, કોઈ પણ ક્રિયા હોય ભગવાનને ભૂલવા નહિ.'

નાથજી કહે, 'બાપા, હું દરરોજ જમતી વખતે ભગવાનને યાદ કરું છું.'
બાપાશ્રી કહે, 'ખૂબ સરસ. બધાએ એમ જ કરવું જોઈએ. ખાવાની કે પીવાની કોઈ પણ વસ્તુ મોઢામાં મૂકતા પહેલાં ભગવાનની પ્રસાદી કરીને પછી જમવી. ભગવાનની ભક્તિ સદાય કરવી.'
રૂડો કહે, 'અમે શાળાએ ભણવા જઈએ ત્યાં કેવી રીતે ભક્તિ કરીએ?'
બાપાશ્રી કહે, 'શાળાએ જઈએ ત્યારે વિચારવું ભગવાન મારી સાથે આવે છે. ભણવાનું ભગવાને સોંપેલું કાર્ય છે એમ માની કરવાથી ભણવાનું ભક્તિ બની જાય છે. તમે શાળામાં સારામાં સારું ભણો તો એ ભગવાનની સારામાં સારી ભક્તિ કરી કહેવાય.'
રૂડો કહે, 'જો અમે સારું ભણીએ તો ભગવાન રાજી થાય?'
બાપાશ્રી કહે, 'ભગવાનને સાથે રાખી ભણીએ એટલે ભગવાન રાજી થાય જ. પરીક્ષા આપવા જઈએ ત્યારે પણ ભગવાનને એમ પ્રાર્થના કરવી, મહારાજ! પરીક્ષા આપવા પધારો.'
બાપાશ્રી વાતો કરતા હતા ત્યાં બે બાળકો ઝગડવા લાગ્યા.
બાપાશ્રીએ પૂછ્યું, 'શું છે? કેમ ઝગડો છો?'
લક્ષ્મી કહે, 'બાપા, આણે મારી ખારેક લઈ લીધી.'
બાપાશ્રીએ લક્ષ્મીના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો.
કહે, 'લક્ષ્મી! વસ્તુ વહેંચીને ખાઈએ તો મહારાજ રાજી થાય. એકલા ખાઈએ તો સ્વાર્થી કહેવાઈએ.'
બાપાશ્રી આસન પર આવ્યા.

બાળકોને કહે, 'ભૂલકાંઓ, સ્વાર્થવૃત્તિ મનમાં ક્યારેય લાવવી નહિ. દયાભાવ રાખવો. સેવા કરવાનું અંગ રાખવું. સંતની સેવા કરવી.'

તેજો કહે, 'બાપા, હું આ બધું કરું છું.'

બાપાશ્રી કહે, 'સારી વાત છે, પણ તેનું મનમાં અભિમાન ન કરાય. પોતાના વખાણ પોતે કરીએ તો ભગવાન રાજી ન થાય.'

ભીમો કહે, 'બાપા, હું રોજ સંતની સેવા કરું છું.'

કરસન કહે, 'બાપા એ જુઠ્ઠું બોલે છે.'

બાપાશ્રી કહે, 'અસત્ય વચન ક્યારેય ન બોલાય બેટા! સદાય સત્ય જ બોલવું જોઈએ. પોતાની ભૂલ હોય ત્યારે પણ સાચું બોલી ભૂલ કબૂલ કરવી જોઈએ.'

કરસન કહે, 'બાપા, બજારમાં વસ્તુ મળે તે ખવાય?'

બાપાશ્રી કહે, 'તેમાં કાંદા-લસણ નાંખ્યા હોય, અનાજ બરાબર સાફ કર્યું ન હોય, ઉઘાડું પડ્યું હોય એવી અશુદ્ધ બહારની વસ્તુ ન ખવાય. ખાઈએ તો માંદા પડી જવાય.'

ખીમજી કહે, 'રસ્તામાં વસ્તુ પડી હોય તે તો લેવાયને?'

બાપાશ્રી કહે, 'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ના પાડી છે. કોઈની ધણિયાતી વસ્તુ લેવાય નહિ અને અડાય પણ નહિ.'

બાપાશ્રીની વાતો બાળકો ધ્યાનથી સાંભળતા હતા.

બાપાશ્રી કહે, 'મહારાજને ભેળા રાખી તેમની આજ્ઞા પ્રમાણે રહીએ તો મહારાજ આપણા પર જરૂર રાજી થાય.'

---

→ બાપાશ્રી આપણને શીખવે છે કે, ભગવાનને રાજી કેવી રીતે કરવા.

→ નાનપણથી જ ભગવાન ભજવાનો અભ્યાસ પાડવો.

→ શિક્ષાપત્રીમાં મહારાજની આજ્ઞા પ્રમાણે રહીએ તો મહારાજ રાજી થાય.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. મંદિરમાં ક્યા દિવસે બધા ભેગા થયા હતા?
૨. બાળકો કઈ વાત સાંભળવા માંગતા હતા?
૩. બાપાશ્રીએ શેની વાત કરવાનું કહ્યું?
૪. કઈ-કઈ ક્રિયામાં બાપાશ્રીએ મહારાજને સંભારવાનું કહ્યું?
૫. કોઈ પણ વસ્તુ કેવી રીતે જમવી જોઈએ?
૬. શાળામાં ભક્તિ કેવી રીતે થાય?
૭. પરીક્ષા આપવા કેવી રીતે જવું જોઈએ?
૮. મનમાં શેનું અભિમાન ન કરવું?
૯. હંમેશાં કેવાં વચનો બોલવા?
૧૦. કેવી વસ્તુ ન ખવાય?

### નીચેની ખાલી જગ્યા પુરો.

૧. બાપા આજે ——— નો પ્રાગટ્ય દિન છે.
૨. ભગવાનને ——— કેમ કરવા તેની વાત કરું.
૩. ભૂલકાંઓ ——— મનમાં ક્યારેય લાવવી નહિ.
૪. ——— ની સેવા કરવી.
૫. પોતાના વખાણ પોતે કરીએ તો ભગવાન——— ન થાય.
૬. કોઈની ધણિયાતી વસ્તુને ——— નહિ અને ——— પણ નહિ.

## કોણ બોલે છે.

૧. નાહતી વખતે અને જમતી વખતે પણ સંભારવાના?

૨. અમે શાળાએ ભણવા જઈએ ત્યાં કેવી રીતે ભક્તિ કરીએ?

૩. લક્ષ્મી! વસ્તુ વહેંચીને ખાઈએ તો મહારાજ રાજી થાય. એકલા ખાઈએ તો સ્વાર્થી કહેવાઈએ.

## યોગ્ય ક્રમમાં ગોઠવો

૧. ક્રિયા કોઈ પણ ભૂલવા હોય ભગવાનને નહિ.

૨. સાથે રાજી થાય ભણીએ ભગવાનને એટલે રાખી જ ભગવાન.

૩. ભૂલ પોતાની ત્યારે હોય કબૂલ કરવી સાચું પણ બોલી જોઈએ ભૂલ.

●

# ૪૯ જ્ઞાન સરળ કર્યું

મુનિસ્વામી સભામાં વચનામૃત વાંચતા હતા.

વચનામૃતમાં સમજ ન પડવાથી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પ્રશ્ન પૂછ્યો.

બાપાશ્રીએ તેનો સરળ ભાષામાં ઉત્તર આપ્યો.

સ્વામી કહે, 'બાપા, તમે સરસ રીતે, સરળ ભાષામાં સમજાવો છો તેથી તરત સમજાઈ જાય છે.'

બાપાશ્રી કહે, 'વચનામૃત સમજવામાં અઘરું છે. જેમ છે તેમ બધાને સમજાતું નથી.'

મુનિસ્વામી કહે, 'બાપા, તમે સમજાવ્યું એટલે તરત સમજાઈ ગયું.'

ઈશ્વરચરણદાસજી સ્વામી કહે, 'બાપા, અત્યારે આપની દયાથી અમને સમજાય છે, પરંતુ ભવિષ્યમાં મુમુક્ષુ જીવો વચનામૃત કેવી રીતે સમજશે?'

બાપાશ્રી કહે, 'સ્વામી, તમે એમ કરો, સભામાં જે પ્રશ્ન-ઉત્તર થાય તે લખી રાખો પછી તેને છપાવીશું.'

સ્વામી કહે, 'બાપા, તમારો આ વિચાર ખૂબ જ સરસ છે. મુમુક્ષુ જીવોને આ બહુ કામ આવશે.'

વૃંદાવનદાસજી સ્વામી કહે, 'હા બાપા. વચનામૃતની સરસ માર્ગદર્શિકા તૈયાર થશે.'

સ્વામી ઈશ્વરચરણદાસજી દરરોજ સભામાં બાપાશ્રીને વચનામૃતમાંથી પ્રશ્નો પૂછે.

બાપાશ્રી તેના સરળ ભાષામાં ઉત્તર આપે.
સ્વામી તે લખી લે.
સાથે સાથે બાપાશ્રીએ જુદા જુદા સમયે સભામાં શ્રીજીમહારાજનો મહિમા, અનાદિમુક્તની સ્થિતિ વગેરેની કરેલી વાતો પણ સ્વામીશ્રીએ નોંધી લીધી. કાર્ય પૂરું થતાં બંને પુસ્તક- 'વચનામૃત રહસ્યાર્થ' અને 'બાપાશ્રીની વાતો' સ્વામીએ બાપાશ્રીને બતાવ્યા.
બાપાશ્રી કહે, 'સ્વામી, તમે આ ખૂબ સુંદર કાર્ય કર્યું છે. ભગવાન તમારા પર બહુ પ્રસન્ન છે.'
સ્વામી બાપાશ્રીને પગે લાગ્યા અને આશીર્વાદ મેળવ્યા.
બાપાશ્રી કહે, 'આ માર્ગદર્શિકારૂપ પુસ્તકોથી મુમુક્ષુ જીવોને વચનામૃત તેમ જ શ્રીજીમહારાજનું રહસ્યજ્ઞાન સમજવામાં જરા ય તકલીફ નહિ પડે.'
સ્વામી બહુ ખુશ થઈ ગયા.

---

**શબ્દનો અર્થ**

મુમુક્ષુ = મોક્ષની ઈચ્છાવાળા
માંહી = અંદર
નકરો = ફક્ત
પરભાવ = ભગવાનને પામવાની યથાર્થ સમજણ

→ સાચા સંત તો તે જ જે દરેકનું ભલું ઈચ્છે.
→ તે જ ખરા મુક્ત જેઓને જીવ, ભગવાનને કેમ પામે તે જ એક તાન હોય.

→ અનાદિમુક્ત હંમેશાં જીવોના કલ્યાણ માટે કાર્યરત રહે. [સ્વામીએ વચનામૃતના જે પ્રશ્નો પૂછ્યા અને બાપાશ્રીએ જે ઉત્તરો આપ્યા તે આજે ‘વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા’ તરીકે સત્સંગમાં પ્રસિદ્ધ છે. અને બાપાશ્રીની કહેલી વાતો જે સ્વામીએ લખી રાખી હતી તે સ્વામીએ છપાવી અને આજે સત્સંગમાં ‘બાપાશ્રીની વાતો’ બે ભાગમાં પ્રસિદ્ધ છે.]

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. સભામાં વચનામૃત કોણ વાંચતું હતું?
૨. વચનામૃત કોણે સમજાવ્યું?
૩. બાપાશ્રીએ સ્વામીને શી આજ્ઞા કરી?
૪. સ્વામીએ બાપાશ્રી પાસે બીજી કઈ આજ્ઞા માંગી?
૫. બાપાશ્રીએ તેના માટે શું કહ્યું?

### નીચેની ખાલી જગ્યા પૂરો

૧. ભવિષ્યમાં ——— જીવો ——— કેવી રીતે સમજશે?
૨. ——— સભામાં બાપાશ્રીને દરરોજ પ્રશ્નો પૂછે બાપાશ્રી તેના ——— ભાષામાં ઉત્તર આપે.
૩. વચનામૃતથી ——— સરસ તૈયાર થશે.
૪. વાતો બહુ સારી થાય છે. માંહી નકરો ——— ચાલ્યો આવે છે.

●

## ૫૦ દરેકને કલ્યાણના આશીર્વાદ

સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી બાપાશ્રીની વાડીમાં બેઠા હતા.

બાપાશ્રી વિચાર કરતા હતા.

ઈશ્વરચરણદાસજી સ્વામીએ પૂછ્યું, 'બાપા, શું વિચારો છો?'

બાપાશ્રી કહે, 'કાળી તલાવડીએ મહારાજે મારા માતુશ્રીને દર્શન આપ્યાં હતાં. એ જગ્યા પ્રસાદીની છે.'

વૃંદાવનદાસજી સ્વામી કહે, 'હા બાપા. ત્યાં જઈએ ત્યારે મનમાં શાંતિ-શાંતિ થઈ જાય છે.'

બાપાશ્રી કહે, 'અમે વિચારીએ છીએ કે, ત્યાં છત્રી કરાવીએ. જેથી ભવિષ્યમાં પણ બધા એ સ્થાનનાં દર્શન કરવા આવે.'

સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા, વિચાર ઉત્તમ છે. આ કાર્યમાં વાર ન કરાય.'

બાપાશ્રી કહે, 'તો કામ શરૂ કરી દઈએ.'

છત્રી બનાવવાનું કાર્ય શરૂ થયું.

હરિભક્તો સેવા કરે.

થોડા વખતમાં છત્રી તૈયાર થઈ ગઈ.

સ્વામી કહે, 'બાપા, આ નિમિત્તે યજ્ઞ કરીએ.'

બાપાશ્રી કહે, 'મારો પણ એવો જ વિચાર હતો.

યજ્ઞનો દિવસ નક્કી થઈ ગયો.

ગામે ગામથી લોકો આવ્યા.

હરિભક્તો સેવા કરે અને કથા સાંભળે.

સ્વામી કહે, ‘આ છત્રી કરવામાં બધાએ બહુ સેવા કરી છે. બાપા, બધાને આશીર્વાદ આપો.’

બાપાશ્રી કહે, ‘આ સ્થાન મહાપ્રસાદીનું છે. આ યજ્ઞમાં જે હરિભક્તો આવેલા છે, પશુ-પંખી, મનુષ્ય વગેરે જે સેવામાં આવ્યા હશે તે બધાનું અને વિમાનમાં બેસી અંતરિક્ષથી જે-જે અધિકારી દેવો દર્શન કરી ગયા હશે તે સર્વેનો છેલ્લો જન્મ ! એ બધાને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું !!’

બધા ખુશ થઈ ગયા.

સ્વામી કહે, ‘બાપા, ભવિષ્યમાં જે જીવો દર્શન કરવા આવશે તેમને પણ અત્યારથી જ આશીર્વાદ આપી દોને?’

બાપાશ્રી કહે, ‘આજે અમે બહુ રાજી છીએ. લો તેમને પણ આશીર્વાદ આપીએ. હવે પછી આ ઠેકાણે આ પ્રસાદી સ્થાન તથા ચરણારવિંદના જે કોઈ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે દર્શન કરશે તથા આ જગ્યા ઉપરથી પક્ષી ઊડીને જશે તે સર્વનો પણ આત્યંતિક મોક્ષ કરીશું !!!’

સ્વામી કહે, ‘વાહ! બાપા વાહ! ધન્ય છે તમને. આવા આશીર્વાદ આજ દિન સુધી કોઈએ આપ્યા નથી.’

વૃંદાવનદાસજી સ્વામી કહે, ‘બાપા, તમે દરેક જીવનું કલ્યાણ સોંઘું કરી દીધું.’

ત્યાં હાજર રહેલા આ અદ્વિતીય આશીર્વાદ પામી ધન્ય બની ગયા.

→ અનાદિમુક્તના આશીર્વાદ અખંડ રહે છે.

→ બાપાશ્રી હંમેશાં દરેક જીવનું કેમ ભલું થાય તે જ જોતાં. એ જ વિચારતા કે, જીવો ભગવાન પાસે કેવી રીતે પહોંચે. તેમનું દરેક વર્તન, કાર્ય જીવના કલ્યાણ માટે જ હતું.

## સ્વાધ્યાય

### નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. બાપાશ્રીએ શો વિચાર કર્યો હતો?

૨. સેવકોને બાપાશ્રીએ શા આશીર્વાદ આપ્યા?

૩. ભવિષ્યના જીવોને બાપાશ્રીએ કેવા આશીર્વાદ આપ્યા?

### નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ——— એ મહારાજે મારા માતુશ્રીને દર્શન આપ્યા હતા એ જગ્યા——— ની છે.

૨. અમે વિચારીએ છીએ એ જગ્યાએ——— કરાવીએ.

૩. જે જીવો દર્શન કરી ગયા હશે એ સર્વેનો ——— અને એ બધાને ——— મૂર્તિમાં લઈ જઈશું.

૪. આ જગ્યા પરથી ——— ઊડીને જશે તે સર્વેનો પણ —— -કરીશું.

### કોણ બોલે છે.

૧. ત્યાં જઈએ છીએ તો શાંતિ-શાંતિ થઈ જાય છે.

૨. બાપા, વિચાર ઉત્તમ છે આ કામમાં વાર ન કરાય.

# ૫૧ લીલા સમાપ્તિ

બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો છે.
સેવકો સેવા કરે છે.
કેટલાય દિવસ થયા બાપાશ્રીને સારું થતું નથી.
સેવકો ચિંતા કર્યા કરે.
બાપાશ્રી કહે, ‘બધા ઘરે જાઓ મને સારું છે.’
સેવક પ્રેમજી એકલો રહ્યો.
બાપાશ્રી પ્રેમજીને કહે, ‘પ્રેમજી હું તને એક વાત કહું છું.’
પ્રેમજી કહે, ‘કહો બાપા.’
બાપાશ્રી કહે, ‘તારે કોઈને વાત કરવાની નહિ.’
પ્રેમજી કહે, ‘નહિ કહું બાપા.’
બાપાશ્રી કહે, ‘મને વચન આપ.’
પ્રેમજીને મનમાં ફાળ પડી.
પ્રેમજી કહે, ‘બાપા આવું કેમ કહો છો?’
બાપાશ્રી કહે, ‘તું મને વચન આપ.’
પ્રેમજી કહે, ‘વચન આપું છું.’
બાપાશ્રી કહે, ‘ભગવાને મને જે કાર્ય માટે મોકલ્યો હતો તે પૂરું થઈ ગયું છે.’
પ્રેમજી કહે, ‘બાપા, આ શું કહો છો?’
બાપાશ્રી કહે, ‘મહારાજે મને તેમનો મહિમા સમજાવવા અને જીવોના કલ્યાણ કરવા મોકલ્યો હતો. તે પૂરું થયું. હવે હું મહારાજની મૂર્તિમાં લીન થઈ જઈશ.’

પ્રેમજી રડવા લાગ્યો.

બાપાશ્રી કહે, 'પ્રેમજી બચ્ચા! કેમ રડે છે? મારો દેહ નહિ રહે, પરંતુ હું તો મહારાજ સાથે અખંડ રહ્યો છું.'

પ્રેમજી કહે, 'બાપા, તમે છો તો બધાને મહારાજ ઓળખાવો છો. આશીર્વાદ આપો છો. પછી અમારું શું થશે?'

બાપાશ્રી કહે, 'હું ક્યાં જાઉં એવો છું. મહારાજ સાથે રહી બધાને આશીર્વાદ આપીશ.'

પ્રેમજી કહે, 'સ્વામી ઈશ્વરચરણદાસજી અને વૃંદાવનદાસજીને તો ખબર આપવા જોઈએ ને?'

બાપાશ્રી કહે, 'પ્રેમજી, તેં મને વચન આપ્યું છે.'

પ્રેમજી કહે, 'બાપા, મારાથી એમ કેમ રહેવાય?'

બાપાશ્રી કહે, 'મહારાજની મરજી હશે તેમ થશે. તારે ચૂપ રહેવાનું.'

પ્રેમજી આખી રાત રડતો રહ્યો.

સવાર પડી.

પ્રેમજીની આંખો રડી-રડીને સોજી ગઈ હતી.

બાપાશ્રીના પુત્રો પ્રેમજીને પૂછે, 'પ્રેમજી શું થયું?'

પ્રેમજી કાંઈ બોલ્યો નહિ. તેની આંખમાં આંસુ આવી ગયા.

કાનજીભાઈ કહે, 'બાપા, પ્રેમજીને શું થયું?'

બાપાશ્રી કહે, 'હવે અમે આ દેહે નહિ દેખાઈએ તે જાણી તેને દુ:ખ થાય છે.'

કાનજીભાઈ કહે, 'બાપા, અમને બધાને તમારી જરૂર છે.'

તેઓ પણ રડવા લાગ્યા.

બાપાશ્રી કહે, 'અમે હવે મહારાજમાં રહી તમારી પ્રાર્થના

સાંભળીશું.'

કાનજીભાઈ કાંઈ બોલી શક્યા નહિ.

બાપાશ્રીએ તબિયત વધારે બગડી હોય તેવું દેખાડ્યું.

કાનજીભાઈએ હાથ પકડ્યો. ખાટલા પર બેસાડ્યા.

બાપાશ્રી ધ્યાનમાં ઊતરી ગયા.

છેલ્લે દિવસે રાત્રે થોડા હરિભક્તો જ બાપાશ્રી પાસે હતા.

બાપાશ્રીએ આંખો ખોલી.

બધાએ બાપાશ્રીને ચાંદલો કર્યો.

બાપાશ્રીએ બધાને છેલ્લા જન્મના અને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા.

બાપાશ્રી ધ્યાનમાં બેસી ગયા.

હરિભક્તો ધૂન કરવા લાગ્યા.

બધા ધૂન બોલતા રહ્યા.

બાપાશ્રી ભગવાનની મૂર્તિમાં જોડાઈ ગયાં. (સં. ૧૯૮૪ અષાઢ સુદ - ૫ ને શુક્રવાર, તા. ૨૨-૬-૧૯૨૮)

હરિભક્તો અશ્રુભીની આંખે બાપાશ્રીના દર્શન કરતા રહ્યા.

---

→ મહારાજના અનાદિમુક્ત કયારેય જતા આવતા નથી. મહારાજની મૂર્તિમાં સદાય સાથે જ રહે છે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. બાપાશ્રી પ્રેમજીને કઈ વાત કહેવાના હતા?

૨. પ્રેમજી શા માટે રડવા લાગ્યો?

૩. બાપાશ્રીએ પ્રેમજીને શું સમજાવ્યું?
૪. અત્યારે બાપાશ્રી કેવી રીતે આશીર્વાદ આપે છે?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બાપાશ્રીએ —— ગ્રહણ કર્યો હતો.
૨. પ્રેમજીને મનમાં —— પડી.
૩. —— એ મને જે કાર્ય માટે મોકલ્યો છે તે —— થઈ ગયું છે.
૪. મારો —— નહિ રહે, પણ હું તો—— સાથે અખંડ રહ્યો છું.
૫. બાપાશ્રીએ બધાને ——— જન્મના અને ———માં રાખવાના આશીર્વાદ આપ્યા.

**યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧. કરવા મને અને હતો મહિમા તેમનો મહારાજે કલ્યાણ સમજાવવા જીવોના મોકલ્યો.
૨. પ્રાર્થના રહી તમારી અમે સાંભળીશું હવે મહારાજમાં.

●

# ૫૨ જીવતરનું ઘડતર

સ્વામી ઈશ્વરચરણદાસજી બધાને સાંત્વના આપતા હતા.
બધા શાંત થઈ સાંભળતા હતા.
દૈહિક રીતે હવે બાપાશ્રી રહ્યા ન હતા.
ગામે-ગામથી બાળકો પણ આવ્યા હતાં.
કરસન રડતા-રડતા કહે, ‘બાપા ક્યાં ગયા? મારે તેમને મળવું છે.’
સ્વામી કહે, ‘બેટા! કરસન, રડ નહિ. બાપાશ્રી ક્યાંય ગયા નથી. મહારાજની સાથે રહી તમને જુએ છે.’
રૂડો કહે, ‘તો પછી બાપા અમને બોલાવતા કેમ નથી? અમારી સાથે વાત ક્યાં કરે છે?’
બોલતા-બોલતા રૂડો હીબકે ચડી ગયો.
બધા બાળકો રડવા લાગ્યા.
સ્વામી કહે, ‘કોઈ રડો નહિ. બાપાશ્રીએ તમને જે શીખવ્યું હોય તે પ્રમાણે રહેવાનું. તમને યાદ છે? બાપાશ્રીએ તમને શું શું શીખવ્યું તે?’
કરસન કહે, ‘બાપા મને કહેતા ભગવાનને સદાય યાદ કરવા.’
રૂડો કહે, ‘બાપા મને કહેતા કોઈ કામ કરીએ તેમાં ભગવાનને સાથે રાખી કરવું.’
તેજો કહે, ‘બાપાએ મને કહ્યું હતું જુઠ્ઠું ક્યારેય ન બોલવું.’
સ્વામી કહે, ‘બાપાએ જેમ કહ્યું છે તેમ કરીએ તો બાપા રાજી થાય. તમને બધાને આજે પણ આશીર્વાદ આપે.’

લક્ષ્મી કહે, ‘બાપા મને કહેતા સ્વાર્થવૃત્તિ ન કરાય, દયાભાવ રાખવો, બધાની સેવા કરવી.’
કેસરો કહે, ‘બાપાએ મને કહ્યું હતું ભણવા જઈએ ત્યારે વિચારવાનું કે, ભગવાન આપણી સાથે ભણે છે, પરીક્ષા આપે છે.’
કુંવરજી કહે, ‘બાપાએ મને કહ્યું હતું ભગવાનની આજ્ઞા બરાબર પાળવી.’
તેજો કહે, ‘મને બાપા શીખવતા, દરેકનું માન જાળવવું. કોઈને દુ:ખ થાય તેવા વાણી-વર્તન ન રાખવાં.’
ખીમજી કહે, ‘બાપાશ્રીએ મને શીખવ્યું, બધા સાથે સંપીને રહેવું. ઈર્ષા અને વેરવૃત્તિ ન રાખવી. દાસભાવ રાખવો, નિર્માની થઈ રહેવું. ત્યારથી હું એમ જ રહેવાનો પ્રયત્ન કરું છું.’
ભીમજી કહે, ‘બાપાએ મને કહ્યું હતું કોઈ જાતના ખરાબ વ્યસન ન કરવાં, સંતનો સમાગમ કરવો. સોબત સારી રાખવી. હવે મને કોણ પ્રેમથી સમજાવશે?’
ભીમજી રડી પડ્યો.
તેને રડતો જોઈ બધાની આંખમાં આંસુ આવી ગયાં.
સ્વામીને એક વાતનો સંતોષ થયો કે, બાપાશ્રીએ તેમને જે શીખવાડ્યું છે તે તેમને બધાને યાદ છે અને બધા તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કરે છે.
સ્વામી કહે, ‘રડો નહિ. અંતરના ખરા ભાવથી પ્રાર્થના કરીએ તો બાપાશ્રી જરૂર સાંભળે. ભગવાનની સાથે બાપાશ્રીને પણ પ્રાર્થના કરવી. બાપાશ્રીને બાળકો બહુ વહાલા છે. તેઓ બાળકોની પ્રાર્થના તરત સાંભળે છે.’

સ્વામીના આવા વચનથી બાળકોને થોડી શાંતિ થઈ. ભગવાનની મૂર્તિ આગળ જઈ ભગવાન સાથે બાપાશ્રીને પ્રાર્થના કરવા લાગ્યા.

---

**શબ્દનો અર્થ**

સાંત્વના = દિલાસો

દૈહિક = શારીરિક

→ શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તના વચન અદ્ધરથી ઝીલવા. હેઠા પડવા ન દેવા.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. સ્વામી શા માટે બધાને સાંત્વના આપતા હતા?

૨. સ્વામીએ બાળકોને કેવી રીતે રહેવા કહ્યું?

૩. બાપાશ્રીએ કરસનને શું શીખવ્યું હતું?

૪. બાપાશ્રીએ કેસરાને શું શીખવ્યું હતું?

૫. બાપાશ્રીએ ભીમજીને શું શીખવ્યું હતું?

૬. બાપાશ્રીએ લક્ષ્મીને શું શીખવ્યું હતું?

**નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. બેટા કરસન! રડ નહિ ——— ક્યાંય ગયા નથી ——— ની સાથે રહી તમને જુએ છે.

૨. બાપાએ મને કહ્યું હતું ——— ક્યારેય ન બોલવું જોઈએ.

૩. બાપા તમને બધાને આજે પણ ——— આપે છે.

૪. બાપાએ મને કહ્યું હતું ભગવાનની ——— બરાબર પાળવી.

**કોણ બોલે છે.**

૧. બાપાએ જેમ કહ્યું હતું તેમ કરીએ તો બાપા રાજી થાય.

૨. બાપા અમને બોલાવતા કેમ નથી?

૩. બાપા કહેતા સ્વાર્થવૃત્તિ ન કરાય. દયાભાવ રાખવો.

**વાક્યમાં વાપરો.**

સાંત્વના, આશીર્વાદ, અખંડ

●

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

"બાપાશ્રીએ પ્રગટ થઈ વિલક્ષણ ચરિત્રો
એટલા માટે કર્યાં કે બીજા જીવો આકર્ષાઈને આવે
અને મહારાજને ઓળખે."

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com